# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 26.00 |
| સુરત | 31.00 | 26.00 |

પેજ 5



જોઈન્ટમાં હોમ લોન લીધી હોય અને એકનું મોત થઈ જાય તો EMI કોણ....

03 SEPTEMBER-2026 THURSDAY

OBC ક્રીમીલેયર અંગે કેન્દ્રને ઝટકો, પગારના આધારે અનામતથી વંચિત .....



પેજ 10

વર્ષ-15 । અંક-290 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા "હોટફિક્સનો ધંધો નહીં, હોટફિક્સનો કચરો હટાવો..." મુદ્દે સભા યોજાઈ

સુરત | સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા "હોટફિક્સનો ધંધો નહીં, હોટફિક્સનો કચરો હટાવો" મુદ્દે સભા યોજાઈ હતી. આ સભામાં પ્રદેશ ઉપાધ્યક્ષ રામભાઈ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરી, પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ, સુરત લોકસભા ઈનચાર્જ વિપુલ સુહાગીયા, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, કોર્પોરેટરો રચના હીરપરા, અસ્મિતા ધોરાજીયા, પંકજ ચાવડા, સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયા સહિત પ્રદેશ અને શહેર સંગઠનના હોદેદારો તેમજ માજી કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.આ સભામાં પ્રદેશ ઉપાધ્યક્ષ રામભાઈ ધડુકે લોકો સમક્ષ જણાવ્યું હતું કે, અમને ખૂબ દુ:ખ થાય છે જ્યારે એસએમસીના લોકો પોલીસ સાથે મળીને લોકોને નોટિસ આપવા જાય છે. કામરેજના ધારાસભ્ય અને આરોગ્ય મંત્રીને અમે સવાલ કરવા માંગીએ છીએ કે શું લોકોના ધંધા બંધ કરવા માટે લોકોએ તમને વોટ આપ્યા છે? અમે પ્રજા માટે તાકાતથી લડીશું. અમે કોઈ કેસ કે પોલીસથી ડરતા નથી. પ્રફુલભાઈને મારે એટલું જ કહેવું છે કે ગઈકાલે અમે કહ્યું એમ તમે તમારું વલણ સ્પષ્ટ કરો, જ્યારે તમે મીઠી મીઠી વાત કરીને લોકોને ભોળવતા હોવ છો એ ધીમું ઝેર છે. લોકો સાથે અમે છળ અને કપટ નહીં થવા દઈએ. અઠવાડિયામાં જો નોટિસો પરત લેવામાં નહીં આવે અને જો હવે કોઈને નોટિસ આપવા ગયા છો તો અમે કોઈને માફ નહીં કરીએ અને પૂરી તાકાતથી લડીશું.સુરત લોકસભા ઈનચાર્જ વિપુલ સુહાગીયાએ લોકો સમક્ષ જણાવ્યું હતું કે, હોટફિક્સના ધંધા સાથે આપનો વિસ્તાર જોડાયેલો છે.લોકો આનાથી રોજગારી મેળવે છે અને ભાજપના લોકો તેના



પર તરાપ મારવા માંગે છે. મનપામાં ગત વખતે અમે કચરો ઉઠાવવા માટે ટ્રેક્ટર શરૂ કરાવ્યા હતા પરંતુ હવે જેવી 115 સીટો આ લોકોને આપી એવા આ ટ્રેક્ટર બંધ કરી દેવામાં આવ્યા તો હવે લોકો જે કામ ધંધો કરે એનો કચરો ક્યાં નાખે એટલા માટે લોકો કચરો રોડ પર નાખવા માટે મજબૂર બન્યા. કચરાનો નિકાલની જગ્યાએ આ લોકોએ લોકોના વેપાર ધંધાને નોટિસ આપવાનું શરૂ કર્યું. આ સરકારમાં ઔકાત નથી કે તેઓ લોકોને રોજગારી આપી શકે અને જે લોકો પોતાની રીતે વેપાર ધંધો કરે છે એમના ધંધા પર ભાજપના લોકો તરાપ મારવા નીકળ્યા છે.પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણે લોકો સમક્ષ જણાવ્યું હતું કે, જે લોકો સિસ્ટમમાં રહીને એક નંબરનો વેપાર કરે એ લોકોએ ડરવાનું અને આપણી આસપાસ જે લોકો દારૂ અને ડ્રગ્સ વેચે છે એ લોકોને કોઈનો ડર નથી. પ્રદૂષણના નામે લોકોના વેપાર ધંધા બંધ કરવા આ લોકો નીકળ્યા છે. સૌથી મોટું પ્રદુષણ ખાડીનું છે. આજે ખરાબ પાણી મળી રહ્યું છે નકલી દૂધ મળી રહ્યું છે આવી અનેક સમસ્યા છે પરંતુ આરોગ્ય મંત્રીને આને કંઈ પડી નથી. લોકોના વેપાર ધંધા સાફ કરવા માટે તમને 115 સીટો આપી છે?. સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયાએ લોકો સમક્ષ જણાવ્યું હતું કે, સુરતમાં હોટફિક્સનો ધંધો કરી રહેલા નાના નાના વેપારીઓને ખૂબ જ તકલીફ પડી રહી છે પોતાના ઘરે અને નાની દુકાનમાં પોતાનો ધંધો રોજગાર ચલાવી રહ્યા છે. અને એનો જે કચરો નીકળે છે એ કચરો એસએમસીની ગાડી લઈ જતી નથી, સૌ લોકો માંગ કરી રહ્યા છે કે આ કચરાનો નિકાલ થવો જોઈએ પણ કચરાનો નિકાલ કરવાની જગ્યાએ તમામ નાના નાના લોકોને નોટિસ આપવામાં આવે છે. આ તમામ લોકો સાથે આમ આદમી પાર્ટી મજબૂતી ઊભી છે.વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણીએ લોકો સમક્ષ જણાવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીયલ એરિયામાંથી 10 ગણો ટેક્સ લો છો તો ત્યાં દસ ગણી સફાઈ પણ આપો એ આમ આદમી પાર્ટીની માંગ છે. હોટફિક્સનો જે કચરો છે એનો કાયમી નિકાલ થવો જોઈએ. જે કામ અશક્ય લાગતા હતા એવા કામ અમે વિપક્ષમાં હતા ત્યારે પાંચ વર્ષ સુધી કરાવતા હતા, 2026ની કોર્પોરેશનની ચૂંટણી પતી એ પછી સુરતમાં કચરાના થરના થર જામ્યા છે.

# દુષ્કાળ જાહેર કરવા મુદ્દે આમ આદમી પાર્ટીએ રાજકોટ કલેક્ટરને સોંપ્યું આવેદનપત્ર



અમદાવાદ | આજે આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર સંગઠન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. રાજકોટ શહેર પ્રમુખ રાજેશ ડાંગરિયાની આગેવાનીમાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ મળીને ખેડૂતો અને પશુપાલકો માટે રાહત પેકેજ જાહેર કરવા તથા દુષ્કાળ જાહેર કરવા મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું હતું. આ આવેદનપત્રમાં શહેર પ્રમુખ રાજેશ ડાંગરિયાએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં આ વર્ષે ઓછા વરસાદના કારણે અનાવૃષ્ટિ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે, તેના કારણે ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે અને ખેતી ઉત્પાદન પણ ઘટ્યું છે. જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ હાલ અત્યંત નાજુક બની છે. સાથે સાથે પશુઓ માટે ઘાસચારો અને પાણીની તીવ્ર કટોકટી સર્જાઈ છે.આવી પરિસ્થિતિમાં ખેડૂતોને તથા પશુપાલકોને તાત્કાલિક સહાય ચૂકવીને રાહત આપવામાં આવે એ અત્યંત જરૂરી બની ગયું છે. આવેદનમાં આમ આદમી પાર્ટીએ વિનંતી કરી હતી કે રાજકોટ જિલ્લાના તમામ અસરગ્રસ્ત તાલુકાઓમાં અનાવૃષ્ટિ જાહેર કરવામાં આવે અને ખેડૂતોને તાત્કાલિક ધોરણે યોગ્ય પેકેજ દ્વારા સહાય ચૂકવવામાં આવે, સૌની યોજનાનું પાણી પૂરું પાડવામાં આવે તેમ જ પશુપાલકોને પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવે. આશા છે કે આપ ખેડૂતો માટે યોગ્ય કાર્યવાહી કરશો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયા ખાતે દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ કાર્યક્રમ હેઠળ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સત્યાગ્રહ પર બેઠા છે તેમને આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર સંગઠન તેમજ સંપૂર્ણ જિલ્લો સમર્થન જાહેર કરે છે.

# સાબરકાંઠા - પોશીના તાલુકામાં ફરી એકવાર ખાણ-ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરતાં AAP ના સાબરકાંઠા જિલ્લા પંચાયત સભ્ય મુકેશ ડાભી

અમદાવાદ | સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં બેફામ રીતે ચાલતા ગેરકાયદેસર ખાણ-ખનીજના ખનન અને વહનને લઈને ફરી એકવાર સ્થાનિક લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે આ મામલે સાબરકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય મુકેશભાઈ ડાભી દ્વારા કડક વલણ અપનાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગત મુજબ પોશીના તાલુકાના અંતરિયાળ વિસ્તારો અને નદીના પટમાં રાત-દિવસ ખનીજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. ભારે વાહનોના કારણે ગ્રામ્ય રસ્તાઓ તૂટી રહ્યા છે, પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે અને સરકારને લાખો રૂપિયાની મહેસૂલી ખોટ જઈ રહી છે.આ અંગે જિલ્લા પંચાયત સદસ્ય મુકેશ ડાભીએ જણાવ્યું હતું કે, 'આદિવાસી વિસ્તારની કુદરતી સંપત્તિ લૂંટાવા દેવામાં નહીં આવે. અમે અગાઉ પણ પોશીના તાલુકામાં ખનીજ માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાવી હતી તેમાં વાહનો સિજ કરાવી દંડ વસુલાત કરાવ્યા હતા. ફરી એક વખત ખનીજ માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાવી વાહન પોલીસ સ્ટેશનમાં સિજ એટલે કે જપ્ત કરાવીને દંડની પ્રોસેસ પ્રક્રિયા ચાલુ કરી હતી પણ જો વિસ્તારમાં ખનીજ માફિયાઓ કાયદાના નીતિ નિયમો મુજબ પાલન કરીને ધંધો કરશે નહીં, તો અમે બેદરકારી ચલાવીશું નહિ. તેમણે આ બાબતે સંબંધિત ખાણ-ખનીજ વિભાગ, મામલતદાર અને કલેકટરને ટેલિફોનિક-લેખિતમાં ફરિયાદ કરી ગેરકાયદેસર લીઝોની તપાસ, ઓવરલોડ વાહનો પર કાર્યવાહી અને જવાબદારો સામે કડક કાયદેસરના પગલા લેવાની માંગ કરી છે.

# "દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ" અંતર્ગત ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ પ્લાન B ની કરી જાહેરાત

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈશુદાન ગઢવીએ ખંભાળિયા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ જે પાંચ દિવસથી ચાલે છે, તે મુદ્દે આગળ અમે આજે પ્લાન બી જાહેર કરવા જઈ રહ્યા છીએ. હવે આ સત્યાગ્રહ ૧૦૮ અછતગ્રસ્ત તાલુકાઓના સેંકડો ગામોમાં જશે, અમારી ૧૦૮ ટીમ બની છે અને તાલુકાની ૧૦૦ લોકોની ટીમ છે, અને સાથે સાથે ગામની પણ અલગ ટીમ બનશે. ગામની ટીમ ગામમાં સત્યાગ્રહ કરશે કારણ કે તે કહેતા હતા કે "તમે ગામમાં આવો". અમને લોકો સાબરકાંઠા, કચ્છ સહિત અનેક જિલ્લાઓમાં બોલાવી રહ્યા છે તો અમારી ટીમો ત્યાં જશે. આ દરેક મિટિંગમાં અમારી ટીમો ખેડૂતની દુષ્કાળની અરજી ભરાવીશું. અમે ૧ ઓક્ટોબર સુધી આ અરજીઓ ભરાવીશું અને બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીના દિવસે ગાંધીનગરમાં 'ચાલો ગાંધીનગર' નારા સાથે સત્યાગ્રહ થશે. ત્યારબાદ ખેડૂતોએ કરેલી લાખો સહીઓનું પોટલું સરકાર સમક્ષ રજૂ કરાશે. અમે સરકારને કહીશું કે આ લાખો ખેડૂતોની અને પશુપાલકોની અરજીઓ છે તો એને તમે યોગ્ય ન્યાય અને વળતર આપો.વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, અમે તમામ લીડરો અને આગેવાનો એમ તમામ લોકો ગામડાઓમાં જઈશું, મીટીંગો કરશે અને હું પણ લગભગ તમામ અછતગ્રસ્ત જિલ્લાઓમાં પહોંચીશ. સરકાર એવા પણ નાટક કરે છે કે સેટેલાઈટ સર્વે કરશે, આ સર્વે કરશે, તે સર્વે કરશે ત્યારે અમે આ બતાવીશું કે ખેડૂતોએ પહેલેથી જ ફોર્મ ભરેલા છે અને જે ખેડૂતોએ ફોર્મ ભર્યું હશે એને રાહત મળે એ આપણા સૌની ફરજ છે. એટલે અમે સરકાર



સમક્ષ લાખો ફોર્મ મૂકીને અમારી રજૂઆત મુકીશું. ખેડૂતોના ખાતામાં જ્યાં સુધી સહાયની રકમ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. પ્લાન બી પછી પણ અમે સરકારને અલ્ટીમેટમ આપીશું અને સરકાર દુષ્કાળ જાહેર નહીં કરે તો પછી અમે પ્લાન સી જાહેર કરીશું.દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આ સરકાર ક્યારે જાગશે? કોઈ આત્મહત્યા કરી લે ત્યારે જાગશે? આવું કંઈ ન થાય એટલા માટે અમે અત્યારે સત્યાગ્રહ પર બેઠા છીએ. અમારી એ જ માંગ છે કે ફક્ત દુષ્કાળ તો જાહેર કરો જેથી કરીને ખેડૂતો અને પશુપાલકો માટે રાહતના પગલાં લઈ શકાય. સત્તામાં બેસેલા લોકોની ભગવાન કસોટી લઈ રહ્યા છે. ૩૦ વર્ષ પહેલા ખેડૂતોના મતથી જીતી હતી આ એ ભારતીય જનતા પાર્ટી હવે નથી રહી. આજે એવા લોકો સત્તામાં બેઠા છે જે લોકોનું કામ માત્ર વેપાર કરવાનું છે. આ લોકોને પ્રજાની સમસ્યામાં રસ નથી, એ લોકોને ફક્ત ટેન્ડરમાં કે પાંચ પૈસાની આવકમાં પોતાનું ઘર ભરવાના કામમાં લાગેલા છે. આ સત્યાગ્રહ ફક્ત દુષ્કાળ જાહેર કરવાનું નથી પરંતુ ખેડૂત વિરોધી ભાજપ વિરોધનું સત્યાગ્રહ છે. અનેક મુદ્દાઓથી હવે આપણે આ સરકારથી થાક્યા છીએ માટે આવનારા સમયમાં આપણે તમામ લોકોએ એક થવું પડશે અને જાતિ જ્ઞાતિ ભૂલીને ભાજપને ભગાડવાનું કામ કરવું પડશે. આજે તમામ સમસ્યાઓનું કેન્દ્ર હોય તો તે ભાજપ છે. કોઈ જગ્યાએ થાંભલાનું આંદોલન ચાલે, કોઈ જગ્યાએ ટીપીનું આંદોલન ચાલે, કોઈ જગ્યાએ ક્યાંક ઈકો ઝોન આંદોલન ચાલે છે, આપણને લાઠીઓ ખાવી પડે છે, જેલમાં જવું પડે છે. આટલા આંદોલનનો તો અંગ્રેજોના સમયમાં પણ લોકોએ કરવાની જરૂર પડી ન હતી અંગ્રેજો થોડા ભણેલા ગણેલા હતા પરંતુ હાલ તો આ અભણ લોકો છે અને એ લોકોને ભારતના વિકાસમાં રસ નથી, લોકોની પીડાઓમાં રસ નથી, એ લોકોને ફક્ત પોતાની સત્તા ટકાવી રાખવામાં રસ છે. જ્યાં સુધી આપણે આ લોકોને સત્તામાંથી કાઢીશું નહીં ત્યાં સુધી આ દેશનું ભલું થશે નહીં.

# ચોમાસાની ચટાકેદાર વાનગીઓ દાંત બગાડી શકે: સ્વસ્થ ઓરલ હાઈજીન અંગે જાણો ડો. સોનિયા દત્તાની મહત્વપૂર્ણ સલાહ

અમદાવાદ, સપ્ટેમ્બર 2026: ચોમાસાની ઋતુ એટલે કે ગરમ ચા, પકોડા, કુરકુરા ભજીયા, શેકેલી મકાઈ અને મીઠાઈઓ જેવા આરામદાયક ખોરાક અને વારંવાર નાસ્તો કરવાનો સમય. જ્યારે આ મોસમી વાનગીઓ વરસાદી મોસમની પરંપરાઓનો એક પ્રિય ભાગ છે, ત્યારે દંત ચિકિત્સકો ચેતવણી આપે છે કે જો યોગ્ય સંભાળ રાખવામાં ન આવે તો આ ઋતુ દરમિયાન વધતી નાસ્તો કરવાની ટેવ મોંના સ્વાસ્થ્ય (ઓરલ હેલ્થ) પર અસર કરી શકે છે. જાણીતા ડેન્ટલ પ્રેક્ટિશનર ડો. સોનિયા દત્તાના જણાવ્યા અનુસાર, ખાંડયુક્ત અને સ્ટાર્ચયુક્ત ખોરાકનું વારંવાર સેવન કરવાથી પ્લેક જામવા અને દાંતના સડાનું જોખમ વધી શકે છે. 'ચોમાસું અવારનવાર આપણી ખાવા-પીવાની ટેવોમાં ફેરફાર કરે છે. ઘણા લોકો મોસમની પ્રિય વાનગીઓની મજા માણતી વખતે આખો દિવસ વારંવાર નાસ્તો કરતા હોય છે. દર વખતે જ્યારે આપણે કંઈક ખાઈએ છીએ, ખાસ કરીને ખાંડ અને સ્ટાર્ચથી ભરપૂર ખોરાક, ત્યારે મોંમાં હાજર બેક્ટેરિયા એસિડ ઉત્પન્ન કરે છે જે દાંતના એનામલ પર હુમલો કરે છે. જ્યારે નાસ્તો કરવાનું વારંવાર બને છે, ત્યારે આ એસિડના હુમલા પણ વધુ થાય છે, જેનાથી કેવિટી (સડો) અને અન્ય મોંની સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધી જાય છે.'નિષ્ણાતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચોમાસાની વાનગીઓથી સંપૂર્ણપણે દૂર રહેવાની જરૂર નથી, પરંતુ દાંત અને પેઢાને સ્વસ્થ રાખવા સારી ઓરલ હાઈજીન જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.ડો. દત્તાએ ઉમેર્યું કે 'નાસ્તો કર્યા પછી મોં કોગળા કરીને સાફ કરવું, પર્યાપ્ત પ્રમાણમાં પાણી પીવું (હાઈડ્રેટેડ રહેવું) અને દિવસમાં બે વાર બ્રશ કરવા જેવી સરળ ટેવો મોંના સ્વાસ્થ્યનું રક્ષણ કરવામાં ઘણું મદદરૂપ થઈ શકે છે. નિયમિતતા ખૂબ મહત્વની છે, ખાસ કરીને ચોમાસા દરમિયાન જ્યારે આપણી ખાવા-પીવાની ટેવો બદલાતી હોય છે.'ડેન્ટલ નિષ્ણાતો વધુમાં દૈનિક ઓરલ કેર રૂટિનમાં વિશ્વસનીય ટૂથપેસ્ટનો સમાવેશ કરવાની ભલામણ કરે છે. લવિંગ અને સુંઠ જેવા વિશ્વસનીય આયુર્વેદિક ઘટકોથી સજ્જ ડાબર રેડ ટૂથપેસ્ટ સંપૂર્ણ મોંની સંભાળ પૂરી પાડવામાં મદદ કરે છે. લવિંગ તેના જીવાણુનાશક (જર્મ-ફાઈટિંગ) ગુણો માટે જાણીતું છે અને દાંતની અસ્વસ્થતામાંથી રાહત આપે છે, જ્યારે સુંઠ સોજો ઘટાડવામાં મદદ કરીને પેઢાને વધુ સ્વસ્થ બનાવે છે. ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન (IDA)ની સ્વીકૃતિની મહોર ધરાવતી ડાબર રેડ ટૂથપેસ્ટ ગ્રાહકોને તેમની દૈનિક ઓરલ કેરના ભાગરૂપે સ્વસ્થ દાંત અને પેઢા જાળવવા માટે એક અસરકારક આયુર્વેદિક ઉકેલ પૂરો પાડે છે.

# 3, 4 અને 5 સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર કેપિટલ-દ્વારકા વચ્ચે દોડશે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન





અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા જન્માષ્ટમી પર્વ દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર કેપિટલ અને દ્વારકા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ વિશેષ ટ્રેન 3, 4 અને 5 સપ્ટેમ્બર 2026ના રોજ બંને દિશામાં સંચાલિત થશે. ટ્રેન નંબર 09521/09522 ગાંધીનગર કેપિટલ-દ્વારકા અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન (કુલ 6 ફેરા), ટ્રેન નંબર 09521 ગાંધીનગર કેપિટલ-દ્વારકા સ્પેશિયલ ગાંધીનગર કેપિટલથી સાંજે 20:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 05:50 કલાકે દ્વારકા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09522 દ્વારકા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ દ્વારકાથી સવારે 06:50 કલાકે ઉપડશે અને 17:00 કલાકે ગાંધીનગર કેપિટલ પહોંચશે. મુખ્ય સ્ટોપેજ : આ વિશેષ ટ્રેન બંને દિશામાં ચાંદલોડિયા બી, આંબલી રોડ, વિરમગામ, લખતર, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, કાનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં તમામ જનરલ કેટેગરીના અનારક્ષિત કોચ હશે. ટ્રેનના માર્ગ,સમય,સ્ટોપેજ અને કોચની સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.




OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### બે મોપેડમાં સવાર 4 યુવકે છરીના 19 ઘા માર્યાં, રોડ પર લોહીનો રેલો ચાલ્યો; સોપારી આપ્યાની શંકા

# બ્રિજ પર બિલ્ડરની હત્યા કરી આરોપીઓ રોંગસાઈડમાં ભાગ્યા

(એજન્સી) સુરત | તા. 02


મૃતક ફૈસલ ઉર્ફે માંજરા હસન ફત્તાની તસવીર.

સુરતના ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર સોમવારે મોડી રાત્રે હત્યાની ઘટના બની હતી. જાણીતા જમીન દલાલ અને બિલ્ડર 55 વર્ષીય ફૈસલ ઉર્ફે માંજરા હસન ફત્તાની ચાર શખસોએ પીછો કરીને જાહેરમાં છરીના 19 ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. હુમલો એટલો ઘાતકી હતો કે ફૈસલના આંતરડા બહાર આવી ગયા અને આસપાસ લોહીની નદી વહી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.

અગાઉના પ્લાનિંગ મુજબ હત્યારાઓ પહેલેથી જ ફૈસલનો પીછો કરી રહ્યા હતા. એટલે કે બ્રિજ પર જતા પહેલા પીછો કરતા આરોપીઓના પણ CCTV સામે આવ્યા છે. બ્રિજ પર મોકો મળતાં જ આરોપીઓએ ફૈસલને ઘેરી પતાવી દીધો હતો. બાદમાં બે મોપેડ પર સવાર ચાર આરોપીઓ રોંગ સાઈડ પરથી પંડોળ તરફ નાસી છૂટ્યા હતા.

CCTV ફૂટેજમાં દેખાતી મોપેડના નંબરના આધારે ચોકબજાર પોલીસે બે આરોપીઓની ઓળખ કરી લીધી છે. ભાઠેના વિસ્તારમાં રહેતા વસીમ અને અભિષેક આ હત્યામાં સામેલ હોવાનું સામે આવ્યું છે. મોપેડના આધારે પોલીસ અભિષેકના સંબંધીના ઘરે પહોંચી હતી, જ્યાંથી ખુલાસો થયો હતો કે આ વાહન અભિષેક જ લઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને આશંકા છે કે જમીન વિવાદ અથવા નાણાકીય લેતીદેતીમાં સોપારી આપીને આ હત્યા કરાવવામાં આવી હોઈ શકે છે. મૃતક ફૈસલ ફત્તા જમીન દલાલી અને કન્સ્ટ્રક્શન ઉપરાંત ક્રિપ્ટોકરન્સીનો મોટો વેપાર કરતો હતો અને તેનું દુબઈ અવારનવાર આવવા-જવાનું રહેતું હતું. પોલીસે પરિવારજનોની પૂછપરછ હાથ ધરી હતી, જોકે પરિવારે તેના ધંધાકીય વ્યવહારો અંગે કોઈ ખાસ માહિતી ન હોવાનું જણાવ્યું છે. હાલ પોલીસે મૃતકના મોબાઈલ કોલ ડિટેઈલ રેકોર્ડ્સ કઢાવી તપાસ હાથ ધરી છે. હત્યા પાછળના માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવામાં મહત્વની કડીઓ મળવાની પૂરી શક્યતા છે.

ચોકબજાર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. ડી. રાતડાએ જણાવ્યું હતું કે હત્યાના આરોપીની ઓળખ કરી પકડી પાડવા માટે ચોકબજાર પોલીસ, ઝોન-3 એલસીબી, ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી.ની વિવિધ 10 ટીમો બનાવી તપાસ કરી રહી છે. જેમાં 300 સીસીટીવી ફૂટેજ ચેક કર્યા છે. આ સાથે 50 શંકાસ્પદોને ચેક કરી વિવિધ ટેક્નિકલ એનાલિસીસ કરી 3 આરોપીની ઓળખ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં આરોપીને પકડી પડાશે.

મૃતક 55 વર્ષીય ફૈસલ ઝકરીયા હસનફત્તા સુરતના રાંદેર, કોઝવે રોડ ખાતે આવેલી અલનુર રેસીડેન્સીમાં પોતાના પરિવાર સાથે રહેતો હતો અને જમીન-મિલકતની દલાલી અને કન્સ્ટ્રક્શનનું કામ કરતો હતો. તેના પરિવારમાં પત્ની ઉપરાંત ત્રણ સંતાનો છે.

જેમાં સૌથી મોટો 22 વર્ષીય પુત્ર જે ભાગાતળાવ સ્થિત સિલ્ક સાગર માર્કેટમાં કૌશલ ટેક્સટાઈલ નામે કાપડનો હોલસેલ વેપાર ચલાવે છે. જ્યારે એક પુત્રીના લગ્ન થઈ ચૂક્યા છે અને તે પતિ સાથે આફ્રિકામાં સ્થાયી થયેલી છે, તેમજ સૌથી નાની દીકરી 16 વર્ષની છે. આ ઉપરાંત, મૃતક ફૈસલે મારીયા નામની મહિલા સાથે બીજા લગ્ન પણ કર્યા હતા, જેનાથી તેને 10 વર્ષની અલીઝા નામની એક પુત્રી છે. વડોદરામાં પ્રેમિકાના મોબાઈલમાં વીડિયોકોલ આવતા પ્રેમીએ ધારિયાના ઘા મારી પતાવી દીધી

વડોદરાના વાઘોડિયાના ગુતાલ ગામના ખેતરની ઓરડીમાંથી 26 ઓગસ્ટ, 2026ના દિવસે મળી આવેલી મહિલાની સળગેલી લાશનો ભેદ ઉકેલાયો હતો. પ્રેમસંબંધમાં તકરાર થતા પ્રેમીએ જ હત્યા નિપજાવી હોવાનો ખુલાસો થયો હતો.

## સચિનમાં બે દુકાનમાં ભીષણ આગ

### વેસ્ટ ઓઈલના 2 ડ્રમ બ્લાસ્ટ થતાં પતરાં હવામાં ઊડ્યાં, 4 વાહનો બળીને ખાખ



સુરત | સુરતના સચિન વિસ્તારમાં ગભેણી ચોકડી પાસે આજે સવારે એક ભયાનક અગ્નિકાંડ સર્જાયો હતો. બસેરા નગર નજીક આવેલા ખુલ્લા પ્લોટમાં સ્થિત બે દુકાનોમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ગેરેજ અને અન્ય એક દુકાનમાં સંગ્રહિત વેસ્ટ ઓઈલથી ભરેલા બે ડ્રમ આગની ચપેટમાં આવી જતાં પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે દુકાનની છત પર લગાવેલા પતરાં હવામાં ઊછળીને દૂર જઈ પડ્યાં હતાં. પ્રચંડ અવાજથી આસપાસના રહીશો અને રાહદારીઓમાં ભારે ગભરાટ અને નાસભાગનો માહોલ સર્જાયો હતો.

આગ જોતજોતામાં એટલી ઝડપથી ફેલાઈ ગઈ હતી કે દુકાનની બહાર પાર્ક કરેલા વાહનો પણ તેની ઝપેટમાં આવી ગયાં હતાં. ઘટનાસ્થળે ઊભેલા ત્રણ આઈશર ટ્રક અને એક છોટા હાથી ટેમ્પો ક્ષણભરમાં બળીને રાખ થઈ ગયા હતા. વાહનોની સાથે દુકાનમાં રહેલો અન્ય કિંમતી સામાન પણ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો.

ફાયર ઓફિસર દિનેશ પટેલે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાના સાત અલગ-અલગ ફાયર સ્ટેશનમાંથી 9 ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આસપાસ આવેલા અન્ય ગોડાઉનો તરફ આગને વધતી અટકાવી હતી. આશરે એક કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો.

સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ માનવ જાનહાનિ નોંધાઈ નથી, જેથી તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. ઘટનામાં થયેલા કુલ નાણાકીય નુકસાન અને આગ લાગવાના ચોક્કસ કારણો અંગે ફાયર વિભાગે વધુ તપાસ હાથ ધરી છે.

## નંદેસરીની શબરી એન્જિનિયરિંગમાં આગ:પ્લાસ્ટિક વેસ્ટ બળીને ખાખ, આગ મુખ્ય પ્લાન્ટ સુધી ન પહોંચતા મોટી હોનારત ટળી



(એજન્સી) વડોદરા | તા. 02

વડોદરા નજીક આવેલા નંદેસરી ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત શબરી એન્જિનિયરિંગ કંપનીમાં આજે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કંપનીમાં એકત્રિત કરાયેલા પ્લાસ્ટિક વેસ્ટના જથ્થામાં આગ ભભૂકી ઊઠતા ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા આકાશમાં જોવા મળ્યા હતા. જોકે, આગ મુખ્ય પ્લાન્ટ સુધી ન પહોંચતા માત્ર વેસ્ટ મટિરિયલ પૂરતી સીમિત રહેવાના કારણે સદનસીબે એક મોટું નુકસાન ટળી ગયું હતું.

કંપની પરિસરમાં આવેલા ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક વેસ્ટનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં ગોડાઉનમાં રહેલી તમામ પ્લાસ્ટિક વેસ્ટ બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા. આગની જાણ થતાં જ નંદેસરી ફાયર બ્રિગેડ તેમજ નજીકની ખાનગી કંપનીઓની ફાયર ફાઈટર ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ટીમોએ સંયુક્ત કામગીરી કરી ભારે જહેમત બાદ ગણતરીની મિનિટોમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સમયસર આગ કાબૂમાં આવી જતાં સ્થિતિ થાળે પડી હતી, જ્યારે આગ શોર્ટ સર્કિટથી લાગી કે અન્ય કોઈ કારણસર તે અંગેનું ચોક્કસ કારણ હજુ અકબંધ રહ્યું છે.

## ‘મેડિકલમાં એડમિશન પાક્કું’ કહી 55 લાખ પડાવ્યા

(એજન્સી) વડોદરા | તા. 02

વડોદરા શહેરમાં મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની લાલચ આપી વિદ્યાર્થીના પિતા પાસેથી 55 લાખ રૂપિયા પડાવ્યા હતા. 5 આરોપીઓએ એડમિશનની ખાતરી આપી શરૂઆતમાં રૂ.10 લાખ બેંક મારફતે લીધા હતા અને ત્યારબાદ રૂ.45 લાખ રોકડા મેળવી લીધા હતા. જોકે, વિદ્યાર્થીને મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવામાં આવ્યું ન હતું. નાણાં પરત માંગતા આપવામાં આવેલા ચેક પણ બાઉન્સ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી આ મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલા અમૃતા પાર્કમાં રહેતા દિક્ષીત મુકેશકુમાર સુરેન્દ્રભાઈ (ઉં.વ. 56) એ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના પુત્ર શિવાંગે ધોરણ-12 સાયન્સનો અભ્યાસ કર્યો હતો અને તેને મેડિકલ ક્ષેત્રે વધુ અભ્યાસ કરાવવાનો હતો. આ દરમિયાન મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની જાહેરાત જોઈને ઓફિસ અંગેની માહિતી મળતાં એપ્રિલ-2019માં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ અજીતેષકુમાર સારંગી સહિતના વ્યક્તિઓએ ફરિયાદીનો સંપર્ક કરી તેમના પુત્રને મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની ખાતરી આપી હતી.

આરોપીઓએ એડમિશન માટે કુલ 60 લાખ રૂપિયા જેટલો ખર્ચ થશે તેમ જણાવી શરૂઆતમાં રૂ.10 લાખની માંગણી કરી હતી. ફરિયાદીએ યુનિયન બેંકના 3 ચેક મારફતે કુલ રૂ.10 લાખ ‘ઓરબીટલ કેરિયર’ના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ મેડિકલ એડમિશનની પ્રક્રિયા શરૂ કરી હોવાનું જણાવી મોબાઈલમાં કેટલાક લેટર પણ બતાવ્યા હતા. આ ઉપરાંત, મે-જૂન 2019 દરમિયાન આરોપીઓએ NEET પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું જણાવી વધુ રૂ.45 લાખ રોકડા તૈયાર રાખવા કહ્યું હતું. જેથી ફરિયાદીએ 45 લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. આમ કુલ રૂ.55 લાખ રૂપિયા આપ્યા હતા, ત્યારબાદ શિવાંગે NEETની પરીક્ષા આપી હતી. જોકે 2019માં એડમિશન ન થતાં આરોપીઓએ 2020માં એડમિશન પાકું થઈ જશે તેમ જણાવ્યું હતું.

## દેણા ચોકડી પાસે બોલેરોમાંથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો : 7.37 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો



(એજન્સી) રાજકોટ | તા. 02

વડોદરા શહેર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ઝોન-4ની ટીમે બાતમી આધારે સપાટો બોલાવી બે અલગ-અલગ દરોડા પાડ્યા છે. જેમાં કારેલીબાગ ઈન્દિરાનગર બ્રિજ ઝૂંપડપટ્ટી બહાર છૂટક ગાંજો વેચતી મહિલાને 164.40 ગ્રામ ગાંજા સાથે અને હરણી દેણા ચોકડી ખાતેથી બોલેરો પીકઅપમાં લવાતો 921 ક્વાટર વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી વાહનચાલકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે બંને કેસમાં વાહન, મોબાઈલ તથા નશીલા પદાર્થો મળી કુલ 7.37 લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર 4 વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા કવાયત તેજ કરી છે.

એલ.સી.બી. ઝોન-4ની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં કાર્યરત હતી, તે દરમિયાન બાતમીદારો પાસેથી મળેલ બાતમીઓના આધારે ટીમે તાત્કાલિક અલગ-અલગ ટુકડીઓ બનાવી ત્વરિત રેડનું આયોજન કર્યું હતું. જેમાં પ્રથમ કાર્યવાહી 1 નેશનલ હાઈવે તરફથી દેણા ચોકડી તરફ વિદેશી દારૂ ભરેલી બોલેરો પીકઅપ આવનાર હોવાની માહિતી હતી. આથી પોલીસે દેણા બ્રિજ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ પીકઅપ બોલેરોને કોર્ડન કરી અટકાવી હતી.

વાહનની તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના અલગ-અલગ બ્રાન્ડના 921 નંગ ક્વાટર જેની કિંમત 2,30,250 થાય છે.

### પોર્ટથી ગૃહ ઉદ્યોગો સુધી ફેલાયેલી ગેરકાયદે સપ્લાય ચેઈન તોડવા કવાયત, કસ્ટમ્સ અને પોર્ટ ઓથોરિટી સાથે મનપાનું સંકલન

# ચીનથી સુરતમાં ઠલવાતા ઝેરી પ્લાસ્ટિક સામે તંત્ર લાલઘૂમ...



(એજન્સી) સુરત | તા. 02

સુરત શહેરમાં હોટ ફિક્સ પ્લાસ્ટિક વેસ્ટનો ગંભીર મુદ્દો છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાનો વિષય બન્યો છે. મહાનગરપાલિકા માટે માથાના દુખાવા સમાન બની ચૂકેલા આ પ્રતિબંધિત પ્લાસ્ટિકને શહેરમાં ઘૂસતું અટકાવવા અને તેની સંપૂર્ણ સપ્લાય ચેઈન તોડી પાડવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. વિદેશથી, ખાસ કરીને ચીનથી આયાત થતો માલ બંદરો મારફતે શહેરમાં પહોંચ્યા બાદ સ્થાનિક વેપારીઓ દ્વારા વહેંચવામાં આવતો હોવાથી પાલિકા તંત્રે હવે કસ્ટમ્સ વિભાગ તેમજ પોર્ટ ઓથોરિટી સાથે સંકલન સાધીને કાર્યવાહી તેજ બનાવી છે.

શહેરમાંથી એકત્ર થતાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેસ્ટમાં 50 માઈક્રોનથી પણ ઓછી ગુણવત્તાવાળા પ્લાસ્ટિકનો મોટો જથ્થો સામે આવ્યો છે. આ હકીકત સામે આવતા જ મ્યુનિસિપલ કોર્પોરેશને સમગ્ર નેટવર્ક અને સપ્લાય ચેઈન પર પોતાની નજર કેન્દ્રિત કરી છે.

શહેરના વરાછા, સરથાણા, કાપોદ્રા, પુણા અને સીમાડા સહિતના ટેક્સટાઈલ તથા હીરા સાથે સંકળાયેલા વિસ્તારોમાં હોટ ફિક્સના ગૃહ ઉદ્યોગો ધમધમી રહ્યા છે, જ્યાં આ પ્લાસ્ટિકનો વ્યાપક ઉપયોગ થાય છે.

ચીનથી આયાત કરાતો આ વિવિધ પ્રકારનો માલ સુરતના વેપારીઓ સુધી પહોંચ્યા બાદ ગૃહ ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાય છે. શહેરમાં રોજબરોજ અસંખ્ય ટન પ્લાસ્ટિકનો જથ્થો ઠલવાઈ રહ્યો છે. કાપડ પર ડિઝાઈન માટે ચોંટાડવામાં આવતી ચીજવસ્તુઓ અને અન્ય પ્રક્રિયા બાદ મોટા પ્રમાણમાં વેસ્ટ પ્લાસ્ટિક પેદા થાય છે. આ કચરાના નિકાલ અને સંગ્રહને લઈ ગંભીર પર્યાવરણીય પ્રશ્નો ઊભા થયા છે.

પાલિકાનું માનવું છે કે, માત્ર સ્થાનિક વપરાશકર્તાઓ કે કચરો પેદા કરનારા વેસ્ટ જનરેટર્સ સામે કાર્યવાહી કરવાથી આ સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય નથી. તેથી તંત્રે પોર્ટ પર આવતા માલની વિગતો, કસ્ટમ્સ ક્લિયરન્સ અને શહેર સુધી પહોંચતી સપ્લાય કડીઓની તપાસ કરવા પોર્ટ અને કસ્ટમ્સ વિભાગ સાથે હાથ મિલાવ્યા છે. પ્રતિબંધિત પ્લાસ્ટિક સુરત શહેરમાં પ્રવેશે તે પહેલાં જ સીમા પર અટકાવી શકાય તે દિશામાં નક્કર પગલાં ભરવામાં આવી રહ્યાં છે.

### કોલાબા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર તરીકે ખોટી ઓળખ આપી 5 દિવસ ડિજિટલ અરેસ્ટ રાખી 30.50 લાખ પડાવ્યા

# BOIના નામે કાપડ વેપારીને બોગસ KYC ફાઈલ મોકલી ખાતું સાફ

(એજન્સી) સુરત | તા. 02




સુરત શહેરમાં સાયબર ગઠિયાઓ અલગ-અલગ મોડસ ઓપરેન્ડી અપનાવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. અડાજણ વિસ્તારમાં રહેતા એક રહીશને નકલી પોલીસ અને એજન્સીઓનો ડર બતાવી 5 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખી 30,50,000 પડાવી લેવાયા હતા. જ્યારે અન્ય એક કિસ્સામાં પુણાગામના કાપડ વેપારીને બેંક ઓફ ઈન્ડિયાના નામે વોટ્સએપ ગ્રુપમાં જોડી બોગસ એપીકે ફાઈલ મોકલી 6,31,414.68 ની ઠગાઈ આચરવામાં આવી છે. આમ, બંને બનાવોમાં સાયબર માફિયાઓએ સુરતીઓ પાસેથી કુલ 36.81 લાખથી વધુની મતા ખંખેરી લેતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુના દાખલ થયા છે.

અડાજણ એલ.પી. સવાણી રોડ સ્થિત સેટેલાઈટ રો હાઉસના રહીશ પર 22 ઓગસ્ટ 2026ના રોજ ફોન આવ્યો હતો. ફોન કરનારે ડેટા પ્રોટેક્શન બોર્ડ ઓફ ઈન્ડિયાના મોહમ્મદ જીશાન અહમદ અને મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર સંદીપ રોય તરીકે ખોટી ઓળખ આપી હતી. આરોપીઓએ જણાવ્યું કે કેનેરા બેંકમાં તેમના નામે બોગસ ખાતું ખોલાવી ટેરર ફંડિંગ અને મની લોન્ડરિંગના મોટા વ્યવહારો થયા છે. મુંબઈ પોલીસ, ED, RBI અને સુપ્રીમ કોર્ટના બોગસ લેટર્સ મોકલી ધરપકડનો ડર બતાવ્યો હતો. આરોપીઓએ 22 થી 27 ઓગસ્ટ સુધી ફરિયાદીને ડિજિટલ અરેસ્ટ રાખી RTGS મારફતે 30,50,000/- બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

બીજા કિસ્સામાં ગોડાદરા ડીંડોલી ફાટા પાસે સાંઈધામ સોસાયટીમાં રહેતા અને અવધ ટેક્સટાઈલ માર્કેટમાં દુકાન ધરાવતા વેપારી રૂપેશકુમાર વિજય શાહને શિકાર બનાવવામાં આવ્યા હતા. ગઠિયાઓએ તેમને 'Bank of India' નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા, જ્યાં કિશોરી શર્મા નામના શખ્સે બેંક કેવાયસી અપડેટનો બોગસ પત્ર અને 'BOI KYC UPADET APK (1).apk' નામની ફાઈલ મોકલી હતી. વેપારીએ આ ફાઈલ ડાઉનલોડ કરતાં જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ આરોપીઓએ ઓટીપી મેળવી લઈ ICICI બેંક ખાતામાંથી 8 ટ્રાન્ઝેક્શન દ્વારા ટુકડે-ટુકડે 6,31,414.68 સેરવી લીધા હતા.

બંને બનાવોમાં ભોગ બનનારાઓને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચી વિધિવત ફરિયાદો નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા 2023 અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુના દાખલ કર્યા છે. અડાજણના ડિજિટલ અરેસ્ટ કેસમાં પોલીસ ઈન્સ્પેક્ટર કે.પી. ગામેતી તેમજ વેપારી સાથે થયેલી ઠગાઈ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. મંડોરાએ તપાસ હાથ ધરી આરોપીઓ અને તેમણે ઉપયોગમાં લીધેલા બેંક ખાતાઓ તેમજ મોબાઈલ નંબરોનું પગેરું મેળવવા તજવીજ શરૂ કરી છે.

**વરાછાનો વેબ ડેવલપર સાયબર માફિયાઓની જાળમાં ફસાયો**

## બોગસ વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવી 22 ટ્રાન્ઝેક્શનથી 26 લાખ ગુમાવ્યા...

(એજન્સી) સુરત | તા. 02

સુરતના વરાછામાં સ્વામિનારાયણ નગરમાં રહેતા અને વેસુની સ્ટાર બાઈટ કંપનીમાં કાર્યરત 28 વર્ષીય વેબ ડેવલપર પાર્થ નરેશભાઈ માંગુકિયા (મૂળ લાખણકા, ગઢડા, બોટાદ) સાયબર ઠગોનો શિકાર બન્યા છે. IT ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવા છતાં, 3 જાન્યુઆરીએ ટેલિગ્રામ પર 'રૂહી' નામની આઈડી પરથી આવેલા વર્ક-ફ્રોમ-હોમના મેસેજમાં તેઓ ફસાયા હતા. શરૂઆતમાં શેરચેટ રીલ્સ જોઈને રિવ્યુ આપવા જેવો સામાન્ય ટાસ્ક પૂરો કરવા બદલ ખાતામાં 150 જમા થતાં હતા. એટલે ટેક બેકગ્રાઉન્ડ ધરાવતા યુવકનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો.

વિશ્વાસ કેળવ્યા બાદ સ્કેમર્સે વેબ ડેવલપર પાર્થને 'SENIOR GROUP 30' નામના ટેલિગ્રામ ગ્રુપમાં ઉમેરીને ઊંચા વળતરની લાલચ આપી હતી. વિવાન અને દીપક નામના શખસોએ એક બોગસ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ પર તેનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. વેબસાઈટ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં હોવા છતાં આ ફેક પ્લેટફોર્મના એલ્ગોરિધમ અને દેખાતી નકલી પ્રોફિટ સ્ક્રીનની જાળમાં પાર્થ આવી ગયો હતો. તેણે વધુ વળતરની લાલચમાં તબક્કાવાર 22 બેંક ટ્રાન્ઝેક્શન કરી 26.12 લાખથી વધુની મૂડી અજાણ્યા ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

વેબસાઈટ પર દર્શાવવામાં આવતો મોટો નફો અને પોતાના રોકાણના નાણાં ઉપાડવા જ્યારે વેબ ડેવલપરે પ્રયાસ કર્યો, ત્યારે ઠગોએ ટેકનિકલ બહાનાઓ કાઢવાનું શરૂ કર્યું હતું. તેમણે વિડ્રોઅલ અરજી રિજેક્ટ થઈ હોવાનું જણાવી KYC વેરિફિકેશનના નામે વધુ પૈસાની માંગણી કરી હતી. સમગ્ર સિસ્ટમ બોગસ હોવાનું અને પોતે સાયબર ટ્રેપમાં ફસાઈ ચૂક્યા હોવાનું ભાન થતાં જ પાર્થે સુરત સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગંભીર મામલે ડિજિટલ ટ્રેસિંગ દ્વારા આગળની તપાસ હાથ ધરી છે.

**વડોદરા રેલવે સ્ટેશનેથી સુરત ભાઈને રાખડી બાંધવા જતી વખતે સ્નેચરે સેરવ્યું**

## ટ્રેનમાં ચડતી વખતે મહિલાના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર ચોરાયું

(એજન્સી) વડોદરા | તા. 02




વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર ટ્રેનમાં ચડતી વખતે મુસાફરોની ભીડનો લાભ ઉઠાવી અજાણ્યો તસ્કર પરિણીતાના ગળામાંથી 1.28 લાખની કિંમતનું સોનાનું મંગળસૂત્ર સેરવીને ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ રેલવે પોલીસ મથકે નોંધાઈ છે. રક્ષાબંધન પર્વે ભાઈને રાખડી બાંધવા સુરત જઈ રહેલી મહિલા ભીડભાડ વચ્ચે ગઠિયાનો શિકાર બની હતી.

વાઘોડિયા રોડ પર આવેલી પૂજાપાર્ક સોસાયટીમાં રહેતા જીલબેન પ્રિતભાઈ ગાંધી રક્ષાબંધન નિમિત્તે સુરત ખાતે રહેતા પોતાના ભાઈના ઘરે જવા માટે પતિ સાથે નીકળ્યા હતા. રાત્રિના આશરે સાડા દસ વાગ્યે વડોદરા રેલવે સ્ટેશન પહોંચી સુરતની જનરલ ટિકિટ લીધા બાદ તેઓ પ્લેટફોર્મ નંબર 2 પર ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન રાત્રે અગિયાર વાગ્યાના સુમારે એકતાનગર-દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન આવતાં તેઓ પાછળના જનરલ કોચમાં ચડવા ગયા હતા.

જનરલ કોચમાં ચડતી વખતે મુસાફરોની ભારે ભીડનો ફાયદો ઉઠાવી કોઈ અજાણ્યો ચોર મહિલાના ગળામાંથી પેન્ડલવાળું સોનાનું મંગળસૂત્ર આંચકીને નાસી છૂટ્યો હતો. ડબ્બામાં તેમજ દરવાજા પાસે શોધખોળ કરવા છતાં મંગળસૂત્ર ન મળતાં ચોરી થઈ હોવાની ખાતરી થઈ હતી. સુરતથી પરત ફર્યા બાદ પરિણીતાએ આ અંગે રેલવે પોલીસ મથકે અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. તમે તમારૂ કામ સારી રીતે કર્યું છે-અને હવે તમારી સામે આવતા લાભને એકઠા કરવાનો સમય આવી ગયો છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.

**કર્ક : ડ. હ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે.

**સિંહ : મ. ટ.**

તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ.

**કન્યા : પ. ઠ. ણ.**

વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો.

**તુલા : ર. ત.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી.

**વૃશ્ચિક : ન. ય.**

પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**મકર : ખ. જ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂ લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂ માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂ-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**

આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો। મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે.

### જામનગર રેલવે પોલીસ મથકમાં ગુન્હો નોંધાયો

# પોરબંદર રેલવે સ્ટેશન પર સફાઇ કામદારોના વેશમાં દારૂની હેરાફેરી કરતાં બે શખ્સો પકડાયેલા

(એજન્સી) પોરબંદર | તા.02



પોરબંદર રેલવે સ્ટેશન પર પોલીસે દારૂની હેરાફેરી કરતા 2 ખાનગી સફાઈ કર્મચારીઓને ઝડપ્યા. ભીડ વચ્ચે થેલામાં સંતાડેલી 7 પ્લાસ્ટિક બોટલ અને 5 ક્વાર્ટર દારૂ સાથે સુલતાનભાઈ ગલ અને રફીકભાઈ ચાવડા પકડાયા. પોલીસે કુલ રૂ.1,366નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે. પોરબંદર રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ વચ્ચે દારૂની હેરાફેરી કરતા રેલવેમાં સફાઈ કામદાર તરીકે ખાનગી નોકરી કરતા બે શખ્સોને પોલીસે અલગ અલગ કાર્યવાહીમાં ઝડપી લીધા હતા. બંને પાસેથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની કુલ સાત પ્લાસ્ટિકની બોટલ અને પાંચ ક્વાર્ટર મળી કુલ રૂ.1,366નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ પોરબંદર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-2 પર ફરજ દરમિયાન પોલીસની ટીમને એક શંકાસ્પદ શખ્સ કાળા રંગના સફેદ લાઈનવાળા થેલા સાથે મળી આવ્યો હતો. થેલાની તપાસ કરતાં તેમાં 750 મિલીલીટરની અંગ્રેજી દારૂની ચાર સીલબંધ પ્લાસ્ટિકની બોટલ મળી આવી હતી. બોટલો ઉપર 'ગ્રીન એપલ વોડકા ફોર સેલ ઈન ગોવા ઓન્લી' લખેલું હતું. ચારેય બોટલની કિંમત રૂ.600 હતી. પોલીસે શખ્સની પૂછપરછ કરતાં તેનું નામ સુલતાનભાઈ ઓસમાનભાઈ ગલ (ઉ.વ.37, રહે. મોહબતપરા, તા.કુતિયાણા, જી.પોરબંદર) હોવાનું અને રેલવેમાં સફાઈ કામદાર તરીકે ખાનગી નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. દારૂ અંગેનો પાસ-પરમિટ ન હોવાનું જણાતાં પોલીસે દારૂની ચાર બોટલ તથા થેલો મળી કુલ રૂ.611નો મુદ્દામાલ કબજે કરી તેની ધરપકડ કરી હતી.બીજા બનાવમાં પોરબંદર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-2 પર રેલવે સુરક્ષા દળની એસ્કોર્ટિંગ પાર્ટી દ્વારા એક શંકાસ્પદ શખ્સને વજનદાર થેલા સાથે પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પંચોની હાજરીમાં થેલાની તપાસ કરતાં 750 મિલીલીટરની ત્રણ પ્લાસ્ટિકની બોટલ તથા 180 મિલીલીટરના પાંચ ક્વાર્ટર મળી આવ્યા હતા. આ દારૂના જથ્થાની કુલ કિંમત રૂ.755 હતી.આ શખ્સે પોતાનું નામ રફીકભાઈ ગફારભાઈ ચાવડા (ઉ.વ.35, રહે. ચોરીયાણા, તા.કુતિયાણા, જી.પોરબંદર) હોવાનું અને રેલવેમાં સફાઈ કામદાર તરીકે ખાનગી એજન્સીમાં નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. દારૂ અંગે પાસ-પરમિટ ન હોવાથી પોલીસે રૂ.755નો મુદ્દામાલ કબજે કરી તેની ધરપકડ કરી હતી.

## ચાણસ્મા ખાતે ઈન્દીરાનગરમાં આવેલ આંગણવાડીઓમાં જન્માષ્ઠમી ની ઉજવણી કરાઇ



(એજન્સી) ચાણસ્મા | તા.02

ચાણસ્મા નગરના ઈન્દીરાનગરમાં આવેલી આંગણવાડીના કાર્યકરો દ્વારા જન્માષ્ઠમીનો ઉત્સવની ઉજવણી કરાઈ હતી જેમાં નાનાં ભુલકાંઓમાં કોઈ બાળકૃષ્ણ ગોપીઓ ગોવાળીયાઓ ની વેશભૂષા સાથે તૈયાર થઈ નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે સૌ કોઈ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં ભાવવિભોર થઈ ઉમંગભેર જન્માષ્ઠમીની ઉજવણી કરી હતી દાતાઓ દ્વારા કેળાંની પ્રસાદ આંગણવાડીના બાળકોને વહેંચી દાતાઓએ ધન્યતા અનુભવી હતી આંગણવાડી કાર્યકરો જ્યાબેન હેમાંગિનીબેન જલ્પાબેન દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવણીનું સુંદર આયોજન કર્યું હતું

## શ્રાવણમાં શ્રદ્ધા, સાયકલ અને સૌરાષ્ટ્રનો સંગમ! છોટા ઉદેપુરના ભેખડીયા ગામના 20થી વધુ યુવાનોની અનોખી યાત્રા



છોટા ઉદેપુર : છોટા ઉદેપુરના કવાંટના ભેખડીયા ગામના 20થી વધુ યુવાનોનું અનોખું સૌરાષ્ટ્ર દર્શન કર્યુ છે. શ્રાવણ માસમાં સાયકલ પર 1800 કિલોમીટરથી વધુની સફર ખેડી બોડેલી પહોંચ્યા હતા, જ્યાં નગરજનોએ તેઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું.શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં સૌરાષ્ટ્ર દર્શન કરવા માટે કવાંટના ભેખડીયા ગામના 20થી વધુ યુવાનો સાયકલ પર યાત્રાએ નીકળ્યા હતા. જેમાં યુવાનોએ સાયકલ દ્વારા 1800 કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડી વિવિધ ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી.ભેખડીયા ગામથી નીકળેલા યુવાનો સાયકલ પર સૌરાષ્ટ્ર તરફ રવાના થયા હતા. યાત્રા દરમિયાન તેઓએ સોમનાથ, ગીર-સોમનાથ, બેટ દ્વારકા, રણુજા, ડાકોર, પાવાગઢ સહિતના વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કર્યા હતા. ત્યારબાદ પાવાગઢથી ઝંડ હનુમાન મંદિર થઈ તેઓ બોડેલી પહોંચ્યા હતા.સાયકલ પર લાંબી યાત્રા પૂર્ણ કરીને બોડેલી પહોંચેલા યુવાનોનું નગરજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવાનોની સાહસિકતા, એકતા અને ધાર્મિક ભાવનાને નગરજનોએ બિરદાવી હતી.

## જામનગરમાં વાહનચોરીનો ભેદ ઉકેલાયો : બે ટાબરીયા સહિત ત્રણ ઈસમો ઝડપાયા

જામનગર : જામનગરમાં અનડિટેક્ટ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. સીટી 'સી' ડિવિઝન પોલીસે 1 આરોપી અને 2 સગીરોને 3 ચોરાયેલી મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યા છે. દિગ્જામ સર્કલ નજીક બાવળની જાળીઓમાંથી આ વાહનો મળી આવ્યા હતા. પોલીસે કુલ 5 વાહનો કબજે કર્યા છે. પકડાયેલા આરોપી સની કોળી વિરુદ્ધ અગાઉ પણ ગુના નોંધાયેલા છે. જામનગર શહેરમાં અનડીટેક્ટ વાહનચોરીના ગુનાઓ શોધી કાઢવા માટે જામનગર સીટી 'સી' ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્કોડે હાથ ધરેલી કામગીરીમાં એક આરોપી તથા બે કાયદાથી સંઘર્ષિત કિશોરોને ચોરીના વાહનો સાથે ઝડપી પાડી ત્રણ મોટરસાઈકલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે ચોરાયેલી ત્રણ મોટરસાઈકલ ઉપરાંત અન્ય બે વાહનો મળી કુલ પાંચ વાહનો કબજે કર્યા છે.જામનગરમાં વાહનચોરીના બનાવોના સ્થળ આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસ પેટ્રોલિંગમાં હોય ત્યારે માનવ અને ટેકનિકલ સોર્સની મદદથી ચોરી કરનાર ઈસમોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે, દિગજામ સર્કલ પાસે ગણપતનગર નજીક આવેલી બાવળની જાળીઓમાં કેટલાક ઈસમોએ મોટરસાઈકલ સંતાડી રાખી છે અને તેને સગેવગે કરવાની તેમજ સ્પેરપાર્ટ્સ વેચવાની ફિરાકમાં છે.

### છોટા ઉદેપુરમાં તંત્રની બેદરકારી

## જેતપુર પાવીના ઓરસંગ બ્રિજ પાસે નર્મદા પાઈપલાઈનમાં મોટું ગાબડું, હજારો લિટર પાણીનો વેડફાટ



(એજન્સી) જેતપુર | તા.02

છોટા ઉદેપુરના જેતપુર પાવીમાં ઓરસંગ બ્રિજ પાસે નર્મદાની મુખ્ય પાઈપલાઈનમાં ફરી મોટું ભંગાણ થયું છે. કરોડોના ખર્ચે બનેલી પાઈપલાઈનમાંથી હજારો લિટર પાણી નદીમાં વેડફાઈ રહ્યું છે. થોડા દિવસ પહેલાં જ આ જ જગ્યાએ થયેલા સમારકામમાં ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાને કારણે ફરી ગાબડું પડ્યું છે. સ્થાનિકો રેતીના ધોવાણને જવાબદાર ઠેરવી, કાયમી ઉકેલ અને જવાબદારો સામે કાર્યવાહીની માગ કરી રહ્યા છે. કરોડો રૂપિયાના આંધણ છતાં સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તેમજ નઘરોળ કામગીરીનો વધુ એક પુરાવો છોટા ઉદેપુરના જેતપુર પાવીમાંથી સામે આવ્યો છે. જેમાં ઓરસંગ બ્રિજ નજીક નદીના પટમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય પાઈપલાઈનમાં ફરી એકવાર મોટું ભંગાણ થયું છે. પ્રજાના ટેક્સના પૈસે તૈયાર થયેલી પાઈપલાઈનમાંથી હજારો લિટર કિંમતી પાણી નદીમાં વહીને વેડફાઈ રહ્યું હોવા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યું છે.હજુ માંડ થોડા દિવસ પહેલાં જ આ જ જગ્યાએ પાઈપલાઈન તૂટી હતી. એ સમયે તંત્રએ ઉતાવળે થીગડાં મારીને સંતોષ માની લીધો હતો, પરંતુ ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કારણે એ જ સાંધાની બાજુમાંથી ફરી ધસમસતો પ્રવાહ ફૂટી નીકળ્યો છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે, સમારકામના નામે માત્ર કાગળ પર જ ઘોડા દોડાવવામાં આવ્યા છે અને સરકારી તિજોરીને ચૂનો ચોપડાયો છે. સ્થાનિકો આક્ષેપ અનુસાર, ઓરસંગ નદીમાં થતાં બેફામ રેતીના ધોવાણને કારણે પાઈપલાઈન વારંવાર ખુલ્લી પડી જાય છે અને તૂટે છે. આ વાસ્તવિકતા જાણવા છતાં જવાબદાર અધિકારીઓએ પાઈપલાઈનને સુરક્ષિત કરવા માટે કોઈ નક્કર પ્રોટેક્શન વોલ કે કાયમી ઉપાય કરવાની તસ્દી લીધી નથી. એક તરફ રાજ્યમાં ટીપે ટીપા પાણી માટે કાગારોળ મચે છે.

### તાલુકા પંચાયતના સદસ્ય તરીકે લોકસેવાની કામગીરીને બિરદાવાઈ

# પ્રજાના પ્રશ્નોનો પ્રખર અવાજ બની રિદ્ધિબેન નાયાણીનું સમાજે કર્યું ભવ્ય સન્માન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



વિથોણ શ્રી સત્યનારાયણ મંદિર પાટીદાર સમાજની વાર્ષિક જનરલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજનું નામ રોશન કરનાર તથા નખત્રાણા તાલુકા પંચાયતના સદસ્ય તરીકે ચૂંટાયેલા સમાજની દિકરી રિદ્ધિબેન નાયાણીનું સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.રિદ્ધિબેન નાયાણી સતત પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપી આમ જનતાની સમસ્યાઓનો અવાજ તંત્ર સુધી પહોંચાડવા માટે સક્રિયપણે કાર્યરત રહ્યા છે. લોકોના પ્રશ્નોને સમજવા, રજૂ કરવા અને તેના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહેતી રિદ્ધિબેનની કામગીરીને સમાજે બિરદાવી હતી.તાલુકા પંચાયતના સદસ્ય તરીકે જાહેર જીવનમાં પ્રવેશી સમાજની સેવા અને વિકાસ માટે યોગદાન આપી રહેલી રિદ્ધિબેન નાયાણીની સિદ્ધિને સમગ્ર પાટીદાર સમાજ માટે ગૌરવની ક્ષણ ગણાવવામાં આવી હતી.સમાજની વાર્ષિક સભામાં ઉપસ્થિત આગેવાનો તથા સમાજના સભ્યોએ રિદ્ધિબેનને સન્માનિત કરી તેમના ઉજ્જવળ જાહેર જીવન અને લોકસેવાના કાર્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી."સમાજની દીકરી જ્યારે જનસેવાના પંથે આગળ વધે, ત્યારે તેની સિદ્ધિ સમગ્ર સમાજનું ગૌરવ બને છે."

## જંગલ જમીન વિવાદમાં નવો વળાંક: સરકારની ખાતરી છતાં નાલ ગામમાં ખેડૂતો અને વન વિભાગ વચ્ચે ઘર્ષણ

નર્મદા : નર્મદાના સાગબારામાં જંગલ જમીન વિવાદ ફરી વકર્યો છે. 23 દિવસના આંદોલનના અંત પછી, નાલ ગામના આદિવાસી ખેડૂતોને ખેડાણ કરતા વન વિભાગે રોક્યા. ભાજપના મંત્રીઓ અને સાંસદે સમાધાનનો દાવો કર્યો હતો, પણ પરિસ્થિતિ જુદી છે. કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલાએ સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ, મંત્રીઓ તથા સાંસદની હાજરીમાં પેન્ડિંગ FRA દાવાઓની પ્રક્રિયા અંગે ખાતરી આપવામાં આવી હતી, તો પછી ખેડૂતોને રોકવાનો આદેશ કોના દ્વારા આપવામાં આવ્યો? આ સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ કરી ખેડૂતોને હેરાન કરનાર જવાબદાર અધિકારી કે કર્મચારીની જવાબદારી નક્કી કરવાની અને વીડિયો પુરાવા ચકાસવાની માંગ કરી છે. આ સમગ્ર ઘટનામાં સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે એફઆરએ (FRA) હેઠળના દાવાઓની પ્રક્રિયા હાલ પેન્ડિંગ છે.

## ધ્રોલના ઐતિહાસિક ભૂચરમોરી મેદાનમાં અશ્વ અને તલવારબાજી સ્પર્ધા બાદ શહીદોને શ્રદ્ધાંજલિ અપાશે

(એજન્સી) જામનગર | તા.02

જામનગરમાં ધ્રોલ ખાતે 3 સપ્ટેમ્બરે 35મો ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ યોજાશે. અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ અને ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સવારે 8 વાગ્યાથી અશ્વ અને તલવારબાજી સ્પર્ધાઓ યોજાશે. સાંસદ કેશરીદેવસિંહ ઝાલાના અધ્યક્ષસ્થાને મંત્રી રીવાબા જાડેજા સહિતના મહાનુભાવો શહીદોને શ્રદ્ધાંજલિ આપશે. અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ અને ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટ, ધ્રોલ દ્વારા આયોજિત 35મો ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ તા.3 સપ્ટેમ્બરના શીતળા સાતમના પવિત્ર દિવસે ધ્રોલના ભૂચરમોરી મેદાન ખાતે યોજાશે. સવારે 8થી બપોરે 2 વાગ્યા સુધી યોજાનારા આ કાર્યક્રમમાં ભૂચરમોરીના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.કાર્યક્રમનો પ્રારંભ સવારે 8 વાગ્યે અશ્વ સ્પર્ધાથી થશે. છેલ્લા 25 વર્ષથી યોજાતી આ સ્પર્ધામાં આશરે 50 અશ્વ અને 40 જેટલા સ્પર્ધકો ભાગ લેશે. ત્યારબાદ નવા શહીદ સ્મારક પાસે તલવારબાજીની સ્પર્ધા યોજાશે, જેમાં દીકરીઓ અને દીકરાઓ સહિત આશરે 60 સ્પર્ધકો ભાગ લેશે. સ્પર્ધાના કન્વીનર તરીકે કિશોરસિંહ જેઠવા જવાબદારી સંભાળશે.સવારે 10 વાગ્યે જૂના અને નવા શહીદ સ્મારક ખાતે ઉપસ્થિત મહેમાનો દ્વારા ભૂચરમોરીના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ સવારે 10:15 કલાકે શ્રી યુવા સંઘ સ્મૃતિ હોલનું ઉદ્ઘાટન કરવામાં આવશે.આ પ્રસંગે ઈતિહાસ જ્ઞાન કસોટી-3માં ગુજરાતમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. ઉપરાંત ધોરણ 10થી 12માં રાજપૂત સમાજમાં મેરિટમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીનું પણ સન્માન કરાશે. અશ્વસવારી અને તલવારબાજી સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર સ્પર્ધકોને રોકડ પુરસ્કાર, ભેટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

### શ્રાવણી લોકમેળા

## જામનગર મહાનગરપાલિકા આયોજિત શ્રાવણી લોકમેળામાં સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટિએ કરોડોનું વિમા કવચ



(એજન્સી) જામનગર | તા.02

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં 1 થી 11 સપ્ટેમ્બર સુધી શ્રાવણી લોકમેળો યોજાશે. મેળામાં આવનાર લોકોની સલામતી માટે મહાનગરપાલિકાએ 5 કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો લીધો છે. 13 મોટી રાઈડ્સના સંચાલકોએ 11 કરોડનો, જ્યારે નાની રાઈડ્સ માટે 50-50 લાખના બે વીમા ઉતરાવ્યા છે. સ્ટોલધારકોએ પણ 1 કરોડનો વીમો લીધો છે. કમિશનર દીપેશ કેડીયાના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાનમાં તારીખ 1 સપ્ટેમ્બરથી 11 સપ્ટેમ્બર સુધીના શ્રાવણી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે સલામતીની દ્રષ્ટિએ મહાનગર પાલિકા દ્વારા પબ્લિક લાયબીટીનો રૂપિયા પાંચ કરોડનો વીમો ઉતારીને વીમાનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે.જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડીયાના સીધા માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર ભાવેશ જાની, મુકેશ વરણવા ઉપરાંત એસ્ટેટ અધિકારી મુકેશ ગોસાઈ અને અન્ય અધિકારીઓની ટીમ દ્વારા સમગ્ર મેળા વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવી રહી છે. ફુડ વિભાગ દ્વારા પણ હાઈજેનિક ખોરાક મળી રહે તે સંદર્ભમાં કાર્યવાહી થઈ રહી છે.

### 75 જળાશયોમાં જળસ્તર 25%થી નીચે છે

# ગુજરાતના 10 તાલુકામાં 10 ઈંચ પણ વરસાદ નહીં, કચ્છ-દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં વિકટ સ્થિતિ

(એજન્સી) દ્વારકા | તા.02



ચાલુ ચોમાસામાં દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ થયો છે, પરંતુ દેવભૂમિ દ્વારકા અને કચ્છ સહિત 10 તાલુકાઓમાં સરેરાશ 10 ઈંચ પણ વરસાદ નથી. દેવભૂમિ દ્વારકાના 4 તાલુકામાં 10%થી ઓછો વરસાદ નોંધાયો છે, જેમાં દ્વારકા તાલુકામાં 1 ઈંચ પણ વરસાદ નથી. 75 જળાશયોમાં જળસ્તર 25%થી નીચે છે. આગામી બે સપ્તાહ સૌરાષ્ટ્ર-કચ્છની કૃષિ માટે નિર્ણાયક છે. ચોમાસાની વર્તમાન સિઝનમાં એકતરફ દક્ષિણ ગુજરાતમાં સિઝનનો 100 ટકા વરસાદ વરસી ચૂક્યો છે ત્યારે રાજ્યના 10 તાલુકા એવા છે જ્યાં સરેરાશ 10 ઈંચ પણ વરસાદ વરસ્યો નથી. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા, કચ્છમાં પડેલા અપૂરતા વરસાદથી કૃષિ અને જળસ્ત્રોતને માથે સંકટ તોળાયું છે.અપૂરતા વરસાદથી જળસ્તર સતત ઘટી રહ્યું છે. જેમાં દેવભૂમિ દ્વારકાના ચાર તાલુકા એવા છે જ્યાં 10 ટકાથી પણ ઓછો વરસાદ નોંધાયો છે. દ્વારકા તાલુકામાં સરેરાશ 1 ઈંચ પણ વરસાદ પડ્યો નથી. ઓછા વરસાદને પગલે મગફળીનું 1,99,400 હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જેની સરખામણીએ ગત વર્ષે ઓક્ટોબર સુધી 2,17,000 હેક્ટર વાવેતર થયેલું હતું.ગુજરાતમાં 1 સપ્ટેમ્બરની સ્થિતિએ 75 જળાશય એવા છે જ્યાં જળસ્તર 25 ટકાથી પણ નીચું છે. 44 જળાશયમાં 25થી 50 ટકા, 29 જળાશયમાં 50થી 70 ટકા, 31 જળાશયમાં 70થી 100 ટકા અને 27 જળાશયમાં 100 ટકા જળસ્તર છે. હાલ દેવભૂમિ દ્વારકાના 12 જળાશયમાં 10 ટકાથી પણ ઓછું જળસ્તર છે. જ્યારે કચ્છની વાત કરવામાં આવે તો તેના 20 ડેમમાં સરેરાશ જળસ્તર 25 ટકાથી ઓછું છે.રહાતની વાત એ છે કે, સરદાર સરોવરમાં 88.15 ટકા જળસ્તર નોંધાયું છે. જાણકારોના મતે આગામી બે સપ્તાહ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છની કૃષિ માટે નિર્ણાયક છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર, સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી સિસ્ટમ સક્રિય થતાં નોંધપાત્ર વરસાદ પડી શકે છે.

ગુજરાતમાં દુષ્કાળ જાહેર કરવાની પ્રક્રિયા વરસાદ કેટલો ઓછો છે તેના આધારે થતી નથી. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સામાન્ય વરસાદના 75 ટકાથી ઓછો વરસાદ પડે તો દુષ્કાળની શક્યતા સર્જાય છે. પરંતુ આ એકલું પૂરતું નથી. આ સાથે ડ્રાય સ્પેલ, વાવેતરમાં ઘટાડો, જમીનમાં ભેજ, પાકની સ્થિતિ, ભૂગર્ભજળ અને જળાશયના પાણી જેવા માપદંડો પણ જોવાતા હોય છે. ગુજરાતમાં તાલુકા-વિસ્તાર પ્રમાણે દુષ્કાળ જાહેર થઈ શકે છે.

## લઠ્ઠાકાંડ, બુટલેગરો અને ખાખીની નાપાક મિલીભગતનો પર્દાફાશ, એસએમસીએ કોન્સ્ટેબલને દબોચ્યો

ભાવનગર : ભાવનગરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડમાં જેટલા લોકો મોતને ભેટી ચૂક્યા હતા અને આ લઠ્ઠાકાંડને લઈ ભાવનગર પોલીસ પર સવાલો ઉઠવા શરૂ થઈ ગયા હતા. આ સમગ્ર તપાસો એસએમસીને સોંપવામાં આવતાની સાથે જ ફટાફટ ૩૮ જેટલા લઠ્ઠાકાંડના આરોપીઓને ઉઠાવી લઈ જેલના સળિયા ગણતા કરી દીધા હતા તેની સાથે બુટલેગરો સાથે સાંઠ-ગાંઠ ધરાવતા પોલીસ કર્મચારીઓ પર પણ સિકંજો કસવામાં આવ્યો હતો મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અને પોલીસ અધિકારીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા તેવામાં બુટલેગરો સાથે સાંઠ-ગાંઠ ધરાવતા પોલીસ કોન્સ્ટેબલને એસએમસી એ મોડી રાત્રે ઉઠાવી દીધો હતો અને સઘન પૂછપરછ બાદ કોર્ટમાં રિમાન્ડની માંગ સાથે રજૂ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. ભાવનગરની ધરા પર ૧૬ દિવસ પહેલાં સર્જાયેલા દર્દનાક અને કાળજું કંપાવી દેનારા લઠ્ઠાકાંડના ઘેરા પડઘા હજુ શમ્યા નથી. ઝેરી મિથેનોલયુક્ત કેમિકલે ૧૩ નિર્દોષ લોકોનો ભોગ લીધો હતો અને ૭૧થી વધુ ઝીંદગીઓને હોસ્પિટલના ખાટલે ધકેલી દીધી હતી. આ માનવસજત હોનારતના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે હવે સ્ટેટ મોનિટરિંગ સેલએ ખાખી વર્દી પાછળ છુપાયેલા કાળી કમાણીના કારોબારીઓ સામે ભીંસ વધારીને કાયદાનો દંડો પછાડયો છે. તપાસની શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવનાર એસએમસીની ટીમે આ પ્રકરણમાં અત્યાર સુધીમાં માસ્ટરમાઈન્ડ અને મિથેનોલનો મુખ્ય જથ્થો પૂરો પાડનાર સપ્લાયર સહિત ૩૮ તત્વોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

# E20 પેટ્રોલથી વાહન બગડે કે માઈલેજ ઘટે તો અમને ફરિયાદ કરો...

(એજન્સી) નવી દિલ્હી | તા.02





ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે વિધાનસભામાં જણાવ્યું કે, રાજ્યમાં E20 પેટ્રોલ શરૂ થયા બાદ ગ્રાહકો કે વાહન માલિકો તરફથી કોઈ ફરિયાદ મળી નથી. તેમણે ઉમેર્યું કે, જો કોઈ વાહન માલિકને E20 પેટ્રોલથી ગાડી બગડવાની કે માઈલેજ ઘટવાની સમસ્યાનો સામનો કરવો પડે, તો તેઓ નાગરિક પુરવઠા વિભાગમાં ફરિયાદ નોંધાવી શકે છે. સરકારે પરિસ્થિતિ પર નજર રાખવા અને પેટ્રોલનું પરીક્ષણ કરવા નિર્દેશ આપ્યો છે.

E20 પેટ્રોલ અંગે ચાલી રહેલી રાષ્ટ્રવ્યાપી ચર્ચા વચ્ચે ગોવા સરકારે વિધાનસભામાં મોટું નિવેદન આપ્યું છે. મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે મંગળવારે(1 સપ્ટેમ્બર) જણાવ્યું કે, રાજ્યમાં E20 પેટ્રોલ શરૂ થયા બાદ ગ્રાહકો, વાહન માલિકો, ઓટોમોબાઈલ એસોસિએશન અથવા ગેરેજ તરફથી કોઈ ફરિયાદ મળી નથી. મુખ્યમંત્રી નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગો પણ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે, જો કોઈ વાહન માલિકને E20 પેટ્રોલથી ગાડી બગડવાની કે માઈલેજ ઘટવાની સમસ્યાઓનો સામનો કરવો પડે તો તેઓ નાગરિક પુરવઠા વિભાગમાં ફરિયાદ નોંધાવી શકે છે.વિધાનસભામાં ધારાસભ્ય વેન્ઝી વેગાસ, વિજય સરદેસાઈ અને ક્રુઝ સિલ્વાએ E20 પેટ્રોલનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે 2023 પહેલા બનાવેલા વાહનો અંગે ખાસ ચિંતા વ્યક્ત કરતાં નોંધ્યું કે આવા વાહનોમાં E20 પેટ્રોલનો ઉપયોગ માઈલેજ ઘટાડે છે, કામગીરીમાં ઘટાડો કરે છે અને જાળવણી ખર્ચમાં વધારો કરે છે. આ સાથે ટેક્સી ડ્રાઈવરો અને બાઈક ચાલકો પર આની વધુ અસર પડી રહી હોવાની વાત કહી હતી. આ મામલે ધારાસભ્યોએ માગ કરી હતી કે, ગ્રાહકોને ઈથેનોલ-મુક્ત અથવા અનબ્લેન્ડેડ પેટ્રોલ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવે.મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે વિધાનસભામાં જણાવ્યું કે, E20 પેટ્રોલ કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે અને તેને કેન્દ્રીય નીતિના ભાગ રૂપે લાગુ કરવામાં આવ્યું છે. આ નીતિ 2023 થી ગોવામાં અમલમાં છે. અત્યાર સુધી કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી, પરંતુ સરકાર પરિસ્થિતિ પર નજર રાખશે. નાગરિક પુરવઠા વિભાગને પરિસ્થિતિની તપાસ અને દેખરેખ રાખવા તેમજ પેટ્રોલનું પરીક્ષણ કરવા નિર્દેશ આપ્યો છે.મુખ્યમંત્રીએ લેખિત જવાબમાં જણાવ્યું કે, ગોવામાં ત્રણ સરકારી તેલ કંપનીઓ દ્વારા E20 પેટ્રોલ વેચવામાં આવી રહ્યું છે. તે રાજ્યભરના 157 રિટેલ આઉટલેટ્સ પર સપ્લાય કરવામાં આવી રહ્યું છે. સરકારનો દાવો છે કે E20ની સલામતી અંગેના અભ્યાસ અને ફિલ્ડ ટ્રાયલ વિવિધ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI), સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM), ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) અને IIPનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ એ પણ સ્વીકાર્યું કે, E10 પેટ્રોલ માટે ડિઝાઈન કરાયેલા વાહનોના માઈલેજમાં થોડો ઘટાડો થઈ શકે છે. તેમના મતે, E10-અનુરૂપ વાહનોમાં E20 ઈંધણનો ઉપયોગ કરવાથી માઈલેજમાં આશરે 3 થી 5 ટકાનો ઘટાડો થઈ શકે છે. E20 પેટ્રોલ પર ચાલતા વાહનોની વોરંટી પર કોઈ અસર થશે નહીં.

સરકારના જણાવ્યા મુજબ, દેશમાં 20 કરોડથી વધુ ટુ-વ્હીલર અને અંદાજે 3 કરોડ કાર મિશ્રિત ઈંધણ પર ચાલે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી મિશ્રિત પેટ્રોલને કારણે સીધી રીતે એન્જિન નિષ્ફળતા અંગે કોઈ ફરિયાદ નોંધાઈ નથી. તાજેતરના સમયમાં દેશભરના પેટ્રોલ પંપો પર ભેળસેળ પર નજર રાખવા અને ઈંધણની ગુણવત્તા ચકાસવા માટે 30,000 થી વધુ ગુણવત્તા તપાસ કરવામાં આવી છે.ગોવા સરકારે જણાવ્યું કે, અત્યાર સુધી રાજ્યમાં E20 પેટ્રોલ અંગે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જો કે, સરકારે સ્પષ્ટતા કરી છે કે જો વાહન માલિકો અથવા ગ્રાહકોને માઈલેજ, કામગીરી અથવા અન્ય કોઈપણ પાસાને લગતી સમસ્યાઓનો અનુભવ થાય છે, તો તેઓ નાગરિક પુરવઠા વિભાગમાં ફરિયાદ નોંધાવી શકે છે. જેમાં લોકોની ફરિયાદના આધારે તપાસ કર્યા બાદ ઈંધણનું પરીક્ષણ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

## જિયો હોટસ્ટાર વૈશ્વિક સ્તરે લૉન્ચ થયું, યુકે, કેનેડા અને સિંગાપોરના દર્શકો માટે નવો સ્ટ્રીમિંગ અનુભવ લાવ્યું

મુંબઈ | જિયોહોટસ્ટારે આજે યુકે, કેનેડા અને સિંગાપોરમાં તેના આંતરરાષ્ટ્રીય લૉન્ચિંગની જાહેરાત કરી છે, જે તેના ઈન્ફિનિટ પોસિબિલિટીઝ વિઝન અને વૈશ્વિક મનોરંજન પ્લેટફોર્મ બનવા તરફની સફરમાં એક નવા અધ્યાયની શરૂઆત કરે છે.આ લૉન્ચ માત્ર જિયોહોટસ્ટારના વિશાળ મનોરંજન કૅટેલૉગને નવા બજારો સુધી લઈ જવા પૂરતું સીમિત નથી. તે ૧૨થી વધુ ભાષાઓ અને વિવિધ શૈલીઓમાં ૧.૬૦ લાખથી વધુ કલાકનું કન્ટેન્ટ, પર્સનલાઈઝ્ડ રેકમેન્ડેશન્સ, ઈન્ટરેક્ટિવ ફીચર્સ, સુગમ સબ્સ્ક્રિપ્શન વિકલ્પો અને શ્રેષ્ઠ પ્રોડક્ટ અનુભવ સાથે જોડીને દર્શકો માટે મનોરંજન શોધવા, જોવા અને માણવાની એક તદ્દન નવી રીત પ્રસ્તુત કરે છે.યુકે, કેનેડા અને સિંગાપોરના દર્શકો માટે, જિયોહોટસ્ટાર (JioHotstar) ટેલિવિઝન, ફિલ્મો, પ્રાદેશિક કાર્યક્રમો, નોન-ફિક્શન, બાળકોનું કન્ટેન્ટ અને એનિમે સહિત પ્રીમિયમ ભારતીય મનોરંજન એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવે છે. દક્ષિણ એશિયાઈ પ્રવાસી સમુદાય (ડાયસ્પોરા) સાથે ઊંડો નાતો બાંધવા અને વૈવિધ્યસભર વાર્તાઓ, ભાષાઓ તથા સંસ્કૃતિઓ માણવા માંગતા વૈશ્વિક દર્શકોને આકર્ષવા માટે તૈયાર કરાયેલ આ પ્લેટફોર્મ, દર વર્ષે ૩૦,૦૦૦ કલાકથી વધુ નવું કન્ટેન્ટ ઉમેરીને સતત વિસ્તરણ પામશે.મનોરંજનનું શ્રેષ્ઠ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ JioHotstar નવા ઓરિજિનલ્સ, પ્રતિષ્ઠિત ફ્રેન્ચાઈઝી અને વિશાળ ટેલિવિઝન કન્ટેન્ટની વિવિધ શ્રેણી સાથે તેના આંતરરાષ્ટ્રીય પદાર્પણની શરૂઆત કરી રહ્યું છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે: નવા ઓરિજિનલ્સ અને બ્લોકબસ્ટર પ્રીમિયર્સ: 'અલી બાબા ઔર ચાલીસ ભૂત', 'પ્રિન્સ ઓફ મોલીવુડ', 'પાર્ટ ટાઈમર્સ', 'ધ કોર્ટ' અને અન્ય ઓરિજિનલ્સની શ્રેણી સાથે આખું વર્ષ બ્લોકબસ્ટર ફિલ્મોના પ્રીમિયર. બિગ બોસ, હવે ઈન્ટરેક્ટિવ: લોકપ્રિય રિયાલિટી ફ્રેન્ચાઈઝી 'બિગ બોસ' છ ભાષાઓમાં પરત ફરી રહી છે. પહેલીવાર, સિંગાપોર, કેનેડા અને યુકેના દર્શકો દરેક એડિશનમાં લાઈવ (LIVE) વોટિંગ કરી શકશે, જેનાથી તેઓ રિયલ ટાઈમમાં ગેમમાં સક્રિયપણે ભાગ લઈ શકશે અને રમતને પ્રભાવિત કરી શકશે. કેનેડા અને યુકેના દર્શકો 24x7 લાઈવ ફીડ જોઈ શકશે, જ્યારે કેનેડાના દર્શકો 'બિગ બોસ હિન્દી'ને ટીવી પ્રસારણના 7 દિવસ પહેલાં જ જોઈ શકશે. ગેમ શોનું નવું ફોર્મેટ: કેનેડા અને સિંગાપોરના દર્શકો અનિલ કપૂર દ્વારા હોસ્ટ કરવામાં આવતો નવો શો 'ઈન્ડિયા કા ટોપ 1 પરસેન્ટ' (India Ka Top 1 Percent) જોઈ શકશે, જે સ્પર્ધકોના તર્ક અને વિચારવાની ક્ષમતાની કસોટી કરશે.

## News Brief

### રેલવે કંપનીને મળ્યો 1100 કરોડ રૂપિયાનો આંતરરાષ્ટ્રીય ઓર્ડર, શેરમાં આવ્યો 7 ટકાનો ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી | તા.02

કંપનીના જૂન ક્વાર્ટરના પરિણામો પણ મિશ્ર રહ્યા હતા. કંપનીનો નેટ પ્રોફિટ 66.8% વધીને 50 કરોડ થયો હતો. ગયા વર્ષે સમાન ત્રિમાસિક ગાળામાં કંપનીનો નફો 30 કરોડ હતો.રેલવે સેક્ટરની કંપની Texmaco Rail and Engineeringના શેરમાં મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ જોરદાર તેજી જોવા મળી હતી. કંપનીના શેરમાં ઈન્ટ્રાડે દરમિયાન લગભગ 7%નો ઉછાળો આવ્યો હતો. આ તેજી પાછળ કંપનીને મળેલો આશરે 1,100 કરોડનો આંતરરાષ્ટ્રીય ઓર્ડર મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે. કંપનીએ સ્ટોક એક્સચેન્જને કરેલી ફાઈલિંગમાં જણાવ્યું કે Tsiko Africa Logistics અને Barberry Holdings તરફથી તેને Letter of Award મળ્યો છે. આ ઓર્ડર હેઠળ Texmaco Railને Wabtec ES43ACi ડીઝલ-ઈલેક્ટ્રિક લોકોમોટિવની ડિઝાઈનિંગ, મેન્યુફેક્ચરિંગ, સપ્લાય અને કમિશનિંગનું કામ કરવાનું રહેશે. આ લોકોમોટિવની ક્ષમતા 4,500 HP હશે. કંપનીએ આ પ્રોજેક્ટને ફાઈનલ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા બાદ 20થી 24 મહિનાની અંદર પૂર્ણ કરવાનો રહેશે. આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલો આ ઓર્ડર કંપનીના રેલવે મેન્યુફેક્ચરિંગ બિઝનેસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.Texmaco Railએ ગયા અઠવાડિયે જ જર્મનીની Bochumer Verein Verkehrstechnik GmbH (BVV) સાથે પણ એક મહત્વપૂર્ણ કરાર કર્યો હતો. બંને કંપનીઓ ભારતમાં રેલવે માટેના વ્હીલસેટ, વ્હીલ, એક્સલ અને અન્ય રેલવે કમ્પોનન્ટ્સના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ એટલે કે Joint Ventureની સંભાવનાઓ તપાસી રહી છે.

### ઓગસ્ટમાં વ્યવહારોની સંખ્યામાં ૨૨ ટકાનો જ્યારે વ્યવહારોનું કુલ મૂલ્ય ૨૦ ટકા વધ્યું

# UPIનો નવો રેકોર્ડ, ૨૪.૫૧ અબજ વ્યવહારો; મૂલ્ય રૂ. ૨૯.૮૨ લાખ કરોડ




અમદાવાદ : યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) એ ઓગસ્ટમાં વધુ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. મહિના દરમિયાન યુપીઆઈ વ્યવહારોની સંખ્યા ૨૪.૫૧ અબજ પર પહોંચી ગઈ, જે અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટી છે. મંગળવારે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, આ વ્યવહારોનું કુલ મૂલ્ય રૂ. ૨૯.૮૨ લાખ કરોડ હતું.ઓગસ્ટમાં યુપીઆઈ વ્યવહારોની સંખ્યામાં જુલાઈની તુલનામાં ૩.૬ ટકાનો વધારો થયો, જ્યારે વ્યવહારોનું કુલ મૂલ્ય ૦.૨ ટકા ઘટ્યું હતું. ઓગસ્ટ સતત બીજો મહિનો હતો જ્યારે યુપીઆઈ વ્યવહારોની સંખ્યાએ રેકોર્ડ બનાવ્યો. જુલાઈમાં, યુપીઆઈ પર ૨૩.૬૬ અબજ વ્યવહારો થયા, જેનું કુલ મૂલ્ય રૂ. ૨૯.૮૮ લાખ કરોડ હતું. દરમિયાન, મૂલ્યની દ્રષ્ટિએ યુપીઆઈ વ્યવહારોનું ઉચ્ચતમ સ્તર મે મહિનામાં નોંધાયું હતું. મે મહિનામાં ૨૩.૨ અબજ વ્યવહારો દ્વારા કુલ ૨૯.૯ લાખ કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા.ઓગસ્ટમાં યુપીઆઈ વ્યવહારોની સંખ્યામાં ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં ૨૨ ટકાનો વધારો થયો છે. વ્યવહારોનું કુલ મૂલ્ય પણ ૨૦ ટકા વધ્યું છે. યુપીઆઈ પર દૈનિક વ્યવહારોની સરેરાશ સંખ્યા ઓગસ્ટમાં ૭૯.૧ કરોડ થઈ છે જે જુલાઈમાં ૭૬.૩ કરોડ હતી. મૂલ્યની દ્રષ્ટિએ, ઓગસ્ટમાં સરેરાશ દૈનિક વ્યવહારો ૯૬,૨૦૫ કરોડ રૂપિયાના હતા, જે જુલાઈમાં ૯૬,૩૮૩ કરોડ રૂપિયા હતા.

ઓગસ્ટમાં તાત્કાલિક ચુકવણી સેવા (IMPS) દ્વારા વ્યવહારોમાં ૧ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. ઓગસ્ટમાં IMPS વ્યવહારોની સંખ્યા ઘટીને ૩૬૦ મિલિયન થઈ ગઈ, જે જુલાઈમાં ૩૬૪ મિલિયન હતી.IMPS વ્યવહારો પણ ૧ ટકા ઘટીને રૂ. ૭.૦૪ લાખ કરોડ થયા હતા. જૂનમાં, IMPS દ્વારા ૩૫૪ મિલિયન વ્યવહારો થયા હતા, જેનું કુલ મૂલ્ય રૂ. ૬.૭૭ લાખ કરોડ હતું. યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એ ઓગસ્ટમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા મુજબ, ઓગસ્ટમાં UPI વ્યવહારોની સંખ્યા 24.51 અબજ પર પહોંચી, જે અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટી છે. આ વ્યવહારોનું કુલ મૂલ્ય 29.82 લાખ કરોડ હતું. ગયા વર્ષની સરખામણીમાં વ્યવહારોની સંખ્યામાં 22% અને મૂલ્યમાં 20%નો વધારો થયો છે.

## સ્વરાજ ટ્રેક્ટર્સ અને મહિન્દ્રા સસ્ટેને પંજાબના સૌથી મોટા ગ્રુપ કેપ્ટિવ સોલર પ્રોજેક્ટ્સમાંના એકને કાર્યરત કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.02

મહિન્દ્રા ગ્રુપનો હિસ્સો ધરાવતી સ્વરાજ ટ્રેક્ટર્સ અને ગ્રુપના રિન્યુએબલ એનર્જી પ્લેટફોર્મ તથા સ્વતંત્ર વીજ ઉત્પાદક કંપની મહિન્દ્રા સસ્ટેને આજે પંજાબના ભટિંડામાં 42 MWpનો ગ્રુપ કેપ્ટિવ સોલર પ્રોજેક્ટ કાર્યરત કરવાની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ રાજ્યમાં આ પ્રકારના સૌથી મોટા ગ્રુપ કેપ્ટિવ સોલર પ્રોજેક્ટ્સમાંનો એક છે.આ પ્રોજેક્ટ સ્વરાજ ટ્રેક્ટર્સની મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીઝ માટે જરૂરી વીજળીની આશરે 50 ટકા જરૂરિયાત પૂરી કરશે. આ સાથે મહિન્દ્રા ગ્રુપની સસ્ટેનેબિલિટી પ્રતિબદ્ધતાઓને અનુરૂપ ભવિષ્ય માટે તૈયાર અને ઓછા કાર્બનવાળી મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ ઊભી કરવાની કંપનીની વ્યાપક વ્યૂહરચનામાં આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. મહિન્દ્રા સસ્ટેન દ્વારા વિકસાવવામાં આવેલા અને કાર્યરત કરાયેલા 42 MWpના આ સોલર પ્રોજેક્ટમાંથી પંજાબના મોહાલીમાં આવેલી સ્વરાજ ટ્રેક્ટર્સની ઉત્પાદન, એસેમ્બલી અને ફાઉન્ડ્રી કામગીરી માટે રિન્યુએબલ વીજળી પૂરી પાડવામાં આવશે. આશરે 141 એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા N-Type TOPCon બાયફેશિયલ સોલર મોડ્યુલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને ફિક્સ્ડ-ટિલ્ટ સ્ટ્રક્ચર પર સ્થાપિત કરવામાં આવ્યા છે. પ્રોજેક્ટની બાકી રહેલી ક્ષમતાનો ઉપયોગ પંજાબમાં આવેલી મહિન્દ્રા ગ્રુપની અન્ય કંપનીઓના વીજ વપરાશને પણ ગ્રીન એનર્જીમાં ફેરવવા માટેનો પ્રસ્તાવ છે.પ્રોજેક્ટના કમિશનિંગ અંગે સ્વરાજ ડિવિઝન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ગગનજોત સિંહે જણાવ્યું હતું કે, "લગભગ અડધી સદી પહેલાં સ્વરાજની સ્થાપના આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના સિદ્ધાંતો પર કરવામાં આવી હતી. આજે જ્યારે ભારત અશ્મિભૂત ઈંધણ પરની પોતાની નિર્ભરતા ઘટાડી રહ્યો છે અને લોકો માટે વધુ હરિયાળા પર્યાવરણ તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે સ્વરાજને બેવડી વ્યૂહરચના દ્વારા તેમાં યોગદાન આપવાનો ગર્વ છે.

## મહારાષ્ટ્ર સરકારના પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગે MCW 2027 માટે આબોહવા પગલાંને મજબૂત બનાવવા પ્રોજેક્ટ મુંબઈ સાથે ભાગીદારી કરી

અમદાવાદ : ફેબ્રુઆરી 2027માં યોજાનારા મુંબઈ ક્લાઈમેટ વીક (MCW)ના બીજા સંસ્કરણ પૂર્વે, મહારાષ્ટ્ર સરકારના પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગ અને પ્રોજેક્ટ મુંબઈએ સંસ્થાકીય સંકલનને મજબૂત બનાવવા અને શહેરના આબોહવા પગલાં અંગેના સંવાદમાં વધુ સરકારી ભાગીદારીને સમર્થન આપવા માટે એક સમજૂતી કરાર (MoU) કર્યો છે. મુંબઈ ક્લાઈમેટ વીકનું આયોજન 23થી 26 ફેબ્રુઆરી દરમિયાન જિયો કન્વેન્શન સેન્ટર, મુંબઈ, ભારત ખાતે કરવામાં આવશે. MoU હેઠળ, મહારાષ્ટ્ર સરકારનો પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગ, MCW 2027 માટે



મહારાષ્ટ્ર સરકારની નોડલ ભાગીદાર એજન્સી તરીકે સેવા આપશે. એક નોલેજ પાર્ટનર તરીકે, વિભાગ પ્રોજેક્ટ મુંબઈને ક્લાઈમેટ પ્લેટફોર્મના બીજા સંસ્કરણની યજમાનીમાં સહયોગ આપશે અને સંબંધિત સરકારી વિભાગો અને એજન્સીઓ સાથે સંકલનની સુવિધા પૂરી પાડશે. વિભાગ MCW 2027ના થીમ લીડ્સ અને મહારાષ્ટ્ર સરકારના સંબંધિત મંત્રાલયો, કમિશનરો અને સચિવો, જેમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (MMRDA) અને **બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)**નો સમાવેશ થાય છે, વચ્ચે સમયબદ્ધ સંકલન અને બેઠકોની સુવિધા પૂરી પાડશે.ભાગીદારીનું એક મુખ્ય ધ્યાન MCW 2027માંથી ઉદ્ભવતા સંવાદ અને વિષયક કાર્ય–ખાસ કરીને શહેરી સ્થિતિસ્થાપકતા, ફૂડ સિસ્ટમ્સ, ઊર્જા પરિવર્તન, જૈવવિવિધતા અને સર્ક્યુલારિટી–અને જમીન પર કાર્યરત સરકારી સંસ્થાઓ વચ્ચે વધુ મજબૂત જોડાણ ઊભું કરવા પર રહેશે. MCW આબોહવા અને તેના સાહિત્ય, ખોરાક, રમતગમત, સિનેમા અને આરોગ્યસંભાળ સાથેના આંતરસંબંધોનું પણ અન્વેષણ કરશે.ભાગીદારી અંગે ટિપ્પણી કરતાં, શ્રીમતી પંકજા મુંડે, મંત્રી, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન, મહારાષ્ટ્ર,એ જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્રનો પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગ પ્રોજેક્ટ મુંબઈ સાથે મુંબઈ ક્લાઈમેટ વીક (MCW) 2027 માટે ભાગીદારી કરીને ખુશ છે.

## પેટ્રોલ-ડીઝલને લઈને સરકારનો મોટો નિર્ણય, નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધાર્યો, સામાન્ય લોકો પર શું થશે અસર?

(એજન્સી) નવી દિલ્હી | તા.02

સરકારે 1 સપ્ટેમ્બર, 2026ના રોજ પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધાર્યો છે. પેટ્રોલ પર હવે 1.50 રૂપિયા પ્રતિ લિટર ટેક્સ લાગશે, જ્યારે ડીઝલ પરનો ટેક્સ 24 રૂપિયાથી વધારીને 25 રૂપિયા પ્રતિ લિટર કરાયો છે. જોકે, ATF પરનો ટેક્સ 19.50 રૂપિયાથી ઘટાડીને 19 રૂપિયા પ્રતિ લિટર કરાયો છે. આ નિર્ણયનો હેતુ સ્થાનિક બજારમાં ઈંધણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે અને તેની સામાન્ય જનતા પર સીધી અસર નહીં થાય.ખાંડ અને દૂધના ભાવમાં તાજેતરમાં થયેલા વધારાથી સામાન્ય જનતા પહેલાથી જ પરેશાન છે, ત્યારે હવે સરકારે પેટ્રોલ અને ડીઝલ અંગે પણ એક મોટો નિર્ણય લીધો છે. સરકારે તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર લાગતો વિન્ડફોલ ટેક્સ વધારી દીધો છે. સરકારનો આ નિર્ણય 1 સપ્ટેમ્બર 2026ના રોજ આવ્યો છે, જ્યારે બજારમાં પહેલાથી જ ઘણી ચીજવસ્તુઓના ભાવમાં ફેરફાર જોવા મળી રહ્યો છે.સરકારે પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર 1.50 રૂપિયા લેખે નવો ટેક્સ લાગુ કર્યો છે, અગાઉ તેના પર કોઈ ટેક્સ નહોતો. જ્યારે ડીઝલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી (SAED) અને રોડ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ મળીને લાગતો કુલ ટેક્સ પ્રતિ લિટર 24 રૂપિયાથી વધારીને હવે 25 રૂપિયા કરી દેવામાં આવ્યો છે.સરકારે માત્ર પેટ્રોલ-ડીઝલ જ નહીં પરંતુ વિમાનના ઈંધણ એટલે કે ATF અંગે પણ મહત્વનો નિર્ણય લીધો છે. તાજેતરમાં ATFના ભાવ વધ્યા બાદ સરકારે તેના ટેક્સમાં થોડી રાહત આપી છે. સરકારે ATFની નિકાસ પરનો ટેક્સ 19.50 રૂપિયાથી ઘટાડીને 19 રૂપિયા પ્રતિ લિટર કર્યો છે.નાણા મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડીને આ ફેરફારો અંગે માહિતી આપી છે. જોકે, દેશમાં સામાન્ય વપરાશ માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલના સ્થાનિક ટેક્સ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ટેક્સમાં વધારો થયા બાદ લોકોમાં એવી આશંકા હતી કે તેનો બોજ સામાન્ય જનતા પર પડશે. જોકે, આ નિર્ણયની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર નહીં પડે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે પેટ્રોલિયમ પેદાશોની પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવાનો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધતાં કંપનીઓ વધુ નફા માટે વિદેશમાં ઈંધણ વેચી ન દે તે માટે નિકાસને નિયંત્રિત કરવા સરકારે આ વિન્ડફોલ ટેક્સ વધાર્યો છે.

## વીગાલેન્ડ ડેવલપર્સ લિમિટેડનો આઈપીઓ ગુરુવાર, 10 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.02

વીગાલેન્ડ ડેવલપર્સ લિમિટેડે તેના આઈપીઓની વિગતો જાહેર કરી છે. આઈપીઓ માટે બિડીંગ ગુરુવાર, 10 સપ્ટેમ્બર, 2026ના રોજ શરૂ થશે અને મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ માટે બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ની તારીખ નક્કી કરવામાં આવી છે. ઈશ્યૂ માટે પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. 130થી રૂ. 140 નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 107 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 107 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. ક્યુમ્યુલેટિવ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે. આ ઈશ્યૂમાં પ્રત્યેક રૂ. 10 ની ફેસ વેલ્યુ ધરાવતા મહત્તમ 1,50,00,000 સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેનું કુલ મૂલ્ય રૂ. 210 કરોડ સુધીનું છે. ઈશ્યૂમાં ઓફર ફોર સેલ (ઓએફએસ)નો કોઈ હિસ્સો નથી.વીગાલેન્ડ ડેવલપર્સ ભારતના કેરળમાં મલ્ટી-સ્ટોરી રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટ પ્રોજેક્ટ્સના આયોજન, વિકાસ અને વેચાણ સાથે સંકળાયેલી રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની છે. કંપનીના પ્રોજેક્ટ્સ મીડ-પ્રીમિયમ, પ્રીમિયમ, અલ્ટ્રા-પ્રીમિયમ, લક્સ-સિરીઝ અને અલ્ટ્રા-લક્ઝરી રેસિડેન્શિયલ સેગમેન્ટમાં ડેવલપ કરવામાં આવે છે અને રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ (રેરા)ની લાગુ જોગવાઈઓ અનુસાર અમલમાં મૂકવામાં આવે છે. 8 ડિસેમ્બર, 2025ના રોજની સ્થિતિ મુજબ, ઈકરાના અહેવાલ અનુસાર, કંપની કેરળમાં સૌથી ઝડપથી વેચાણ કરતી રિયલ એસ્ટેટ ડેવલપર છે અને કેરળ રાજ્યની જાણીતી રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપર્સમાંની એક છે.

## ખાંડના વેપારીઓ માટે મોટો નિર્ણય: હવે 2,000 ક્વિન્ટલથી વધુ સ્ટોક નહીં રાખી શકાય

(એજન્સી) નવી દિલ્હી | તા.02

ખાંડના વધતા ભાવ અને સંગ્રહખોરીને રોકવા માટે કેન્દ્ર સરકારે વેપારીઓ પાસે રાખી શકાય તેવા ખાંડના જથ્થાની મર્યાદા ઘટાડવાનો નિર્ણય લીધો છે. હવે દેશના મોટાભાગના વિસ્તારોમાં ખાંડના ડીલરો એક સમયે વધુમાં વધુ 2,000 ક્વિન્ટલ ખાંડનો જથ્થો રાખી શકશે. અગાઉ આ મર્યાદા 4,000 ક્વિન્ટલ હતી. આ નવો નિયમ 15 સપ્ટેમ્બર 2026થી 30 નવેમ્બર 2026 સુધી લાગુ રહેશે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા મુજબ, નિર્ણયનો મુખ્ય હેતુ ખાંડની જમાખોરી અને સટ્ટાબાજી પર નિયંત્રણ લાવવાનો છે. સરકાર ઈચ્છે છે કે બજારમાં ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે અને ગ્રાહકોને યોગ્ય ભાવે ખાંડ મળી શકે. નવા નિયમ મુજબ વેપારીઓએ ખાંડનો જથ્થો લાંબા સમય સુધી સંગ્રહ કરી રાખી શકાશે નહીં. જે દિવસે ખાંડની ડિલિવરી મળે, તે દિવસથી 30 દિવસથી વધુ સમય સુધી તેનો સ્ટોક રાખવાની મંજૂરી નહીં હોય. ઉપરાંત, દેશમાં કોઈપણ સ્થળે એક વેપારી પાસે એક સમયે 2,000 ક્વિન્ટલથી વધુ ખાંડનો જથ્થો નહીં હોવો જોઈએ. જોકે કોલકાતા અને તેની આસપાસના મહાનગર વિસ્તારમાં જૂની 4,000 ક્વિન્ટલની મર્યાદા યથાવત રાખવામાં આવી છે. તેનું કારણ એ છે કે કોલકાતા મારફતે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી આવતી ખાંડ પૂર્વ ભારત તેમજ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં પહોંચાડવામાં આવે છે. તેથી અહીં મર્યાદા ઘટાડવાથી સપ્લાય ચેઈન પર અસર પડી શકે છે. સરકારે અગાઉ 1 ઓગસ્ટ 2026થી ખાંડના વેપારીઓ માટે સ્ટોકની મર્યાદા 4,000 ક્વિન્ટલ નક્કી કરી હતી.

### AI અને ક્વિક કોમર્સના દમ પર ૨૦૩૦

## ભારતનું ઈ-કોમર્સ માર્કેટ ૩૪૫ બિલિયન યુએસ ડોલરે પહોંચશે: અનિફિસમ રિપોર્ટ

નવી દિલ્હી: રિસર્ચ કન્સલ્ટન્સી 'અનિફિસમ' (Infisum) દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રિપોર્ટ "સ્માર્ટ ગ્રોથ ઈન અ ફાસ્ટ માર્કેટ" મુજબ, ભારતનું ઈ-કોમર્સ ક્ષેત્ર વૃદ્ધિ અને નવીનતાના એક તદ્દન નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. દેશનું ઈ-કોમર્સ માર્કેટ ૨૦૨૪ના 125 બિલિયન યુએસ ડોલરથી લગભગ ત્રણ ગણું વધીને ૨૦૩૦ સુધીમાં 345 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. જાહેર નીતિ ક્ષેત્રે કામ કરતા થિંક-ટેન્ક 'એમ્પાવર ઈન્ડિયા'ના સહયોગથી તૈયાર કરાયેલા આ રિપોર્ટમાં ભારતના ડિજિટલ કોમર્સ ઈકોસિસ્ટમને આકાર આપનારા માળખાકીય વલણોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.રિપોર્ટના તારણો અનુસાર, ક્વિક કોમર્સ એ ક્ષણિક ટ્રેન્ડ નથી પરંતુ કાયમી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની ગયું છે, જે ૨૦૩૦ સુધીમાં 65-70 બિલિયન યુએસ ડોલરના મૂલ્યાંકન સાથે વધારાના ઈ-રિટેલ ગ્રોથમાં 45-50% યોગદાન આપશે. આ વિસ્તરણને ટેકો આપવા માટે દેશનું ડાર્ક સ્ટોર નેટવર્ક ૨૦૨૫ના 2,525 સ્ટોર્સથી લગભગ ત્રણ ગણું વધીને ૨૦૩૦ સુધીમાં અંદાજે 7,500 સુધી પહોંચવાનો અંદાજ છે. આ માર્કેટમાં બ્લિંકિટ 44% માર્કેટ શેર સાથે અગ્રેસર છે, જ્યારે ઝેપ્ટો 25% અને સ્વિગી ઈન્સ્ટામાર્ટ 20% હિસ્સો ધરાવે છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) રિટેલ પ્રોડક્ટિવિટીનું મુખ્ય પરિબળ બનશે, જેનાથી ૨૦૩૦ સુધીમાં પ્રોડક્ટિવિટીમાં 35-37% નો સુધારો થવાનો અંદાજ છે. કન્વર્સેઝનલ કોમર્સ, AI-સંચાલિત શોપિંગ આસિસ્ટન્ટ્સ અને વોઈસ-સંચાલિત શોપિંગ ગ્રાહકોની ખરીદીની રીતને બદલી રહ્યા છે. આ ઉપરાંત, જનરેશન Z અને ટાયર II-III શહેરોમાંથી આવતા ગ્રાહકો આ ગ્રોથની નવી લહેરને વેગ આપી રહ્યા છે, કારણ કે 66% નવા D2C ઓર્ડર આ જ ક્ષેત્રોમાંથી આવી રહ્યા છે.વધતી નિકાલજોગ આવક અને ઈન્ટરનેટના વ્યાપને કારણે ભારતનું ઈ-કોમર્સ માર્કેટ વાર્ષિક 18.4% ના દરથી વધશે. આ દાયકાના અંત સુધીમાં તે 420-440 મિલિયન ઓનલાઈન ગ્રાહકોને સેવા આપશે. જો કે, વધતા ફ્રોડ રિસ્ક અને નફાકારકતાના દબાણો જેવા પડકારો વચ્ચે સસ્ટેનેબલ બિઝનેસ મોડલ્સ અપનાવવા અનિવાર્ય બનશે.

### સપનાનું ઘર | પાર્ટનરની ઈનકમ હોવી જરૂરી છે.જોકે જોઈન્ટ હોમ લોનને લઈને મનમાં સવાલ ચોક્કસ થાય છે

# જોઈન્ટમાં હોમ લોન લીધી હોય અને એકનું મોત થઈ જાય તો EMI કોણ ભરશે?



(એજન્સી) નવી દિલ્હી | તા.02

સપનાનું ઘર ખરીદવા લોકો જોઈન્ટ હોમ લોન લે છે, જેમાં પતિ-પત્ની, માતા-પુત્ર જેવા સંબંધો ધરાવતા પાર્ટનર સાથે મળીને લોન લઈ શકે છે. આનાથી વધુ લોન મળે છે અને EMI પણ વહેંચાઈ જાય છે. જોકે, લોન ચુકવણી દરમિયાન એક પાર્ટનરનું મૃત્યુ થાય તો, બાકીની EMIની સંપૂર્ણ જવાબદારી જીવિત પાર્ટનરની રહે છે. જો EMI ન ભરાય તો બેંક મિલકત જપ્ત કરી શકે છે. તેથી, હોમ લોન સાથે વીમો લેવો અત્યંત જરૂરી છે, જેથી પરિવાર પર બોજ ન આવે. વર્તમાન સમયમાં સપનાનું ઘર ખૂબ મોંઘું થઈ ગયું છે. આવી સ્થિતિમાં લોકો ઘર ખરીદવા માટે જોઈન્ટ હોમ લોન (Joint Home Loan) લઈ રહ્યા છે. આનો એ ફાયદો થાય છે કે જોઈન્ટ લોનમાં બંને પાર્ટનરની કમાણી જોડાવાથી વધારે હોમ લોન મળી જાય છે અને દર મહિને EMI પણ વહેંચાઈ જાય છે. જોકે હોમ લોન રિલેશનશિપ પાર્ટનરને મળે છે, જેમ કે પતિ-પત્ની, પિતા-પુત્ર, પિતા-પુત્રી, પુત્ર અને માતા, પુત્રી અને માતા મળીને હોમ લોન લઈ શકે છે. જોકે પાર્ટનરની ઈનકમ હોવી જરૂરી છે.જોકે જોઈન્ટ હોમ લોનને લઈને મનમાં સવાલ ચોક્કસ થાય છે કે, જો હોમ લોન ચૂકવવા દરમિયાન એક પાર્ટનરનું મૃત્યુ થઈ જાય તો તે લોનનું શું થશે? શું બેન્ક EMI માફ કરી દે છે કે પછી બીજા પાર્ટનરની પણ EMI ભરવી પડશે? જોઈન્ટ હોમ લોન ચૂકવવાની એટલે કે EMIની જવાબદારી બંને પાર્ટનરની હોય છે. પરંતુ જો કોઈ એક પાર્ટનરનું મૃત્યુ થઈ જાય તો બાકીની EMIની જવાબદારી ખતમ નથી થતી. આવી સ્થિતિમાં હયાત પાર્ટનરે જ EMI ચૂકવવી પડે છે. લોનની ગેરંટી ઘર હોય છે, તેથી લોન ન ચૂકવવા પર બેન્ક નિયમો હેઠળ પ્રોપર્ટીમાંથી રકમ વસૂલ કરી શકે છે. એક પાર્ટનરના મૃત્યુ બાદ પણ બીજા પાર્ટનરે બાકીની લોન ભરવી પડશે, નહિતર સંપત્તિ સીઝ થઈ શકે છે.હોમ લોનમાં ઈન્સ્યોરન્સ હોવો ખૂબ જરૂરી છે. જો કોઈ કારણોસર વ્યક્તિનું મૃત્યુ થઈ જાય તો લોનનો બોજ પરિવાર પર પડે છે. એવામાં જો ઈન્સ્યોરન્સ હોય તો વીમામાંથી મળતી રકમથી બાકીની લોન ચૂકવી શકાય છે. જો મૃત્યુ પામેલા વ્યક્તિના હિસ્સાની લોનનો વીમો લેવાયેલો હોય તો વીમા કંપની બાકીની રકમનો પૂરો હિસ્સો ચૂકવી દે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -07

# EOS-05 : ભારતના પૃથ્વી, જળ, વાયુ ઉપર ઈસરોની નજર

ઈસરો અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવાની તૈયારીમાં છે. ઈસરો ૪ સપ્ટેમ્બરના રોજ શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી એક અત્યંત મહત્વપૂર્ણ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ ઉપગ્રહનું મૂળ નામ GISAT-1A (જિયો ઈમેજિંગ સેટેલાઈટ-૧એ) છે, જેને ઈસરોના નવા નામકરણના નિયમ મુજબ EOS-05 (Earth Observation Satellite-05) તરીકે ઓળખવામાં આવશે. આ સેટેલાઈટનું મુખ્ય કાર્ય અવકાશમાંથી ભારતીય ઉપમહાદ્વીપ અને સરહદી વિસ્તારો પર દિવસ-રાત સતત બાજ નજર રાખવાનું છે. સામાન્ય પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની સરખામણીએ EOS-05 ની ક્ષમતા ઘણી અદ્યતન અને વિશિષ્ટ છે. તે અત્યંત ઊંચાઈ પર રહીને દેશના વિશાળ ભૂભાગની વારંવાર અને ઝડપી તસવીરો લેવામાં સક્ષમ છે. આ મિશનથી દેશની કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ આવવાની પૂરી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, પૃથ્વીની ભ્રમણકક્ષાઓના પ્રકાર અને EOS-05 નું સ્થાન અવકાશમાં કોઈ પણ ઉપગ્રહને મોકલ્યા પછી તેને પૂર્વ-નિર્ધારિત કક્ષામાં સ્થાપિત કરવામાં આવે છે. સેટેલાઈટ કયા હેતુ માટે કામ કરશે તેના આધારે તેની કક્ષા નક્કી થાય છે. પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે મુખ્યત્વે આ કક્ષાઓનો ઉપયોગ થાય છે. સૌથી પહેલાં તો લો અર્થ ઓર્બિટમાં ઉપગ્રહો છોડવામાં આવે છે. પૃથ્વીની સપાટીથી તેની ઉંચાઈ અંદાજે ૨૦૦થી ૧૨૦૦ કિલોમીટર જેટલી હોય છે. આ ભ્રમણકક્ષાની ખાસિયત એ છે કે, તે પૃથ્વીની અત્યંત નજીક હોવાથી અહીંથી કોઈ ઓબ્જેક્ટ સ્થળની ખૂબ જ સ્પષ્ટ, વિસ્તૃત અને હાઈ-રિઝોલ્યુશન તસવીરો મેળવી શકાય છે. બીજી તરફ આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીની આસપાસ ખૂબ ઝડપથી ભ્રમણ કરે છે (આશરે ૯૦ મિનિટમાં એક ચક્કર). આથી, તે કોઈ ઓબ્જેક્ટ ભૂભાગ પર સતત નજર રાખી શકતો નથી. તે દિવસમાં માત્ર થોડીવાર માટે જ તે વિસ્તાર ઉપરથી પસાર થાય છે. તેથી ઘણા ઉપગ્રહો અહીંયા યોગ્ય પરિણામ આપી શકતા નથી.

બીજી તરફ જિઓસિંક્રોનસ અથવા તો જિઓસ્ટેશનરી ઓર્બિટ નામની ભ્રમણ કક્ષા આવે છે. તે પૃથ્વીની સપાટીથી આશરે ૩૫,૭૮૬ કિલોમીટરની ઉંચાઈએ આવેલી ભ્રમણકક્ષા છે. આ કક્ષાની વિશેષતા એવી છે કે, આ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીના પરિભ્રમણની ગતિ (૨૪ કલાક) સાથે તાલમેલ સાધીને ફરે છે. પરિણામે, પૃથ્વી પરથી જોતાં સેટેલાઈટ આકાશમાં એક જ જગ્યાએ સ્થિર હોય તેવો ભાસ થાય છે. હવામાનની આગાહી કરતા ઉપગ્રહો સામાન્ય રીતે આ જ કક્ષામાં મૂકવામાં આવે છે જેથી વાદળો અને વાવાઝોડાની હિલચાલ સતત નોંધી શકાય. દેશના ઋતુચક્ર અથવા તો હવામાનમાં થતા ફેરફારોનું નિરીક્ષણ કરવા અને તેના માટે એલર્ટ આપવા માટે આ કક્ષામાં રહેલા ઉપગ્રહોનો ઉપયોગ કરવામાં આવે છે.

ત્યારબાદ આવે છે હાયર જિઓસિંક્રોનસ ઓર્બિટ. તે સૌથી ઉપરની કક્ષા છે. તે અંદાજે ૩૬,૦૦૦ કિ.મી કરતા વધુ ઉંચાઈ ધરાવતી ભ્રમણકક્ષા છે. નવા ઉપગ્રહ EOS-05ને પણ આ જ ભ્રમણકક્ષામાં મુકવામાં આવશે. આ ઉપગ્રહને છોડવા માટેની આ ભ્રમણકક્ષાની વિશેષતા એવી છે કે, તે પૃથ્વીની વિશાળ ઈમેજ બનાવવામાં સરળતા આપે છે. તે ઉપરાંત EOS-05ને પરંપરાગત નીચી કક્ષામાં મૂકવાને બદલે હાયર જિઓસિંક્રોનસ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. આશરે ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએથી ઉપગ્રહનો દ્રષ્ટિકોણ ખૂબ વ્યાપક બને છે. ત્યાંથી તે એક વિશાળ વિસ્તારને એકસાથે સતત જોઈ શકે છે. કોઈ એક નાની જગ્યાની ઝીણવટભરી તસવીર લેવાને બદલે સમગ્ર ભારતીય પ્રદેશમાં ઝડપથી થતા ફેરફારો પર સતત નજર રાખવી એ આ કક્ષાનો સૌથી મોટો ફાયદો છે. આ EOS-05 સેટેલાઈટનું વજન આશરે ૨,૩૬૭ કિલોગ્રામ છે. તેમાં અત્યાધુનિક ઓપ્ટિકલ અને ઈન્ફ્રારેડ સેન્સર્સ લગાવવામાં આવ્યા છે, જે વાદળ વગરના વાતાવરણમાં સતત ડેટા મોકલતા રહેશે.

## નાણાંની ધિરધાર કરનારાઓને ગુજરાત નાણાંની ધિરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧નું પાલન કરવા સૂચના

માહીતી બ્યુરો, પાલનપુર | શાહુકારોના નિબંધક તથા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા દ્વારા ગુજરાત નાણાંની ધિરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ તથા નિયમો-૨૦૧૩ની જોગવાઈઓનું પાલન કરવા જિલ્લામાં નાણાંની ધિરધારનો વ્યવસાય કરતા તમામ વ્યક્તિઓને સૂચના આપવામાં આવી છે. અધિનિયમની જોગવાઈ મુજબ નાણાંની ધિરધાર કરનારાઓએ તેમના દ્વારા કરવામાં આવતા ધિરાણની વિગતો દર માસે e-Cooperative Portal ઉપર ઓનલાઈન અપલોડ કરવી ફરજિયાત છે. પોર્ટલ ઉપર ધિરાણની વિગતો અપલોડ કરવામાં નહીં આવે અને વાસ્તવમાં ધિરાણની પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાનું જણાશે તો અધિનિયમની કલમ-૨૧નો ભંગ થયેલ હોવાનું માની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં અધિનિયમની કલમ-૨૨ મુજબ દર વર્ષે વર્ષ પૂર્ણ થયા બાદ ૪૫ દિવસની અંદર દરેક દેણદારના હિસાબ તથા તેમના ખાતે બાકી રહેલી રકમની વિગતો દર્શાવતું નિયત નમૂનાનું પત્રક તૈયાર કરી રજૂ કરવાનું રહેશે. આ જોગવાઈનું પાલન નહીં કરનાર સામે કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અધિનિયમની કલમ-૨૩ મુજબ નાણાંની ધિરધાર કરનારના હિસાબોનું દર વર્ષે ઓછામાં ઓછું એક વખત ઓડિટ કરાવવાનું રહેશે. વાર્ષિક રૂ. ૫૦ લાખથી વધુ ધિરાણ ધરાવતા નાણાં ધિરધાર કરનારાઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફતે ઓડિટ કરાવી, વર્ષ પૂર્ણ થયા બાદ નિયત સમયમર્યાદામાં ઓડિટ રિપોર્ટ અત્રેની કચેરીમાં રજૂ કરવાની તેમજ e-Cooperative Portal ઉપર ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. જે નાણાં ધિરધાર કરનારાઓનું વાર્ષિક ધિરાણ રૂ. ૫૦ લાખથી ઓછું હોય તેઓએ પણ વૈધાનિક ઓડિટર મારફતે ફરજિયાત ઓડિટ કરાવી, નિયત સમયમર્યાદામાં ઓડિટ રિપોર્ટ પોર્ટલ ઉપર ઓનલાઈન અપલોડ કરવાનો તથા કચેરીમાં રજૂ કરવાનો રહેશે. જોગવાઈઓનું પાલન નહીં કરવામાં આવે તો નાણાં ધિરધારનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત, વાર્ષિક રૂ. ૫૦ લાખથી ઓછું ધિરાણ કરનારાઓએ તેમના ધિરાણની વર્ષવાર યાદી તૈયાર કરી ૧૦ દિવસની અંદર શાહુકારોના નિબંધક તથા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠાની કચેરી ખાતે અચૂકપણે રજૂ કરવાની રહેશે.ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ નાણાંની ધિરધાર કરનારાઓ માટે e-Cooperative Portal ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. હજુ સુધી પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવ્યું ન હોય અને નાણાંની ધિરધારની પ્રવૃત્તિ કરતા હોય તેવા તમામ વ્યક્તિઓએ તાત્કાલિક ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન વિના ધિરાણની પ્રવૃત્તિ કરનારને અનધિકૃત ધિરાણ ગણવામાં આવી કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાના તમામ નાણાં ધિરધાર કરનારાઓને અધિનિયમ-૨૦૧૧ તથા નિયમો-૨૦૧૩ની તમામ જોગવાઈઓનું સમયસર પાલન કરી જરૂરી વિગતો, હિસાબો, ઓડિટ રિપોર્ટ તથા ધિરાણની યાદીઓ નિયત સમયમર્યાદામાં રજૂ કરવા અને e-Cooperative Portal ઉપર જરૂરી વિગતો ઓનલાઈન અપલોડ કરવા શાહુકારોના નિબંધક તથા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર સામે નિયમોનુસાર કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## કંસારા સમાજના મહિલા અગ્રણી અને સાવરકુંડલા ભાજપ કોષાધ્યક્ષ હીનાબેન કાણકિયાને સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટના તાલુકા મહિલા પ્રમુખની જવાબદારી

મહેશ એલ. સોની | નખત્રાણા

સાવરકુંડલા તાલુકા સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટના મહિલા પ્રમુખ પદે શ્રીમતી હીનાબેન જયેશભાઈ કાણકિયાની વરણી કરવામાં આવી છે.સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટ, ભારત મહિલા સંગઠન સમિતિની વાર્ષિક બેઠક તાજેતરમાં પેથાપુર (ગાંધીનગર) ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં દ્વારકાપીઠના જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના આશીર્વાદ, પૂજ્ય મુક્તાનંદજી બાપુના માર્ગદર્શન, રાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતી ઉષા કપૂરના અધ્યક્ષપદે અને અમરેલી જિલ્લા પ્રમુખ શ્રીમતી હીનાબેન રાવલના નેતૃત્વ હેઠળ નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં



પૂજ્ય મુક્તાનંદજી બાપુના હસ્તે હીનાબેનને નિમણૂક પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.નવી જવાબદારી અંગે હીનાબેન કાણકિયાએ જણાવ્યું હતું કે સાવરકુંડલા તાલુકામાં સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર, શાસ્ત્ર વાંચન, મંદિર સ્વચ્છતા અને જાળવણી, ધાર્મિક તહેવારોની ઉજવણી, મહિલા સશક્તિકરણની સાથે શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાકીય પ્રવૃત્તિઓને ઘર-ઘર સુધી પહોંચાડવાનો સંકલ્પ છે.અત્રે ઉલ્લેખનીય છેકે હિના બેન ભારતીય જનતા પાર્ટીના સાવરકુંડલા શહેર કોષાધ્યક્ષ તેમજ તાલુકા પતંજલિ યોગ સમિતિના અધ્યક્ષ હોવા સાથેવિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે તેમજ સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહેતા હોય છે.

## નર્મદા જિલ્લા કલેક્ટર ની અધ્યક્ષતામાં રાજપીપલા ની સિવિલ હોસ્પિટલની કામગીરી અંગે રિવ્યુ બેઠક યોજાઈ

સત્યવલંબ બારોટ

રાજપીપલા | જિલ્લા કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે સિવિલ હોસ્પિટલની કામગીરી અંગે રિવ્યુ બેઠક યોજાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ બેઠક દરમિયાન કલેકટરે હોસ્પિટલની વિવિધ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. ઉપરાંત બેઠકમાં મેડિકલ સુપ્રિટેન્ડન્ટદ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી કલેક્ટર દ્વારા અગાઉ આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને કરવામાં આવેલી કામગીરીની વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ દરમિયાન હોસ્પિટલમાં ઉપલબ્ધ મેડિકલ સ્ટાફ, ઓપીડીની કામગીરી, ક્લિનિકલ ઈન્ડિકેટર્સ, દર્દીઓને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર સેવાઓ અંગે કલેક્ટરે માહિતી



મેળવી હતી.વધુમાં, કલેક્ટર ગંગાસિંઘે હોસ્પિટલની સાફ-સફાઈની વ્યવસ્થા, દર્દીઓ માટેના વોટર કુલર, ઓપીડી વેઈટિંગ એરિયાની સુવિધા સહિતની વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી હતી. હોસ્પિટલના મેડિકલ તથા પેરામેડિકલ સ્ટાફને ફિલ્ડમાં કામગીરી દરમિયાન પડતી મુશ્કેલીઓ અને જરૂરી સુવિધાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા કલેક્ટર ગંગા સિંઘે હોસ્પિટલમાં આવતા દર્દીઓને સલામત, ગુણવત્તાયુક્ત અને સમયસર સારવાર મળી રહે તે બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા મેડિકલ સ્ટાફને અનુરોધ કર્યો હતો. તેમજ દર્દીઓની સલામતી, સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જરૂરી તકેદારી રાખવા સૂચના આપી હતી.

## બગસરાના પીઠડીયા ગામે અમરેલી કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે મુલાકાત લીધી

અશોક મણવર અમરેલી

બગસરા તાલુકાના પીઠડીયા ગામે અમરેલી કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા મુલાકાત લીધી જેમાં બગસરા પ્રાંત શ્રી કે. વી.નંદા સાહેબ બગસરા મામલતદાર શ્રી પી.આર પરમાર સાહેબ તેમજ વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓને સાથે રાખી અમરેલી કલેકટરશ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા પીઠડીયા ગ્રામ પંચાયત રેકર્ડ અલગ અલગ અલગ અલગ તપાસણી કરી



બગસરા પ્રાંત કે.વી.નંદા મામલતદાર આર.પરમાર સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા.પીઠડીયા ગ્રામ પંચાયતના રેકર્ડ ચકાસણી કરી

સાથે સ્કૂલ સ્ટાફ મધ્યાન ભોજન , આંગણવાડી કેન્દ્ર આરોગ્ય કેન્દ્રના સ્ટાફ તેમજ આરોગ્ય કેન્દ્રમાં દવાઓ ચકાસણી કરી અને રજીસ્ટર ચેક કરવામાં આવ્યા અને સરપંચ તેમજ તાલુકા પંચાયત સદસ્યશ્રી અને ગ્રામ પંચાયત ના સદસ્યોની મુલાકાત કરી આ તકે કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ અને પ્રાંત અધિકારી કે.વી. સાહેબને પુષ્પો આપી સન્માનિત કરવામાં આવ્યા.

## અંબાજી ભાદરવી પૂનમ મેળો-૨૦૨૬: યાત્રાળુઓના સ્વાસ્થ્ય હિતાર્થે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન ચકાસણી ઝુંબેશ

મહેશ એલ.સોની

આગામી ભાદરવી પૂનમ મેળો-૨૦૨૬ દરમિયાન અંબાજી ખાતે મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવનાર હોવાથી યાત્રાળુઓને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર દ્વારા ફૂડ સેફટી વાન મારફતે અંબાજી ખાતે વિવિધ સ્ટ્રીટ ફૂડ વેન્ડરો તથા ખાદ્ય પેઢીઓની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.આ તપાસ દરમિયાન કુલ ૭૨ ખાદ્ય પેઢીઓની તપાસ કરવામાં આવી હતી તેમજ સ્થળ પર કુલ ૮૩ ખાદ્ય સામગ્રીના ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અખાદ્ય જણાયેલી સામગ્રી સામે તાત્કાલિક કાર્યવાહી



ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કાર્યવાહી: અંબાજીમાં ૮૩ ખાદ્ય સામગ્રીનું ઓન-ધ-સ્પોટ ટેસ્ટિંગ, નિયમોના પાલન માટે આદેશ

કરી સ્થળ પર જ ૭ લીટર બળેલું તેલ, ૩ કિલોગ્રામ પેપર પસ્તી (પેકિંગ/પીરસવા માટે વપરાતી સામગ્રી) તેમજ સિન્થેટિક કલરની ૨ ડબ્બીઓનો નાશ કરાવવામાં આવ્યો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તમામ ખાદ્ય વેપારીઓ તથા સ્ટ્રીટ ફૂડ વેન્ડરોને ખાદ્ય સામગ્રીની ગુણવત્તા જાળવવા, સ્વચ્છતા અંગેના નિયમોનું પાલન કરવા તેમજ યાત્રાળુઓને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી જ પીરસવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.ભાદરવી પૂનમ મેળા દરમિયાન યાત્રાળુઓના આરોગ્ય અને સલામતીને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા તથા ખાદ્ય સલામતીના ધોરણોનું પાલન થાય તે માટે તંત્ર દ્વારા આવી તપાસ અને કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

### નાગપંચમી ના દિવસે યોજાયો મેળો, લુણસાપુરીયા દાદા ના દર્શનાથે આવતા

## શ્રદ્ધાળુઓ માટે પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ ચા- નાસ્તા ફરાળની વ્યવસ્થા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના લુણસાપૂર ગામ ખાતે શ્રી લુણસાપુરીયા દાદાના મંદિરે દર વર્ષે નાગપંચમી (નાગ પાંચમ) ના પવિત્ર દિવસે ભવ્ય મેળો ભરાય છે.આ મેળામાં દર્શનાર્થે આવતા જાફરાબાદ તેમજ તેમની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં થી પગપાળા આવતા શ્રદ્ધાળુઓ માટે પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા ચા- નાસ્તા ફરાળની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી શ્રાવણ મહિનામાં આવતી નાગપંચમી ના દિવસે દરવર્ષની જેમ આ વર્ષે પણ પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર તરફથી શ્રદ્ધાળુઓ માટે ચા- નાસ્તા વ્યવસ્થા ઉભી કરવામાં આવતા શ્રધ્ધાળુઓએ પણ ચા - નાસ્તા સાથે ફરાળની મોજ માળી હતી અને પૂર્વ ધારાસભ્ય તેમજ તેમના મિત્ર મંડળ ની ખુબ પ્રસન્નતા કરી હતી પગપાળા આવતા શ્રદ્ધાળુઓ દ્વારા ઉત્સવની ભક્તિમય માહોલ અને દર્શન નાગપંચમીના દિવસે વહેલી સવારથી જ લુણસાપુરીયા દાદા (નાગ દેવતા) ના મંદિરે શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી પગપાળા આવતા લુણસાપુરીયા દાદા ની જયજયકાર ગુંજી ઊઠી હતી પગપાળા યાત્રા આસપાસના વિસ્તારો તેમજ દૂર-દૂરના ગામોમાંથી હજારો ભાવિક ભક્તો કિલો મીટરોનું અંતર કાપીને અહીં પગપાળા ચાલીને દાદાના દર્શનાર્થે પહોંચે છે.લોકસેવા અને વ્યવસ્થા પદયાત્રીઓની સેવા માટે રસ્તામાં વિવિધ સામાજિક સંસ્થાઓ અને સેવાભાવી લોકો દ્વારા ઠંડા પાણી, શરબત, ચા અને નાસ્તાની સુંદર વ્યવસ્થાઓ (સેવા કેમ્પ) કરવામાં આવે છે. મેળાની રોનક મંદિર પરિસર અને ગામમાં વિવિધ પ્રકારના રમકડાં, મીઠાઈઓ અને ખાણીપીણીના સ્ટોલ તેમજ મનોરંજન માટેના આકર્ષણો ગોઠવાય છે, જ્યાં બાળકો અને પરિવારો મેળાનો ભરપૂર આનંદ માણે છે.વર્ષોથી ચાલી આવતી પરંપરાને કારણે આ મેળો જાફરાબાદ તથા આસપાસના પંથકમાં લોક આસ્થા અને સંસ્કૃતિનું એક મોટું કેન્દ્ર માનવામાં આવે છે.

## નર્મદા કલેકટરે ગ્રામ્ય પ્રવાસ દરમ્યાન આંગણવાડીઓ ની મુલાકાત કરી રાજપીપલા નજીક વડીયા અને રામપુરા ગામની મુલાકાત લીધી

સત્યવલંબ બારોટ

રાજપીપલા | નર્મદા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘ દ્વારા આજરોજ દફ્તર ચકાસણીના ભાગરૂપે રાજપીપલા નજીક જૂના રામપુરા અને વડિયા ગ્રામ પંચાયતની મુલાકાત લઈ પંચાયત કચેરીના દફ્તરોની ચકાસણી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ કલેકટર ની આ મુલાકાત દરમિયાન તેઓએ ગ્રામ પંચાયતની વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી. ખાસ કરીને વેરા વસુલાતની કામગીરી સુવ્યવસ્થિત રીતે હાથ ધરવા તેમજ કોઈપણ નાગરિકના મૃત્યુ બાદ સમયમર્યાદામાં વારસાઈની પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચનો આપ્યા હતા. ઉપરાંત, ગામમાં સ્વચ્છતા જળવાઈ રહે અને નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતોનો ઝડપી અને



અસરકારક નિકાલ થાય તે દિશામાં કામગીરી કરવા સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને સૂચના આપવામાં આવી હતી.આ ઉપરાંત કલેકટર ગંગાસિંઘ દ્વારા ગામની પ્રાથમિક શાળાના પરિસર અને બાળકોના અભ્યાસ સંબંધિત બાબતોની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકો સાથે બાળસહજ સંવાદ સાધ્યો હતો તેમજ આંગણવાડીમાં ઉપલબ્ધ સુવિધાઓની પણ સમીક્ષા કરી હતી.તેમણે આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સુવિધાઓ અને સેવાઓ અંગે માહિતી મેળવી હતી. આ દરમિયાન ગામના નાગરિકો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો અને જરૂરીયાતો અંગે પૃચ્છા કરી હતી તથા સંબંધિત પ્રશ્નોના યોગ્ય અને સમયસર નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચનો કરવામાં આવ્યા હતા.

## શ્રાવણ માસ અંતર્ગત શ્રીકષ્ટભંજનદેવ દાદાને સૂર્યનારાયણ દેવ થીમ પર દિવ્ય શણગાર કરાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણા વાળા) ની પ્રેરણાથી શ્રાવણ માસના તા.02-09-2026ને બુધવારના રોજ સૂર્યનારાયણ દેવ થીમ પર દિવ્ય શણગાર કરાયો,દાદાને મધ્યમાં રથમાં બિરાજમાન સૂર્યનારાયણ દેવ રથ સાથેના અશ્વ (ઘોડા) નું સુંદર જરી-મોતી-ભરતકામ સાથેના વાઘા ધરાવામાં આવ્યા હતા. જે સવારે 5:45 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામીજી દ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનોં લાભ મોટી સંખ્યામાં ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ. પવિત્ર શ્રાવણ માસના પાવન અવસરે શ્રીહરિ મંદિરમાં ભવ્ય તથા દિવ્ય હિંડોળા દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રી હૃદયપ્રકાશ સ્વામી દિવ્ય કથાનું રસપાન કરવાશે. જેનો સમય દરરોજ સાંજે 5:00 થી 6:30 કલાકનો રહેશે. સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા.13-08-2026 થી તા.11-09-2026 સુધી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ દ્વારા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર-દર શનિવારે ફ્રુટ અન્નકૂટ,છપ્પન્ન ભોગ અન્નકૂટ, ચોકલેટ અન્નકૂટ,ડ્રાયફ્રુટ મીઠાઈ અન્નકૂટ જેવા અનેક દિવ્ય અન્નકૂટ દર્શન, દર મંગળવારે સંગીતમય સુંદરરકાંડ પાઠ,સંપૂર્ણ શ્રાવણ માસ નિમિત્તે દૈનિક મારુતિ યજ્ઞ, દર રવિવારે સાંજે 4:45 કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજન સાથે મહાસંધ્યા આરતી,દર સોમવારે દાદાને શિવસ્વરૂપ દિવ્ય શણગાર,શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળા દર્શન સાથે દિવ્ય સત્સંગ કથા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ આદિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા.13-08-2026 થી તા.11-09-2026 સુધી આધી, વ્યાધિ અને ઉપાધિ થી શાંતિ મેળવવા દૈનિક મારુતિનું સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી આયોજન કરવામાં આવ્યું છે.પવિત્ર શ્રાવણમાસ દરમિયાન દર રવિવારે રાજોપચાર પૂજન એવં મહા સંધ્યા આરતી સાંજે 04:30 થી 07:00 કલાકે આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કૃષ્ણ જન્માષ્ટમી પવિત્ર પ્રસંગે શ્રી કૃષ્ણ જન્મોત્સવનું તા.04 સપ્ટેમ્બર 2026ના રોજ મટકી ફોડ, કેક કટિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, DJના તાલે યુવાનો થનગનાટ કરશે એવં રાસગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ પ.પૂ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા) તથા કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી(અથાણા વાળા) દ્વારા શ્રાવણ માસ ભવ્ય મહોત્સવનો પરિવાર સાથે પધારવા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર- અન્નકૂટના દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

## નખત્રાણા તાલુકાને અછત જાહેર કરવા કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોએ બેનર સાથે આવેદનપત્ર પ્રાંત કચેરીને પાઠવ્યું



મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકામાં વરસાદ ઓછો હોવાથી તાલુકાની પરિસ્થિતિ મુજબ વહેલી તકે અછત જાહેર કરવા કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા સભ્યોએ બેનર પહેરી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી કલેક્ટરશ્રી અને રાજ્ય સરકાર સમક્ષ તાલુકાને અછત જાહેર કરવા રજૂઆત કરી હતી.કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા સભ્યો અશ્વિનભાઈ રૂપારેલ, ઓસમાણભાઈ સુમરા, રિધ્ધીબેન નાયાણી, કાજલબેન ગઢવી, સલીમભાઈ જીયેજા, ગીતાબેન આહીર, શારદાબેન આહીર, રમેશદાન ગઢવી સહિતના આગેવાનોએ પશુધન માટે ઘાસચારો, પીવાનું પાણી, ખેડૂતોને વીજ પુરવઠો અને વળતર તથા મજૂર વર્ગ માટે મનરેગા યોજના શરૂ કરવા માંગ સાથે પ્રાંત અધિકારી શ્રી શિવજીભાઈ પાયણને આવેદન પત્ર આપ્યું હતું.તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભામાં ૧૬ માં નાણાં પંચના વિકાસના નાણાની સૌ સભ્યોને નિયમ મુજબ ફાળવણી કરવા અને તાલુકાને વહેલી તકે અછતગ્રસ્ત જાહેર કરવા સર્વાનુમતે ઠરાવ કરાયો હોવાનું રવાપર સીટના સદસ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ જીલ્લામાં યોજાશે નેશનલ લોક અદાલત

જગદીશ ત્રિવેદી | મહીસાગર

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી, નવી દિલ્હી ધ્વારા દેશભરમાં તા. ૧૨ મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવાનું સુચન થઈ આવેલ છે. જે અનુસંધાને મહીસાગર જીલ્લામાં પણ મુખ્ય જીલ્લા ન્યાયાધિશ શ્રી એમ.એન.ગડકરીના માર્ગદર્શન હેઠળ જીલ્લાની તમામ કોર્ટોમાં લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં મોટર અકસ્માત, બેંક લેણા, ચેક રીટર્ન, સામાન્ય મારામારીના કેસો તથા મીલ્કત સબંધી દાવાઓ, લગ્ન સબંધી કેસો, સમાધાન પાત્ર ન હોય તે સીવાયના વિજળી તથા પાણીના બીલોના કેસો, જમીન સંપાદનના કેસો, સર્વિસ મેટર, વિગેરે પ્રકારના કેસોનો સમાધાન કરી નિકાલ થઈ શકે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવનાર છે.ઉલ્લેખનીય છે કે, સમાધાન વડે કેસોનો નિકાલ થાય તે હેતુથી લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. લોક અદાલતને કારણે લોકોના નાણા અને સમયની બચત થાય છે તથા બન્ને ધરે દીવા થાય છે. લોક અદાલત એ સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે. લોક અદાલતમાં કેસોનો ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી અને અન્ય કોઈ ખર્ચ પણ થતો નથી.

## રાજુલા પોલીસની મોટી સફળતા ₹3.19 લાખના સાયબર ફ્રોડ નો આરોપી આરોપી બિહારથી ઝડપાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા 3.19 લાખના સાયબર ફ્રોડના અનડિટેક્ટ ગુનાનો રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ટેકનિકલ એનાલિસિસના આધારે ભેદ ઉકેલી મુખ્ય આરોપીને બિહારના પટના શહેરમાંથી ઝડપી પાડ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદીનો મોબાઈલ ફોન અજાણ્યા શખ્સ દ્વારા હેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીએ ફરિયાદીની જાણ બહાર મોબાઈલનો ઉપયોગ કરી તેના બેંક એકાઉન્ટમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ પાંચ બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરી હતી. આ રીતે ફરિયાદી પાસેથી કુલ 3,19,000ની રકમ પડાવી લઈ સાયબર ફ્રોડ આચરવામાં આવ્યો હતો.ફરિયાદીને સાયબર ફ્રોડ થયાની જાણ થતાં તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 ઉપર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 318(2), 54 તથા આઈ.ટી. એક્ટની કલમ 66(C) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી આર.વી. અસારીની સૂચના તેમજ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક શ્રીમતી નયના ગોરડીયાના માર્ગદર્શન અને રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ. કોલાદરાની દેખરેખ હેઠળ સાયબર ફ્રોડના આરોપીઓને ઝડપી પાડવા ટીમ બનાવવામાં આવી હતી.રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ગુનામાં થયેલા બેંક ટ્રાન્ઝેક્શનનું ટેકનિકલ એનાલિસિસ હાથ ધર્યું હતું. ટ્રાન્ઝેક્શન બાદ રકમ રોકડમાં ઉપાડવામાં આવી હોવાનું સામે આવતા પોલીસે વધુ ટેકનિકલ તપાસ હાથ ધરી હતી. તપાસના આધારે પોલીસ ટીમે બિહારના પટના શહેરમાંથી આરોપી રવિકુમાર રાજેશકુમાર, રહે. જમાલ રોડ, પટના, બિહારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ કામગીરીમાં રાજુલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ. કોલાદરા, પી.એસ.આઈ. શ્રી આર.એલ. રાઠોડ તથા સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ. મધુભાઈ પોપટ, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ વાળા, મનુભાઈ માંગાણી, સુરેશભાઈ મેર, પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ વરૂ, મહેશભાઈ બારૈયા અને ચંદુભાઈ ગોહીલ જોડાયા હતા.

## મહીસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં ખેડૂત પુત્ર સાથે નકલી લગ્ન કરાવનાર લૂટેરી દુલ્હન ગેંગ નો પર્દાફાશ થયો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં ખેડૂત પુત્ર સાથે બનાવટી લગ્ન કરાવીને રોકડ રકમ અને સોનાના દાગીના પડાવીને ફરાર થઈ ગયેલી ટોળકીને મહીસાગર એસ ઓ જી ટીમે ગણતરીના દિવસોમાં પેટલાદ અને રાજસ્થાનના બાસવાડા ખાતેથી ત્રણ આરોપીઓની ઝડપી પાડવામાં આવેલ છે.પંચમહાલ ગોધરા રેન્જના DIG શ્રી વિધી ચૌધરી સાહેબ તથા મહીસાગર જિલ્લા SP શ્રી સફીન હસન સાહેબે નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સુચના આપેલ હતી. મહીસાગર એસઓજી પીઆઈ વી.ડી. ધોરડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ. બી. સિસોદીયા તથા સ્ટાફની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.દરમ્યાન એસઓજીને હ્યુમન સોર્સથી બાતમી મળેલ કે કોઠંબા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. 0352/2025 BNS કલમ 318(4), 54 મુજબના કામના નાસતા ફરતા આરોપીઓ રાજસ્થાનમાં છુપાયેલા છે.બાતમી આધારે એસઓજી ટીમે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા નટુભાઈ હિંમતભાઈ ગોહિલ રહે. અડાસ, તા. બોરસદ, જિ. આણંદ નાને પેટલાદ તાલુકાના ખડાલ ગામેથી નિકીતાબેન ભરતભાઈ ચાવડા રહે. ઉંડેલ, તા. ખંભાત, જિ. આણંદકાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરી આ ત્રણેયને બાંસવાડા, સજ્જનગઢ (રાજસ્થાન) ખાતેથી ઝડપી લેવામાં આવ્યા છે. ત્રણેયને હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે કોઠંબા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.એસઓજી ટીમ કીર્તિપાલસિંહ, જીતેન્દ્રકુમાર, વિનોદભાઈ, અમરસિંહ, હે.કો. અક્ષયકુમાર, નટવરસિંહ, અજીતકુમાર, રાજેશકુમાર, પ્રતાપભાઈ, હેમંતકુમાર, પો.કો. નથુભાઈ, વુ.પો.કો. લીલાબેન દ્વારા ગણત્રીના દિવસોમાં જ કામગીરી કરવામાં આવી.

## કેશોદની કુ.રિતીકાબેન રમેશભાઈ નંદાણીયા એ પ્રથમ એલોટમેન્ટમાં જ બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદમાં પ્રવેશ મેળવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ



કેશોદ તા.૨: કેશોદની પ્રતિભાશાળી વિદ્યાર્થિની કુ. રિતીકાબેન રમેશભાઈ નંદાણીયાએ પોતાની અથાગ મહેનત, દૃઢ નિશ્ચય અને સમર્પણના બળે પ્રથમ એલોટમેન્ટમાં જ ગુજરાતની પ્રતિષ્ઠિત બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદમાં પ્રવેશ મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતના પ્રથમ ક્રમાંકની પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજમાં અગ્રક્રમાંક સાથે પ્રવેશ મેળવવાની આ સિદ્ધિ રિતીકાબેનની સતત મહેનત અને અભ્યાસ પ્રત્યેની નિષ્ઠાનું પરિણામ છે. તેમની આ સફળતા માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર નંદાણીયા પરિવાર તેમજ કેશોદ માટે પણ ગૌરવની ક્ષણ બની છે. રિતીકાબેનની સફળતા બદલ પરિવારજનો, સ્નેહીજનો તથા શુભેચ્છકોએ તેમને હાર્દિક અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે. તેઓ ભવિષ્યમાં એક કુશળ, સેવાભાવી અને શ્રેષ્ઠ તબીબ બની દેશ અને સમાજની સેવા કરે, અનેક લોકોના જીવનમાં આરોગ્ય અને આશાનું અજવાળું પાથરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. રિતીકાબેનની આ સિદ્ધિ તેમની મહેનત અને સમર્પણથી અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

## સાતમ-આઠમના તહેવારો નિમિત્તે ગિરનારી ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ-ફરસાણનું કરાયેલું વિતરણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાએ એક યાદીમાં જણાવ્યુ છે કે, સાતમ-આઠમના પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા તેમજ સરકારી શાળા ઓમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ બાળકો માટે સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ જેટલા બાળકોને મીઠાઈ, ફરસાણ, ગાંઠિયા તથા ચવાણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તહેવારના આનંદમાં જરૂરિયાતમંદ પરિવારો અને બાળકો પણ સહભાગી બની શકે તેવા હેતુથી ગિરનારી ગ્રુપ દ્વારા આ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.ગિરનારી ગ્રુપ દ્વારા માત્ર તહેવારો પૂરતું જ નહીં પરંતુ નિયમિતપણે પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા દર માસે આશરે ૫૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોનો સર્વે કરવામાં આવે છે અને ત્યારબાદ તેમને જરૂરી અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવે છે.આ સેવાકીય પ્રવૃત્તિમાં ગિરનારી ગ્રુપના સભ્યો શ્રી દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, દિલીપભાઈ દેવાણી, કિરીટભાઈ તન્ના, હરિભાઈ કારીયા, યોગાનંદુબાપુ, બીપીનભાઈ ઠકરાર, જિગાભાઈ વ્યાસ, ભાવિનભાઈ મારુ સહિતના સભ્યોએ ઉત્સાહપૂર્વક પોતાની સેવાઓ આપી હતી.

## કચ્છના સપૂતનું રાષ્ટ્રીય સન્માન - દનણાના દીપસિંહ સોઢાને ચીફ ઓફ આર્મી સ્ટાફનો પ્રતિષ્ઠિત માજી સૈનિક એવોર્ડ



મહેશ એલ. સોની નખત્રાણા

માતૃભૂમિની રક્ષા કાજે જીવન સમર્પિત કરનાર અને નિવૃત્તિ બાદ પણ રાષ્ટ્ર સેવાની અવિરત જ્યોત પ્રજ્વલિત રાખનાર કચ્છના ગૌરવવંતા સપૂતને રાષ્ટ્રીય સ્તરે બહુમાન મળ્યું છે.મૂળ નખત્રાણા તાલુકાના દનણા ગામના વતની અને ભારતીય લશ્કરી દળના નિવૃત્ત જવાન શ્રી દીપસિંહ આર. સોઢાને ચીફ ઓફ આર્મી સ્ટાફ દ્વારા પ્રતિષ્ઠિત માજી સૈનિક એવોર્ડ એનાયત કરી મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ ગત વિજયાદશમીના વિજયોત્સવ પ્રસંગે ભુજ બ્રિગેડ ખાતે પધારેલા આર્મી ચીફ દ્વારા પ્રશંસાપત્ર આપી ડી. આર. સોઢાનું બહુમાન કરાયું હતું, જે અન્વયે ભુજ બ્રિગેડ ખાતે બ્રિગેડ કમાન્ડરના વરદ હસ્તે તેમને મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી દીપસિંહ સોઢાએ ભારતીય ઈન્ફેન્ટ્રી બટાલિયનમાં ફરજ દરમિયાન માઈક્રો લાઈટ ફ્લાઈટના કુશળ પાયલટ તરીકે પણ ગૌરવવંતી સેવા બજાવી છે. તેઓ ગ્રામીણ વિકાસ વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને કાયદાશાસ્ત્રમાં સ્નાતકની પદવી ધરાવે છે.હાલ તેઓ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે, ત્યારે પણ તેમની કર્તવ્યનિષ્ઠા, શિસ્તબદ્ધતા અને 'રાષ્ટ્ર સર્વોપરી'ની ભાવના અકબંધ રહેતા સૈન્ય દ્વારા તેમની નોંધ લઈ આ સન્માન કરવામાં આવ્યું છે.તેમની આ સિદ્ધિથી સમગ્ર નખત્રાણા તાલુકા અને કચ્છનું ગૌરવ વધ્યું છે.

## ભવાનદગડ બીટમાં વનકર્મીઓ પર હુમલો કરનાર ૬ આરોપીઓને ૨૯ માસની કેદ અને રૂ. ૯,૬૦૦નો દંડ..

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના ઉત્તર ડાંગ વન વિભાગ હેઠળ આવતા પશ્ચિમ રેન્જનાં આહવા રાઉન્ડના ભવાનદગડ બીટ વિસ્તારમાં સરકારી ફરજ પરના વનકર્મીઓ પર હુમલો કરી, ઈજાઓ પહોંચાડી કામગીરીમાં ગંભીર રુકાવટ ઊભી કરવાના ગુનામાં આહવા કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે તમામ ૬ આરોપીઓને દોષિત ઠેરવી ૨૯ માસની કેદની સજા તેમજ રૂ. ૯,૬૦૦ના દંડનો હુકમ સંભળાવ્યો છે.આ ઘટનાની વિગત મુજબ, વનવિભાગના કર્મચારીઓ જ્યારે ભવાનદગડ બીટમાં ટી.કે.બી. (તપાસ/ચેકિંગ) ની સરકારી કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન આહવા તાલુકાના ધૂળચોંડ ગામના ૧) જીગ્નેશ ગણપતભાઈ ખુરકુટીયા, ૨) ઉમેશ ગણપત ખુરકુટીયા, ૩) રાજુ ગણપત ખુરકુટીયા, ૪) મનુભાઈ ઝીમન ગવળી, ૫) જયલું શુકર ગાંવિત અને ૬) કમુબેન મનુભાઈ ગવળી તથા અન્ય બે ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી હતી. આ તમામ ઈસમોએ વનકર્મીઓ પર અચાનક હુમલો કરી તેમને શારીરિક ઈજાઓ પહોંચાડી હતી અને તેમની સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી.આ બનાવ અંગે પશ્ચિમ રેંજ વનવિભાગ દ્વારા સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવ્યો હતો. પોલીસ તપાસ બાદ આ કેસ આહવા ખાતેની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (J.M.F.C.) કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન આહવા કોર્ટના વિદ્વાન જજ વાય. પી. યાદવે રજૂ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને પક્ષકારોની દલીલોને ધ્યાને રાખીને તમામ ૬ આરોપીઓને ગુનાહિત કૃત્ય માટે તકસીરવાન ઠેરવ્યા હતા.આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ સુરેશભાઈ કોંકણીએ અસરકારક અને ધારદાર દલીલો રજૂ કરી આરોપીઓને કડકમાં કડક સજા થાય તે માટે રજૂઆત કરી હતી. તમામ દલીલો અને પુરાવાઓને આધીન રહીને અદાલતે તમામ ૬ દોષિતોને ૨૯ માસની સખત કેદની સજા અને રૂ. ૯,૬૦૦ નો દંડ ફટકારતો આદેશ કર્યો છે.આહવા કોર્ટના આ કડક વલણથી સરકારી કર્મચારીઓ પર હુમલો કરનારા અસામાજિક તત્વોમાં ફાળ પડી છે.

## રાજુલા સીસીટીવી માં ભુંડનું ટોળું પૈસા ની થેલી લઈ જતા હોવાનું ફૂટેજમાં સામે આવ્યું પોલીસે શોધી આપી ભિક્ષુક મહિલાની ₹3,૧૦૦ ની થેલી પરત કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત રાજુલા પોલીસે અનોખી કામગીરી કરી ભિક્ષાવૃત્તિ કરી એકઠા કરેલા ૩,૧૦૦ રોકડની થેલી મૂળ માલિક વૃદ્ધ મહિલાને પરત અપાવી છે. જોકે આ સમગ્ર ઘટનામાં ચોરી કરનાર કોઈ વ્યક્તિ નહીં, પરંતુ ભુંડનું ટોળું હોવાનું CCTV ફૂટેજમાં સામે આવ્યું હતું.મળતી માહિતી મુજબ, તા. 30/08/2026ના રોજ એક સિનિયર સિટીઝન ભિક્ષુક મહિલા રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી. મહિલાએ જણાવ્યું હતું કે, રાજુલા શહેરમાં ભિક્ષાવૃત્તિ કરીને એકઠા કરેલા રૂ,૩,૧૦૦એક કાપડની થેલીમાં રાખ્યા હતા. ચાની દુકાન સામે ઓટલા પર થેલી મૂકીને ચા પીવા ગયા હતા તે દરમિયાન થેલી ગુમ થઈ ગઈ હતી. મહિલાએ જણાવ્યું હતું કે, આ રકમ પરત નહીં મળે તો તેમના પરિવાર માટે સાતમ-આઠમનો તહેવાર કરવો મુશ્કેલ બનશે.આ અંગે રાજુલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડિયા અને રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. શ્રી વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું હતું.CCTV ફૂટેજ તપાસતા પોલીસને ચોંકાવનારી હકીકત સામે આવી હતી. મહિલાએ




ઓટલા પર મૂકેલી થેલી પાસે ભુંડનું ટોળું આવ્યું હતું અને તેમાંથી એક ભુંડ થેલી મોઢામાં લઈને બજાર તરફ દોડતું નજરે પડ્યું હતું.આ બાદ પોલીસ માટે ભુંડને શોધી થેલી પરત મેળવવી પડકારરૂપ બની હતી. પોલીસે અલગ-અલગ સ્થળોના CCTV ફૂટેજ તપાસી ભુંડ કયા રૂટ પરથી ગયું તેનું ટ્રેસિંગ કર્યું હતું. અંતે ભુંડે કચરામાં થેલી મૂકી દીધી હોવાનું જાણવા મળતાં પોલીસ સ્ટાફે ત્યાંથી થેલી શોધી કાઢી હતી. થેલીની તપાસ કરતા તેમાં રહેલી 3,100ની રોકડ રકમ મળી આવી હતી.પોલીસે રોકડ રકમની ખરાઈ કર્યા બાદ મૂળ માલિક સિનિયર સિટીઝન મહિલાને પરત સોંપી હતી. આ રીતે રાજુલા પોલીસે CCTV કેમેરા અને માનવ સ્ત્રોતની મદદથી ગુમ થયેલી મિલકત શોધી કાઢી 'તેરા તુજકો અર્પણ' સૂત્રને સાર્થક કર્યું હતું. રોકડ રકમ પરત મળતાં વૃદ્ધ મહિલાએ રાજુલા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.કામગીરી કરનાર પોલીસ કર્મચારીઓ: પો.ઈન્સ. શ્રી વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ ટાઉન બીટ ઈન્ચાર્જ ભરતભાઈ મુહાભાઈ વાળા, હેડ કોન્સ્ટેબલ સુરજભાઈ સોમાતભાઈ બાંભણીયા, હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ શામજીભાઈ બાબરીયા, પો.કોન્સ્ટેબલ અમીતભાઈ તુલસીભાઈ મકવાણા તથા પો.કોન્સ્ટેબલ શંભુભાઈ લાભુભાઈ વાઘેલાએ કામગીરી કરી હતી.

## મુંરબી ગામનાં મારામારી કરનાર બે આરોપીઓને ૬ માસની કેદ અને રૂ. ૧-૧ હજારના દંડની સજા ફટકાર્તી JMFC કોર્ટ..

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં શામગહાન ગામે કોઈપણ કારણ વગર ગાળાગાળી કરી, જૂની અદાવતનો આક્ષેપ મૂકી મારામારી કરવાના કેસમાં આહવાની જે.એમ.એફ.સી. (JMFC) કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.અદાલતે બંને ગુનેગારોને ૬ માસની સાદી કેદની સજા તથા બંનેને રૂપિયા ૧-૧ હજારનો દંડ ફટકારતો આદેશ કર્યો છે.પ્રાપ્ત માહિતી અને કેસની વિગતો અનુસાર,મુંરબી (તા. વઘઈ, જી. ડાંગ) ખાતે રહેતા આરોપીઓ કમળાબેન નારાયણભાઈ વાઘમારે તથા મિલનભાઈ નારાયણભાઈ વાઘમારેએ આ ગુનાહિત કૃત્ય આચર્યું હતુ.ઘટનાના દિવસે ફરિયાદી પાંડુભાઈ ગોવિંદભાઈ ગાયકવાડ પોતાના દીકરા કૈલાશ ઉર્ફે સુરેશભાઈ ગાયકવાડને શામગહાન ગામે ટિફિન આપવા માટે ગયા હતા. તે સમયે ત્યાં પહોંચેલા આરોપીઓએ કોઈપણ વ્યાજબી કારણ વગર અચાનક ગાળાગાળી શરૂ કરી દીધી હતી.આરોપીઓએ 'મારા ભાઈ મિલનને તમે જ મારી નાખેલ છે' તેવા પાયાવિહોણા આક્ષેપો કરીને ઉશ્કેરાટ ફેલાવ્યો હતો.ત્યારબાદ આરોપી મિલનભાઈના હાથમાં રહેલા લાકડાના દંડા વડે તથા કમળાબેને હાથથી ફરિયાદી પાંડુભાઈ, તેમના પુત્ર કૈલાશ ઉર્ફે સુરેશભાઈ તથા સાહેદ નારાયણભાઈ વાઘમારે પર જાનલેવા હુમલો કરી માર માર્યો હતો.આરોપીઓએ ફરિયાદી અને સાહેદોને ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.આ સમગ્ર મામલો આહવા જી.એમ. એફ.સી. (J.M.F.C.) કોર્ટના જજ વાય.પી. યાદવની અદાલતમાં ચાલી ગયો હતો.આ કેસની સુનાવણી દરમિયાન સરકારી પક્ષનાં વકીલ સુરેશભાઈ કોંકણીની ધારદાર રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને રાખી, ન્યાયાધીશ વાય.પી. યાદવે બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા.અદાલતે બંને આરોપીઓને ૬ માસની કેદની સજા અને બંનેને એક-એક હજાર રૂપિયાનો દંડ ફટકારતો આકરો હુકમ સંભળાવ્યો છે.

## અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026 માં પ્રાપ્ત કરી 800 કરોડથી વધુની આવક

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026 દરમિયાન વાણિજ્યિક પ્રવૃત્તિઓ, માલ પરિવહન, પાર્સલ, ટિકિટ ચેકિંગ તથા નોન-ફેર રેવન્યુના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026માં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કુલ 804.58 કરોડની આવક મેળવી છે, જ્યારે ઓગસ્ટ 2025માં કુલ આવક 778.20 કરોડ રહી હતી. આ રીતે ઓગસ્ટ 2026 માં ગયા વર્ષની સરખામણીએ 26.38 કરોડનો વધારો નોંધાયો છે. અમદાવાદ મંડળે વિવિધ ક્ષેત્રોમાં વધુ સારું મહેસૂલ પ્રાપ્ત કરવાની સાથે નવા વ્યવસાયિક અવસરો પણ વિકસાવ્યા છે.ઓગસ્ટ 2026 દરમિયાન માલ પરિવહન અને ઓપરેશન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ: અમદાવાદ મંડળ દ્વારા ઓગસ્ટ 2026માં 4.4651 મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું, જે નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 7% વધુ છે. આ દરમિયાન માલ આવક તરીકે 631.31 કરોડની આવક પ્રાપ્ત થઈ, જે ઓગસ્ટ 2025ની સરખામણીએ 6.13% વધુ છે.તે જ રીતે, પાર્સલ આવક 7.17 કરોડ રહી, જે માસિક લક્ષ્યાંક 6.58 કરોડ કરતાં 9% વધુ અને ગત વર્ષની 6.29 કરોડની આવક કરતાં 14% વધુ છે. ઓગસ્ટ 2026માં ટિકિટ ચેકિંગ દ્વારા 2.48 કરોડની આવક થઈ, જે લક્ષ્યાંક કરતાં 0.81% અને ગત વર્ષની સરખામણીએ 21% વધુ છે.
ઓગસ્ટ 2026 દરમિયાન સરેરાશ 218.84 ટ્રેનો પ્રતિદિન ઈન્ટરચેન્જ થઈ, જે ગત વર્ષની સરખામણીએ 2.5% વધુ છે. DFC પોઈન્ટ્સ પર સરેરાશ ઈન્ટરચેન્જ 11.8% વધીને 100.81 ટ્રેનો પ્રતિદિન રહ્યું. પરિચાલન ક્ષમતા વધારવા માટે સામાખિયાળી-વોંધ-ભચાઉ, સાણંદ-છારોડી-જખવાડા તથા



અને બેંક અધિકારીઓની દેખરેખ હેઠળ વેરિફિકેશનની સંપૂર્ણ વ્યવસ્થા હોવા છતાં, આટલા મોટા પાયે નકલી નોટો સીધી કરન્સી ચેસ્ટ સુધી કેવી રીતે પહોંચી ગઈ તે બાબતે સમગ્ર નિગરાણી અને સત્યાપન વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.તપાસકર્તાઓ હાલમાં કરન્સી ચેસ્ટ સુધી રોકડ પહોંચવાના તમામ માધ્યમો અને રૂટ્સની બારીકાઈથી તપાસ કરી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં એવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ બનાવટી નોટો કાઉન્ટર પર સામાન્ય ગ્રાહકો પાસેથી સીધી જમા થયેલી નથી, પરંતુ બેંકની અન્ય કોઈ શાખામાંથી કરન્સી ચેસ્ટમાં રોકડ ટ્રાન્સફર કરવામાં આવી ત્યારે આટલો મોટો જથ્થો ચેસ્ટમાં ઘુસાડી દેવાયો હોઈ શકે છે. સંબંધિત શાખાઓમાંથી કેશ ક્યારે મોકલવામાં આવી, તે સમયે કયા અધિકારીઓ અને કર્મચારીઓ કેશ સત્યાપન અને જમા લેવાની ડ્યુટી પર હાજર હતા તથા રજિસ્ટરમાં કઈ રીતે નોંધણી કરવામાં આવી હતી તે તમામ પાસાંઓની કડીઓ જોડવામાં આવી રહી છે.આ કરોડો રૂપિયાના જાલી નોટ કૌભાંડની તલસ્પર્શી તપાસ કરવા માટે 21 સભ્યોની એક વિશેષ ઉચ્ચ સ્તરીય તપાસ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા બેંકના તમામ રેકોર્ડ્સ, લોકર અને ચેસ્ટ એન્ટ્રી રજિસ્ટર તેમજ રોકડના હિસાબોનું વેરિફિકેશન અને મિલાન કરવામાં આવી રહ્યું છે. આ કૌભાંડમાં સામેલ શંકાસ્પદ લોકો અને આરોપીઓના બેંક ખાતાઓની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે, જેથી આ ગેરકાયદે નાણાકીય લેવડદેવડ અને મની લોન્ડરિંગના મૂળ સુધી પહોંચી શકાય. આ રેકેટના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા હોવાના પુરાવા મળતાં તપાસ ટીમોએ હરિયાણા સુધી પહોંચીને વિવિધ શંકાસ્પદ ઠેકાણાઓ પર સઘન દરોડા પાડ્યા છે. આ બેંકિંગ ફ્રોડની સાથોસાથ પૂર્વીય ઉત્તર પ્રદેશમાં નકલી અને ગેરકાયદે સિમ કાર્ડ ખરીદવાનું એક મોટું કૌભાંડ પણ સામે આવ્યું છે. અહેવાલો અનુસાર, સામાન્ય મજૂરો કે અજાણ્યા નિર્દોષ લોકોના ઓળખપત્રોનો દુરુપયોગ કરીને બીજાના નામે નકલી સિમ કાર્ડ ઈશ્યૂ કરાવવાના સૌથી વધુ કિસ્સા પૂર્વીય યુપીમાં નોંધાયા છે. સાયબર માફિયાઓ અને આર્થિક ગુનેગારો દ્વારા આવા અનધિકૃત સિમ કાર્ડ્સનો ઉપયોગ સાયબર ફ્રોડ, ગેરકાયદે કોલિંગ અને બેંકિંગ છેતરપિંડીને અંજામ આપવા માટે કરવામાં આવે છે. તપાસ એજન્સીઓ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ પ્રકારના ફ્રોડ નેટવર્કનો કરન્સી કૌભાંડ સાથે કોઈ સીધો સંબંધ છે કે નહીં.

# આતંકને શરણ આપનારાને ના છોડશો પાક.ના વડાપ્રધાન સામે મોદી આક્રમક

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિર્ગિસ્તાનમાં યોજાયેલ શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટમાં ભાગ લીધો હતો. આ સમિટમાં પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ પણ જોડાયા હતા, જેની સામે મોદીએ આતંકવાદ પર વાત કરી હતી અને રશિયન પ્રમુખ પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગને આતંકવાદનો હથિયાર તરીકે ઉપયોગ કરનારા દેશો સામે આક્રામક વલણ અપનાવવા કહ્યું હતું.પાણીનો હથિયાર તરીકે ઉપયોગ ના થવો જોઇએ : પાક. પીએમ શરીફે મોદીની હાજરીમાં સિંધુ જળ સંધિ મુદ્દો ઉઠાવ્યો, નરેન્દ્ર મોદી આ સમિટ દરમિયાન રશિયન પ્રમુખ પુતિન, ઈરાનના રાષ્ટ્રપતિ અને ચીનના પ્રમુખ શી જિનપિંગને પણ મળ્યા હતા અને આતંકવાદને લઈને પાકિસ્તાનને આડેહાથ લીધુ હતું. મોદીએ પાક. પીએમ શરીફની હાજરીમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આજે પણ માનવતા સામે આતંકવાદ મોટો ખતરો છે. આતંકવાદના ઈકોસિસ્ટમ જેમ કે નાણાકીય સહાય, ફન્ડિંગ નેટવર્ક વગેરે સામે આક્રામક પગલા લેવા મોદીએ એસસીઓ દેશોને અપીલ કરી હતી. વડાપ્રધાન મોદીએ મુખ્યત્વે ત્રણ પાયા પર વાત કરી હતી જેમાં સિક્યોરિટી, કનેક્ટિવિટી અને ઓપોર્ચ્યુનિટીનો સમાવેશ થાય છે.

શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટ ભારતને ૧૩ જેટલા મુદ્દાઓ પર ફળી હતી, જેમાં મુખ્યત્વે આતંકવાદ, કટ્ટરવાદ જેવા સુરક્ષાના મુદ્દાઓ સામે પહોંચી વળવા માટે સાથ સહકાર પર ભારતે ભાર મુક્યો હતો. ભારતે આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો જેનો કોઇ જ જવાબ ના હોવાથી પાકિસ્તાને બાદમાં પાણી મુદ્દે વલોપાત કર્યો હતો. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે પાણીનો ક્યારેય પણ હથિયાર તરીકે ઉપયોગ ના કરવો જોઇએ. જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલા બાદ ભારતે પાક. સાથેની સિંધુ જળ સંધિ તોડી નાખી હતી, જેને પગલે પાક.માં પાણીના ફાફાં પડી રહ્યા છે ત્યારે પાક. પીએમ દ્વારા આ મુદ્દો ઉઠાવાયો હતો.બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના નાગરિકો માટે એક વીડિયો સંદેશો જારી કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે ૭.૮ ટકાના વિકાસદરે દેશમાં ખુશીનો માહોલ બનાવી દીધો છે. દુનિયા મુશ્કેલીમાં હતી ત્યારે ભારતે આ વિકાસ કર્યો છે.

## News Brief

### જેન-ઝી પર સુપ્રીમ ઓળઘોળ : આંદોલન સમયની ફરિયાદો રદ

નવી દિલ્હી : જુલાઇ મહિનામાં દિલ્હી સહિતના રાજ્યોમાં જેન-ઝી દ્વારા શિક્ષણમાં સુધારાની માગ સાથે મોટું આંદોલન કરાયું હતું. આ દરમિયાન વિવિધ રાજ્યોમાં આંદોલનકારી યુવાનો સામે અનેક એફઆઈઆર દાખલ કરાઈ હતી. જેને આખરે સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરી દેવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટીએ ફરિયાદો રદ કરવાની માગ સાથે પાંચમી ઓગસ્ટના આંદોલનની જાહેરાત કરી હતી. એવામાં સરકારે સુપ્રીમ કોર્ટમાં ફરિયાદો રદ કરવાની વિનંતી કરી હતી, જેને પગલે આખરે ફરિયાદો રદ થઇ ગઇ છે. વિવિધ પરીક્ષાઓના પેપરો લીક થવાની ઘટનાઓ વધતા શિક્ષણમંત્રી પદેથી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિતની માગણીઓ સાથે ૨૦મી જુલાઇના રોજ દિલ્હીના જંતર મંતરેથી સંસદ તરફ યુવાનો દ્વારા માર્ચ કાઢવામાં આવી હતી, જે બાદ અન્ય રાજ્યોમાં પણ યુવાનો રસ્તા પર ઉતર્યા હતા. આ દરમિયાન વિવિધ રાજ્યોમાં આંદોલનકારી વિદ્યાર્થીઓની સામે એફઆઈઆર દાખલ થઇ હતી. જેને રદ કરવાની માગણી આખરે સુપ્રીમ કોર્ટે સ્વીકારી લીધી છે. આશરે ૧૩ જેટલા આવા મામલા હવે બંધ કરી દેવામાં આવશે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે તમામ ફરિયાદો રદ કરી દીધી હતી એટલુ જ નહીં નીટ પેપર લીક થયા બાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી, આ દરમિયાન આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારને ત્રણ મહિનાની અંદર વળતર ચુકવી દેવા કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે.

### UPSC 2025 ની ભરતી પર અસરો : 18 રાજ્યો અને સંસ્થાઓ પર અસર

# OBC ક્રીમીલેયર અંગે કેન્દ્રને ઝટકો, પગારના આધારે અનામતથી વંચિત ન રાખી શકાય : SC

(એજન્સી) નવી દિલ્હી | તા.02

સુપ્રીમ કોર્ટે OBC ક્રીમીલેયર મામલે કેન્દ્ર સરકારને મોટો આંચકો આપ્યો છે. કોર્ટે પોતાના 11 માર્ચના ચુકાદાના અમલ પર રોક લગાવવાની કેન્દ્રની વિનંતી ફગાવી દીધી છે. જસ્ટિસ પી.એસ. નરસિંહાની બેંચે જણાવ્યું કે, માત્ર પગારના આધારે અનામત રદ ન કરી શકાય. આ નિર્ણયથી UPSC 2025 ભરતી પ્રક્રિયા અને 18 રાજ્યોને અસર થશે. હવે 17 સપ્ટેમ્બર 2026ના રોજ વધુ સુનાવણી થશે. ઓબીસી (OBC) ક્રીમીલેયર અનામત મામલે સુપ્રીમ કોર્ટમાંથી કેન્દ્ર સરકારને મોટો આંચકો લાગ્યો છે. કોર્ટે પોતાના અગાઉના આદેશ પર રોક લગાવવાની કેન્દ્રની વિનંતીને ફગાવી દીધી છે. આ સાથે જ કોર્ટે કોઈપણ પ્રકારની વચગાળાની રાહત આપવાનો ઈનકાર કરીને તમામ પક્ષોને 17 સપ્ટેમ્બર 2026 સુધીમાં પોતાનો જવાબ રજૂ કરવા આદેશ આપ્યો છે.

જસ્ટિસ પી.એસ. નરસિંહા અને જસ્ટિસ આર. મહાદેવનની બેંચે કેન્દ્ર સરકારની સ્પષ્ટતા માગતી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન બેંચે સ્પષ્ટ કર્યું કે, કોર્ટના



11 માર્ચના ચુકાદાના અમલ પર કોઈ સ્ટે આપવામાં આવશે નહીં. આ મામલે તમામ સંબંધિત પક્ષોએ 17 સપ્ટેમ્બર સુધીમાં પોતપોતાનો પક્ષ રજૂ કરવાનો રહેશે.

સુપ્રીમ કોર્ટે 11 માર્ચે આપેલા પોતાના ચુકાદામાં નક્કી કર્યું હતું કે, OBC ક્રીમીલેયરનું મૂલ્યાંકન ફક્ત માતા-પિતાની આવક કે માસિક પગારના આધારે ન કરી શકાય. આવકની સાથે માતા-પિતાનું પદ, તેમની સામાજિક સ્થિતિ અને નોકરીની કેટેગરીને પણ ધ્યાનમાં લેવી જોઈએ. જાહેર ક્ષેત્રના સાહસો (PSUs), બેંકો અને ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓના બાળકોને માત્ર વધુ પગારના આધારે અનામતના લાભથી વંચિત રાખી શકાય નહીં.કેન્દ્ર સરકારના કાર્મિક મંત્રાલયે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આ ચુકાદાને અમલમાં મૂકવામાં આવતી વ્યવહારુ મુશ્કેલીઓ રજૂ કરી હતી. સરકારે જણાવ્યું કે આ નિર્ણયથી UPSC પરીક્ષા 2025 ની પ્રક્રિયા પર સીધી અસર પડી રહી છે.સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે, UPSC દ્વારા ભલામણ કરાયેલા 958 ઉમેદવારોની સેવા ફાળવણી (Service Allocation) ની પ્રક્રિયા જૂના નિયમો મુજબ અંતિમ તબક્કામાં હતી. જો આ નિર્ણયને પાછલી અસરથી (Retrospective Effect) લાગુ કરવામાં આવે તો મેરિટ લિસ્ટ, કેડર ફાળવણી (જેમ કે IAS, IPS) અને તાલીમ પ્રક્રિયા ખૂબ જ પ્રભાવિત થશે.કેન્દ્ર સરકારે વધુમાં ઉમેર્યું હતું કે આ ચુકાદાથી કેન્દ્ર ઉપરાંત 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલી સરકારી ભરતીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયા પર મોટી અસર પડશે.સુપ્રીમ કોર્ટે સરકારની તમામ રજૂઆતો અને ચિંતાઓને સાંભળ્યા બાદ પણ આદેશના અમલીકરણ પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. હવે આ ચર્ચાસ્પદ મામલે આગામી મહત્વની સુનાવણી 17 સપ્ટેમ્બર 2026 ના રોજ હાથ ધરવામાં આવશે.

### દેશભરમાં મેઘતાંડવ: ઉત્તરાખંડ અને આસામમાં 11ના મોત, UP-ઝારખંડમાં પૂરનું સંકટ, ભૂસ્ખલનથી માગાં ઠપ્પ

નવી દિલ્હી : દેશના અનેક રાજ્યોમાં સપ્ટેમ્બરની શરૂઆતમાં ભારે વરસાદ તૂટી પડ્યો. આસામમાં 4 અને ઉત્તરાખંડમાં 7 લોકોએ જીવ ગુમાવ્યા. ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં ગંગા એક્સપ્રેસવેમાં ગાબડું પડ્યું. ઝારખંડના 10 જિલ્લામાં ફ્લેશ ફ્લડની ચેતવણી અપાઈ, જ્યારે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં સ્કૂલો બંધ કરાઈ. સપ્ટેમ્બર મહિનાની શરૂઆત સાથે જ દેશના અનેક રાજ્યોમાં આકાશી આફતે હાહાકાર મચાવ્યો છે. ઉત્તરાખંડ, આસામ, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાં મૂશળધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂર, ભૂસ્ખલન અને મકાનો ધરાશાયી થવાની ઘટનાઓમાં ઉત્તરાખંડમાં 7 અને આસામમાં 4 લોકો સહિત અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

ઉત્તરાખંડના અલ્મોડા, બાગેશ્વર, ટિહરી, નૈનીતાલ અને પૌડી જેવા જિલ્લાઓમાં વરસાદે ભારે તારાજી સર્જી છે. અલ્મોડાના ઉદયુડા ગામમાં મકાન પર કાટમાળ પડતાં બે મહિલાઓ અને એક બાળકનું મોત થયું છે, જ્યારે અન્ય એક ઘટનામાં નેપાળના બે મજૂરોના કાટમાળ નીચે દટાઈ જવાથી મોત થયા છે. પૌડીના કોટદ્વારમાં કોલ્હૂ નદીના તેજ વહાવમાં તણાઈ જવાથી ૨૬ વર્ષીય મા અને તેની દોઢ વર્ષની પુત્રીનું કરૂણ મોત નીપજ્યું છે. રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે 3 નેશનલ હાઇવે સહિત 172 થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે. બાગેશ્વરમાં NH-109 બંધ થતાં એમ્બ્યુલન્સ સહિત સેંકડો વાહનો કલાકો સુધી અટવાયા હતા. સતત વરસાદને પગલે સોનપ્રયાગ ખાતે કેદારનાથ યાત્રા અટકાવી દેવામાં આવી છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી નૈનીતાલ, ચંપાવત, ઉધમ સિંહ નગર અને પિથોરાગઢમાં શાળાઓ અને આંગણવાડીઓ બંધ રાખવાના આદેશ અપાયા છે.આસામના ગુવાહાટીમાં ભૂસ્ખલનની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. મથઘરિયા વિસ્તારમાં ભૂસ્ખલન થતાં એક જ પરિવારના દંપતી અને તેમની 11 વર્ષની બાળકી સહિત ત્રણ લોકોના મોત થયા છે.

## 10 ફૂટ ઊંડો ભુવો પડતાં બાઇક સહિત યુવક ખાબક્યો, લખનઉ યુનિવર્સિટી સામે બની ઘટના



(એજન્સી) લખનઉ | તા.02

લખનઉમાં ભારે વરસાદ બાદ યુનિવર્સિટી રોડ પર 10થી 12 ફૂટ ઊંડો ભુવો પડ્યો હતો. એક યુવક બાઈક સાથે તેમાં ખાબક્યો હતો, જેને હોસ્પિટલ ખસેડાયો. બાઈકને ક્રેનથી બહાર કઢાયું. આ ઘટનાથી સરકારી તંત્ર અને રસ્તાની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોએ તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો છે.ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં યુનિવર્સિટી પાસે ભારે વરસાદ બાદ રસ્તામાં આશરે 10થી 12 ફૂટ ઊંડો ભુવો પડતાં બાઈક સહિત યુવક તેમાં ખાબક્યો હતો. ઘટના બાદ યુવકને બહાર કાઢીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે ભુવામાં પડેલા બાઈકને ક્રેનની મદદથી બહાર કાઢ્યું હતું. સમગ્ર મામલે રાજધાનીમાં સરકારી તંત્ર અને રસ્તાની હાલત પર ગંભીર સવાલો થઈ રહ્યા છે.લખનઉમાં ધોધમાર વરસાદના કારણે યુનિવર્સિટી પાસેનો માર્ગ ધસી પડતાં ઊંડો ભુવો પડ્યો હતો. આ દરમિયાન એક બાઈકનો ભુવામાં ગરકાવ થયો હતો. જેની જાણ થતાં પોલીસ સહિત તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી કરી હતી. જો કે, રસ્તા પર પાણી ભરાયેલું હોવાથી સ્થિતિ વધુ બગડી હતી.રાજધાની લખનઉમાં મસમોટા ભુવા પડવાની ઘટનાને લઈને સ્થાનિકો તંત્રની કામગીરી સામે અનેક સવાલો કરી રહ્યા છે. ઘટના બાદ સ્થાનિક તંત્ર દ્વારા ભુવાને ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# જગદીપ ધનખડને આજ સુધી સરકારી બંગલો નથી ફાળવાયો, ક્યાં રહે છે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ?

(એજન્સી) નવી દિલ્હી | તા.02

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને રાજીનામાંના એક વર્ષ પછી પણ સરકારી આવાસ મળ્યું નથી. દિલ્હીના છતરપુર સ્થિત INLD નેતા અભય સિંહ ચૌટાલાના ફાર્મહાઉસમાં તેઓ રહેવા મજબૂર છે. નિયમ મુજબ, નિવૃત્ત ઉપરાષ્ટ્રપતિને જીવનભર સરકારી બંગલો મળે છે. ધનખડે 21 જુલાઈ, 2025ના રોજ અચાનક રાજીનામું આપ્યું હતું. આવાસ મંત્રાલયને તેમની તરફથી કોઈ અરજી મળી નથી. ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના અચાનક આપેલા રાજીનામાંએ ભારે ચર્ચા જગાડી હતી. પદ પરથી હટ્યા બાદ તેમણે પોતાનો સરકારી બંગલો પણ ખાલી કરવો પડ્યો હતો. આજે



તેમના રાજીનામાંને એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, સરકાર તરફથી તેમને હજુ સુધી કોઈ સરકારી આવાસ ફાળવવામાં આવ્યું નથી. જેના કારણે તેઓ હાલમાં એક પ્રાઈવેટ ફાર્મહાઉસમાં રહેવા માટે મજબૂર બન્યા છે. ઉલ્લેખનીય છે કે દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિને જીવનભર સરકારી આવાસ આપવાનો નિયમ છે.મળતી માહિતી મુજબ, જગદીપ ધનખડ હાલમાં દિલ્હીના છતરપુર સ્થિત ઈન્ડિયન નેશનલ લોકદળ (INLD)ના નેતા અભય સિંહ ચૌટાલાના ખાનગી ફાર્મહાઉસમાં રહે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જગદીપ ધનખડને હજુ સુધી કોઈ સરકારી બંગલો આપવામાં આવ્યો નથી અને આ મુદ્દે તેમની ઓફિસ કે કાર્યાલય તરફથી પણ કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. જગદીપ ધનખડે 21 જુલાઈ, 2025ની મોડી સાંજે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. દિલ્હી હાઈકોર્ટના તત્કાલીન જજ જસ્ટિસ યશવંત વર્મા સામે તપાસ સમિતિ ગઠિત કરવા માટે વિપક્ષે આપેલી નોટિસને રાજ્યસભાના સભાપતિ તરીકે તેમણે સ્વીકારી લીધી હતી. આ નિર્ણય લેતા પહેલાં તેમણે સરકાર સાથે કોઈ ચર્ચા-વિચારણા કરી નહોતી.

## વર્ગખંડમાં બિરયાની અંગેના વિવાદમાં તડકામાં 4 કલાક ઉભા રહેવાની સજા, વિદ્યાર્થિનીએ શાળાના ત્રીજા માળેથી કૂદીને જીવન ટૂંકાવ્યુ

(એજન્સી) ફરીદાબાદ | તા.02

જાન્વીના પિતા પ્રમોદ કુમારે શાળાના શિક્ષક પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો દાવો છે કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ વચ્ચે બિરયાની ખાવા અંગે વિવાદ થયો હતો. આ વિવાદમાં તેમની પુત્રીનો કોઈ વાંક ન હોવા છતાં, તેને સજા આપવામાં આવી હતી. પિતાના જણાવ્યા મુજબ, શાળાની કેટલીક વિદ્યાર્થીનીઓએ તેમને આ અંગે જાણ કરી હતી. પ્રમોદ કુમારનો આરોપ છે કે શિક્ષકે જાન્વીને 4 કલાક સુધી તડકામાં ઉભી રાખી હતી. મૃતકના પિતાએ કહ્યુ હતુ કે, તેમની પુત્રી આ ઘટનાથી દુઃખી હતી. માનસિક તકલીફને કારણે જાન્વી ત્રીજા માળેથી કૂદી હતી. શાળાના આચાર્ય આર.કે. શર્માએ સજાના આરોપોને નકાર્યા છે. તેઓએ કહ્યુ હતુ કે, જાન્વીને કોઈ સજા કરાઇ નથી. પરિવાર દ્વારા આક્ષેપ કરાયેલી રીતે તેની સાથે વર્તન થયુ નથી. આચાર્યના જણાવ્યા મુજબ, જાન્વી બાથરૂમ જવાનું કહીને વર્ગખંડ છોડીને નીકળી હતી. ત્યારબાદ, તે શાળાના ત્રીજા માળે પહોંચી અને ત્યાંથી કૂદી હતી. શાળા મેનેજમેન્ટના જણાવ્યા મુજબ, ઘટના પાછળનું વાસ્તવિક કારણ હજુ સ્પષ્ટ થયું નથી.ઘટનાની જાણ થતાં જ ડબુઆ પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે શાળા પરિસરનું નિરીક્ષણ કર્યું છે અને ઘટના સંબંધિત માહિતી એકઠી કરવાનું શરૂ કરી દીધું છે. પોલીસ શાળા મેનેજમેન્ટ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મૃતકના પરિવાર પાસેથી માહિતી એકઠી કરી રહી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે વિદ્યાર્થી ત્રીજા માળે કેવી રીતે પહોંચી અને ઘટના પહેલા તેની સાથે શું થયું. વિદ્યાર્થીને કથિત રીતે સજા આપવામાં આવી હોવાના આરોપોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## મુસલમાનોના વિરોધી....સાવરકરના પ્રપૌત્ર રાહુલગાંધીના નિવેદનથી લાલઘૂમ, જાણો કોર્ટમાં શું કહ્યું ?

(એજન્સી) નવી દિલ્હી | તા.02

વિનાયક દામોદર સાવરકરના પ્રપૌત્ર સત્યકી સાવરકરે મંગળવારે પુણેની સાંસદો અને ધારાસ્યો માટેની વિશેષ અદાલતમાં રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિ કેસમાં જુબાની આપી.પુણેની એક ખાસ કોર્ટમાં કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસની સુનાવણી દરમિયાન એક મહત્વપૂર્ણ મુદ્દો સામે આવ્યો.સત્યકી સાવરકરે રાહુલ ગાંધી સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. તેમનો આરોપ છે કે રાહુલ ગાંધીએ લંડનમાં આપેલા ભાષણ દ્વારા સાવરકરને બદનામ કર્યા હતા. હાલમાં, રાહુલ ગાંધીના વકીલ, મિલિંદ પવાર, આ મામલે સાત્યકી સાવરકરની ઉલટતપાસ કરી રહ્યા છે. આ કેસની સુનાવણી સ્પેશિયલ જજ અમોલ શિંદેની કોર્ટમાં ચાલી રહી છે.મંગળવારે સુનાવણી દરમિયાન, રાહુલ ગાંધીના વકીલે સત્યકિ સાવરકરને પૂછ્યું કે રાહુલ ગાંધીના ભાષણનો કયો ભાગ તેમને બદનક્ષીભર્યો લાગ્યો. જવાબમાં, સત્યકિએ કોર્ટનું ધ્યાન ભાષણના તે ભાગ તરફ દોર્યું જ્યાં રાહુલ ગાંધીએ કથિત રીતે સાવરકર દ્વારા લખાયેલા પુસ્તકમાંથી એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. સાત્યકિના મતે, તે ફકરો એક ઘટનાનું વર્ણન કરે છે જેમાં સાવરકર અને તેમના કેટલાક સાથીઓએ કથિત રીતે એક મુસ્લિમ વ્યક્તિ પર હુમલો કર્યો હતો; ઘટના પછી, એવું કહેવામાં આવ્યું હતું કે સાવરકરને સંતોષની લાગણી થઈ હતી. સ્વાતંત્ર્ય સેનાની અને હિન્દુત્વ વિચારક વિનાયક દામોદર સાવરકરના પૌત્ર સત્યકી સાવરકરે ઉલટતપાસ દરમિયાન જણાવ્યું હતું કે તેમના દાદાએ ક્યારેય મુસ્લિમો પ્રત્યે દ્વેષ રાખ્યો ન હતો.

### દિલ્હી સામૂહિક દુષ્કર્મ કેસમાં નવા ખુલાસા

## CCTV બંધ, કિશોરીના શરીર પર ફિંગરપ્રિન્ટના નિશાન...

(એજન્સી) નવી દિલ્હી | તા.02

દિલ્હીના કશ્મીરી ગેટ બસ દુષ્કર્મ કેસમાં મહત્ત્વના ફોરેન્સિક પુરાવા મળ્યા છે. 4 ઓગસ્ટે નોઈડાના પરી ચોક પાસેથી લિફ્ટ લીધા બાદ કિશોરી સાથે આ કૃત્ય થયું હતું. બસના CCTV કેમેરા બંધ હતા, જેનો આરોપીઓએ લાભ ઉઠાવ્યો. જોકે, ફોરેન્સિક તપાસમાં બસમાંથી પીડિતા અને બંને આરોપીઓની ફિંગરપ્રિન્ટ્સ મળી આવી છે, જે તેમની હાજરીની પુષ્ટિ કરે છે. પોલીસ ટૂંક સમયમાં ચાર્જશીટ દાખલ કરશે. દિલ્હીના ચર્ચિત કશ્મીરી ગેટ બસ સામૂહિક દુષ્કર્મ કેસમાં પોલીસને મહત્ત્વના ફોરેન્સિક પુરાવા હાથ લાગ્યા છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ઘટના સમયે બસમાં લગાવવામાં આવેલો CCTV કેમેરા બંધ હાલતમાં હતો અને આરોપીઓએ આ જ બાબતનો ફાયદો ઉઠાવીને ગુનાને અંજામ આપ્યો હતો. જોકે, ફોરેન્સિક ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં બસમાંથી પીડિતા અને બંને આરોપીઓના ફિંગરપ્રિન્ટ્સ મળી આવ્યા છે, જેનાથી ઘટના સમયે તેમની બસમાં હાજરી હોવાની પુષ્ટિ થઈ ગઈ છે. પોલીસ આ મામલે ટૂંક સમયમાં જ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવાની તૈયારી કરી રહી છે.આ સમગ્ર મામલો 4 ઓગસ્ટનો છે, જ્યારે એક કિશોરી નોઈડાના પરી ચોક વિસ્તારથી આ બસમાં લિફ્ટ લઈને બેઠી હતી. તે બાદ તેની સાથે બસમાં સામૂહિક દુષ્કર્મની શરમજનક ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ ઘટના સામે આવ્યા બાદ પોલીસે તપાસમાં ઝડપ લાવીને

### MNS અને શિવસેના | મહારાષ્ટ્રમાં 50 વર્ષ જૂનો નિયમ ફગાવી દીધો, વહીવટમાં મરાઠી અને અંગ્રેજીનો ઉપયોગ

# 'હિન્દી' માટે ઉહાપોહ કરતા ભાજપનો દંભ

(એજન્સી) મહારાષ્ટ્ર | તા.02

મહારાષ્ટ્ર સરકારે અધિકારીઓ-કર્મચારીઓ માટેની હિન્દી ભાષાની પરીક્ષા રદ કરી છે. 50 વર્ષ જૂનો નિયમ સમાપ્ત થતા હવે પગાર વધારા કે પ્રમોશન માટે હિન્દી પરીક્ષા પાસ કરવી ફરજિયાત નથી. આ નિર્ણય MNS અને શિવસેના (UBT) જેવા પક્ષોના ઉગ્ર વિરોધ બાદ લેવાયો છે. સરકારે સ્પષ્ટતા કરી કે રાજ્યમાં વહીવટી કામકાજ મરાઠીમાં, જ્યારે અન્ય રાજ્યો સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર થાય છે.મહારાષ્ટ્રમાં ઓટો અને ટેક્સી ડ્રાઇવરો માટે મરાઠી ભાષા ફરજિયાત કરવાના વિવાદ વચ્ચે રાજ્ય સરકારે હિન્દી ભાષાને લઈને એક મોટો નિર્ણય લીધો છે. સરકારે પોતાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે યોજાતી હિન્દી ભાષાની પરીક્ષા રદ કરી દીધી છે. આ સાથે જ 50 વર્ષ જૂનો એ નિયમ પણ બંધ થઈ



ગયો છે, જેમાં અમુક સરકારી કર્મચારીઓ માટે હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી હતી. નોંધનીય છે કે, ગયા અઠવાડિયે જ ફડણવીસ સરકારે ડ્રાઇવરોને મરાઠી ભાષા શીખવા માટે એક વર્ષનો સમય આપીને વિવાદ શાંત પાડ્યો હતો. મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણય બાદ હવે અધિકારીઓ અને કર્મચારીઓને નોકરીમાં પગાર વધારો કે પ્રમોશન મેળવવા માટે હિન્દી ભાષાની પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહીં. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે સરકારે આ નિર્ણય કેમ લેવો પડ્યો? આ સમગ્ર મામલો જૂન 2026માં સામે આવ્યો હતો, જ્યારે ભાષા સંચાલનાલય દ્વારા સરકારી કર્મચારીઓ માટે 28 જૂનના રોજ હિન્દી ભાષાની પરીક્ષા યોજવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત થતાં જ મહારાષ્ટ્રના વિવિધ રાજકીય પક્ષો અને મરાઠી ભાષા સાથે જોડાયેલા સંગઠનોએ તેનો ભારે વિરોધ શરૂ કર્યો હતો. રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)એ આ હિન્દી પરીક્ષાનો સૌથી વધુ વિરોધ કર્યો હતો. MNS નેતા સંદીપ દેશપાંડેએ આને કેન્દ્ર સરકારના ઈશારે હિન્દી લાદવાનો પ્રયાસ ગણાવ્યો હતો અને ચેતવણી આપી હતી કે જો 28 જૂને પરીક્ષા યોજાશે તો તેમના કાર્યકરો પરીક્ષા કેન્દ્રો પર વિરોધ પ્રદર્શન કરશે. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)એ પણ સરકારને ઘેરીને સવાલ ઉઠાવ્યો હતો કે, જ્યારે મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળ્યો છે, તો પછી મહારાષ્ટ્રના કર્મચારીઓ પર હિન્દી પરીક્ષા પાસ કરવાનું દબાણ કેમ કરવામાં આવી રહ્યું છે? શિવસેના (UBT)એ એવો પણ તર્ક આપ્યો હતો કે શું ગુજરાત કે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં સરકારી કર્મચારીઓ માટે હિન્દી પરીક્ષા ફરજિયાત છે?રાજકીય ઘમાસાણ બાદ સરકારે વર્ષ 1976થી ચાલી આવતી હિન્દી પરીક્ષાની વ્યવસ્થાને પાંચ દાયકા પછી સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. સરકારે આ નિર્ણય 7 મે, 2026થી લાગુ કર્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે મહારાષ્ટ્રની અંદર તમામ વહીવટી કામકાજ મરાઠી ભાષામાં થાય છે, જ્યારે અન્ય રાજ્યો સાથેનો અધિકૃત પત્રવ્યવહાર અંગ્રેજીમાં કરવામાં આવે છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પાર્સલ લીઝિંગ કરારો માટે ઈ-ઓક્શન અંગેની સૂચના**

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકની કચેરી, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ – 382345, પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ; **ઈ-મેઈલ: srdcm@adi.railnet.gov.in પત્ર ક્રમાંક: WR-ADIOCOMM(9LPP)/3/2022 તારીખ: 01.09.2026;** અમદાવાદ મંડળમાંથી શરૂ થતી મુસાફરોને લઈ જતી ટ્રેનોમાં પાર્સલ જગ્યા લીઝ પર આપવા માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યું છે. કેટલોગ પહેલેથી જ IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે: **કરારનો પ્રકાર: પાર્સલ**

| કેટલોગ નંબર | શ્રેણી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| Lease-ADI-15-26 | Parcel – SLR | તમામ લોટ માટે ઈ-ઓક્શન 16.09.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |
| Lease-ADI-16-26 | Parcel – SLR અને Parcel – Van | તમામ લોટ માટે ઈ-ઓક્શન 17.09.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |

**નોંધ: સંભવિત બોલીદાતાઓને વિનંતી છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઉપલબ્ધ ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાર વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક ફૂલિંગ-ઓફ સમયગાળો 30 મિનિટ છે. અનુગામી લોટના ક્લોઝિંગ વચ્ચેનો સમયગાળો 10 મિનિટ છે. લોટ-વાર ક્લોઝિંગ સમય IREPSના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઇ શકાય છે.**

ADI – 155

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# લાંબા વિરામ બાદ અમરેલીના રાજુલામાં વરસાદી ઝાપટું...

# આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી, સૌરાષ્ટ્ર-કચ્છમાં 35 ટકા વરસાદની ઘટ

અમદાવાદ | ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. આજે 2 સપ્ટેમ્બર અને આવતીકાલે 3 સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં થોડા સ્થળોએ વરસાદ પડી શકે છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી છે.અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે હળવો વરસાદ પડી શકે છે. 1 સપ્ટેમ્બરે અમદાવાદનું મહત્તમ તાપમાન 35 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.3 ડિગ્રી નોંધાયું છે.

તો આ તરફ લાંબા વિરામ બાદ આજે 2 સપ્ટેમ્બરે અમરેલીના રાજુલામાં વરસાદી માહોલ છે. રાજુલા શહેરમાં સવારના સમયે વરસાદી ઝાપટું પડ્યું હતું. જેના કારણે રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. લાંબા વિરામ બાદ વરસાદથી ખેડૂતોને થોડી રાહત થઈ છે.

4 અને 5 સપ્ટેમ્બરે ઉત્તર તથા દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં થોડા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. 6થી 8 સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતના ઉત્તર, દક્ષિણ અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા યથાવત રહેશે. આગામી સાત દિવસ માટે હવામાન વિભાગે ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ-દીવ માટે કોઈ ખાસ વેધર વોર્નિંગ જાહેર કરી નથી. 8થી 10 સપ્ટેમ્બર દરમિયાન પણ હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ બંગાળ અને આસપાસના વિસ્તારોમાં વેલ-માર્ક્ડ લો-પ્રેશર એરિયા સક્રિય છે, જે આગામી 48 કલાકમાં પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતથી આ સિસ્ટમ સુધી ટ્રફ પણ વિસ્તરેલો છે.

1 જૂનથી 1 સપ્ટેમ્બર 2026 સુધીના રાજ્યના ચોમાસાના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ રિપોર્ટ અનુસાર, ગુજરાત રાજ્યમાં આ સમયગાળા દરમિયાન સરેરાશ 600.9 મિલીમીટર સામે 514.1 મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 14 ટકા ઓછો છે. જ્યારે દમણ અને દાદરા નગર હવેલી તથા દીવમાં સામાન્ય કરતાં 45 ટકા વધુ (2746 મિલીમીટર) વરસાદ થયો છે.

ગુજરાત રીજનમાં સરેરાશ 794.2 મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે સામાન્ય (787.8 મિલીમીટર)ની આસપાસ એટલે કે 1 ટકા વધુ છે. આ ઝોનમાં દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદ રહ્યો છે, જેમાં વલસાડમાં 53 ટકા (2714 મિલીમીટર), નવસારીમાં 43 ટકા (2233.6 મિલીમીટર), અને સુરતમાં 35 ટકા (1478.8 મિલીમીટર) વધુ વરસાદ નોંધાયો છે. બીજી તરફ, અરવલ્લી (-45%), દાહોદ (-45%), સાબરકાંઠા (-43%), અને વડોદરા (-30%) જેવા જિલ્લાઓમાં સામાન્ય કરતાં નોંધપાત્ર ઘટ જોવા મળી છે. અમદાવાદમાં સરેરાશ કરતાં 4 ટકા ઓછો (541.4 મિલીમીટર) જ્યારે ગાંધીનગરમાં 25 ટકા ઓછો (484.1 મિલીમીટર) વરસાદ થયો છે.



### દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ 88 ટકા વરસાદની ઘટ

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની સ્થિતિ ચિંતાજનક રહી છે, જ્યાં સરેરાશ 451.7 મિલીમીટર સામે માત્ર 292.4 મિલીમીટર વરસાદ જ થયો છે, જે સામાન્ય કરતાં 35 ટકાની મોટી ઘટ દર્શાવે છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકામાં સામાન્ય કરતાં સૌથી વધુ 88 ટકાની ઘટ (માત્ર 58.1 મિલીમીટર) જોવા મળી છે. આ ઉપરાંત પોરબંદરમાં 72 ટકા, જામનગર અને કચ્છમાં 60 ટકા, તેમજ ગીર સોમનાથમાં 38 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આ ઝોનમાં માત્ર સુરેન્દ્રનગરમાં 11 ટકા અને અમરેલીમાં 7 ટકા વધુ વરસાદ થયો છે, જ્યારે અન્ય જિલ્લાઓમાં ઓછો કે સામાન્ય આસપાસ વરસાદ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ બંગાળ અને આસપાસના વિસ્તારોમાં વેલ-માર્ક્ડ લો-પ્રેશર એરિયા સક્રિય છે, જે આગામી 48 કલાકમાં પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતથી આ સિસ્ટમ સુધી ટ્રફ પણ વિસ્તરેલો છે. 1 જૂનથી 1 સપ્ટેમ્બર 2026 સુધીના રાજ્યના ચોમાસાના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ રિપોર્ટ અનુસાર, ગુજરાત રાજ્યમાં આ સમયગાળા દરમિયાન સરેરાશ 600.9 મિલીમીટર સામે 514.1 મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 14 ટકા ઓછો છે. જ્યારે દમણ અને દાદરા નગર હવેલી તથા દીવમાં સામાન્ય કરતાં 45 ટકા વધુ (2746 મિલીમીટર) વરસાદ થયો છે.

# અમદાવાદમાં SBI સાથે 4.95 કરોડની બેંક લોન છેતરપિંડી...

### જંતુનાશક દવા બનાવવાના નામે લોન લઈને પરત ન કરી, બે કંપની માલિકો સામે CID ક્રાઈમમાં ફરિયાદ

અમદાવાદ | અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાના ગત્રાડ ગામ ખાતે સાહિત્ય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી બે કંપનીઓના માલિકોએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)ની લઘુ ઉદ્યોગ શાખામાંથી જંતુનાશક દવાઓ બનાવવાના નામે કરોડો રૂપિયાની લોન મેળવ્યા બાદ હપ્તા ન ભરી કુલ 4.95 કરોડની છેતરપિંડી આચરી છે. SBIના અધિકારી પુરુષોત્તમ શર્માની અરજીના આધારે CID ક્રાઈમ બ્રાન્ચે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**પ્રથમ બનાવ**

'Hyta Crop Care Industries'ના માલિક ત્રિભુવનદાસ શ્રીમાળીએ વર્ષ 2020માં જંતુનાશક દવાઓ બનાવવા માટે 1.25 કરોડની ટર્મ લોન અને 65 લાખની કેશ ક્રેડિટ મેળવી હતી. વર્ષ 2022થી તેમણે હપ્તા ભરવાના બંધ કરી દીધા હતા.

**2.14 કરોડની રકમ ન ભરતાં ફરિયાદ નોંધાઈ**

બેંકે સ્થળ તપાસ કરતાં યુનિટ બંધ મળ્યું હતું અને મશીનરી ચોરી થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, જે તપાસ દરમિયાન ખોટો સાબિત થયો હતો. બેંકે મોર્ગેજ મિલકતની હરાજી કરી હોવા છતાં, વ્યાજ અને અન્ય લિમિટ મળીને કુલ 2.14 કરોડની રકમ ન ભરતાં તેમની સામે ફરિયાદ નોંધાવાઈ છે.

**બીજો બનાવ**

**પંકજ પ્રજાપતિએ બેંક સાથે 2.81 કરોડની છેતરપિંડી કરી**

તે જ એસ્ટેટમાં આવેલી 'Hyta Bio Science Industry'ના માલિક પંકજ પ્રજાપતિએ પણ વર્ષ 2020માં જંતુનાશક દવાઓના ઉત્પાદન અર્થે 80 લાખની કેશ ક્રેડિટ અને 1.95 કરોડની ટર્મ લોન લીધી હતી. તેમણે પણ વર્ષ 2022થી ધંધાકીય યુનિટ બંધ કરી હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. આ કંપની પાસે વ્યાજ અને અન્ય લિમિટ મળી કુલ 2.81 કરોડ લેણાં નીકળતા હોવાથી બેંક દ્વારા પંકજ પ્રજાપતિ વિરુદ્ધ પણ CID ક્રાઈમમાં અલગથી ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આમ, બેંક સાથે વિશ્વાસઘાત કરી કરોડો રૂપિયાની લોન મેળવ્યા બાદ ફંડ ડાયવર્ટ કરનારા બંને ઉદ્યોગકારો સામે સીઆઈડી ક્રાઈમે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### ખોટા દસ્તાવેજ, પઝેશન લેટર, AMCનો લેટર બતાવી વિશ્વાસ કેળવી વાસણાની યુવતી પાસેથી રુપિયા પડાવ્યા

# પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન આપવાનું કહી 7.18 લાખની ઠગાઈ...

અમદાવાદ | અમદાવાદના વાસણામાં રહેતી યુવતી અને તેના પરિચિત વ્યક્તિઓ પાસેથી ગઠિયાએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહીને લાખોની ઠગાઈ કરી છે. ગઠિયાએ ખોટા દસ્તાવેજ, પઝેશન લેટર અને AMCના ખોટા લેટર બતાવી લોકોને વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ અલગ અલગ બહાના હેઠળ કુલ 7.18 લાખ પડાવ્યા હતા. જે મામલે વાસણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




વાસણામાં રહેતી 30 વર્ષીય રેખા ડાભીએ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના એક સંબંધીએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવવા નોંધણી કરાવી છે. તમારે કરાવવી હોય તો જણાવજો કહેતા રેખાએ મકાન લેવાનું કહેતા સબંધી મારફતે મહેબૂબ શેખ ઉર્ફે બાબુ સાથે સંપર્ક થયો હતો.

બાબુએ ઝડપથી મકાન અપાવવાનું કહીને એડવાન્સમાં 1.50 લાખ પડાવ્યા હતા. બાદમાં અલગ અલગ બહાના હેઠળ બીજા 50 હજાર પડાવ્યા હતા. બાબુએ રેખા, રેખાની બહેન અને અન્ય પરિચિત પાસેથી મકાન અપાવવાના બહાને 7.18 લાખ રૂપિયા લીધા હતા.

બાબુએ વિશ્વાસ અપાવવા ખોટો દસ્તાવેજ, પઝેશન લેટર,અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના નામવાળા ખોટા લેટરપેડ અને બેંકની પહોંચ બતાવી વિશ્વાસ અપાવ્યો હતો. જોકે લાંબા સમય સુધી પૈસા લીધા બાદ મકાન ન આપતા રેખાને છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી જે અંગે રેખાએ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભુવાનું નાટક કરી MRએ મહિલાના દાગીના હડપ કરી લીધા

અમદાવાદ | અમદાવાદના પાલડીમાં રહેતી ખ્યાતિ શાહે વાસણા પોલીસ સ્ટેશનમાં હર્ષ ઓઝા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. હર્ષે દવાની કંપનીમાં એમઆર તરીકે નોકરી કરતો હોવાનું કહી ખ્યાતિ અને તેના પતિ સાથે નજીકના સંબંધો બનાવ્યા હતા. બાદમાં પોતે ગોગા મહારાજનો ભુવો હોવાનું કહી ઘરમાં બીમારીનું કારણ વાસ્તુદોષ હોવાનું જણાવી વિધિના નામે સોનાના દાગીના પડાવી લીધાનો આક્ષેપ છે. એટલું જ નહીં, ખ્યાતિના પતિ પાસેથી ધંધા માટે લીધેલી દવાઓના લાખો રૂપિયા પણ ચૂકવ્યા નથી. ખ્યાતિની વાસણામાં શ્રી પાર્શ્વ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર નામની દુકાન હતી, જે હાલ બંધ છે. 2023માં હર્ષ ઓઝા તેની દુકાને આવ્યો હતો અને પોતે દવાની કંપનીમાં એમઆર તરીકે કામ કરતો હોવાનું જણાવ્યું હતું. હર્ષ અવારનવાર ખ્યાતિને દવાઓ આપતો હોવાથી બંને વચ્ચે ઓળખાણ વધી હતી. ખ્યાતિના પતિ પણ દવાનો હોલસેલ વેપાર કરતા હોવાથી હર્ષે મહેસાણા અને પાટણના મેડિકલ સ્ટોરમાં દવાઓ પહોંચાડવાની વાત કરી હતી.

# માણેકચોક ખાણીપીણીની આસપાસ રોડ ઉપરથી રાત્રિના દબાણો દૂર:લારીઓ અને સ્ટેન્ડો હટાવાયા

અમદાવાદ | અમદાવાદની ઓળખ અને જાણીતા ખાણીપીણી બજાર માણેકચોક વિસ્તારમાં AMCએ રાત્રિના સમયે થતાં દબાણોને દૂર કરવાની કાર્યવાહી કરી હતી. મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગે માણેકચોક તરફ જવાના રોડ ઉપર રાત્રિના સમયે નાની મોટી લારીઓ અને સ્ટેન્ડો લઈને ઊભા રહી કરવામાં આવતા દબાણો દૂર કર્યા હતા. માણેકચોકના સાંકડા રોડ પર ઉભા રહેનારા આવા લોકો વિરુદ્ધ એસ્ટેટ વિભાગ દ્વારા દબાણો દૂર કરીને રોડ પર ટ્રાફિક અવરજવર રહે તે પ્રકારે કાર્યવાહી કરાશે.



શહેરના કોટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ વધી ગઈ છે. સાંકડા અને નાના રોડ ઉપર લોકો દબાણ કરતા હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે. માણેકચોક વિસ્તારમાં ખાણીપીણી બજાર તરફ જવાના રોડ ઉપર કેટલાક લોકો દ્વારા નાના સ્ટોલ લગાવી અને દબાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી હતી. મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગની બે ટીમે રાત્રે પાનકોર નાકાથી શરૂઆત કરી અને માણેકચોક તરફ જવાના રોડ ઉપરથી કટલેરી સામાન અને અન્ય લારીઓ રોડ ઉપર ઉભી રહેતી હતી, તેને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

જોકે સ્થાનિક સૂત્રો મુજબ રાત્રિના સમયે દબાણ દૂર કરવાની કાર્યવાહી ખૂબ સારી છે, પરંતુ દિવસ દરમિયાન પણ પાનકોરનાકાથી માણેકચોક તરફ જવાના રોડ ઉપર કેટલાક લારીઓ વાળા અને બહારના ભાગે વધારાની જગ્યા પર સામાન મૂકીને લોકો વેચાણ કરતા હોય છે. ત્યારે ખૂબ જ ટ્રાફિકની સમસ્યા થતી હોવાથી દિવસ દરમિયાન પણ જો આ દબાણની ગાડીઓ દ્વારા રસ્તો ખુલ્લો કરાવવામાં આવે તો માણેકચોકમાં લોકો સરળતાથી અવર-જવર કરી શકે છે. રાત્રિ કરતાં દિવસ દરમિયાન વધારે ટ્રાફિક થાય છે ત્યારે દિવસે પણ એસ્ટેટ વિભાગની ગાડીઓ દ્વારા જો દબાણ દૂર કરાય તો ટ્રાફિકમાં વેપારીઓ અને ગ્રાહકોને અવરજવરમાં વધુ સરળતા રહી શકે છે.

# મની એક્સચેન્જ કંપની સાથે 40 લાખની ફોરેન કરન્સીની ઠગાઈ : કોર્પોરેટ કંપનીના કર્મચારીઓના બનાવટી KYC અને ખોટા ઇન્વૉઇસ રજૂ કરી વડોદરાના સેલ્સ મેનેજરે લાખોની ઉચાપત કરી

અમદાવાદ | નવરંગપુરામાં મની એક્સચેન્જની કંપનીના સેલ્સ મેનેજરે ગેરરીતિ આચરી કંપનીને 40 લાખનો ચૂનો લગાવ્યો હતો. આરોપીએ કોર્પોરેટ કંપનીઓમાં નોકરી ન કરતા હોય તેવા બોગસ કર્મચારીઓના નામ અને બનાવટી KYC દસ્તાવેજો રજૂ કરી તેમને વિદેશ જવાનું હોવાનું જણાવી 40 લાખની વિદેશી કરન્સી મેળવી લીધી હતી. કંપનીને જાણ થતા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બોપલમાં રહેતા પરાગ ભટ્ટે ફરિયાદ નોંધાવી છે કે તેઓ નવરંગપુરાની એબિક્ષકેસ વર્લ્ડ લિમિટેડ કંપનીમાં ક્લસ્ટર હેડ તરીકે કામ કરે છે. તેમની કંપની મની એક્સચેન્જનું કામ કરે છે. આ



કંપનીમાં વડોદરામાં રહેતા દેવેન્દ્રસિંહ ગોહિલ જૂન 2025માં સેલ્સ મેનેજર તરીકે જોડાયા હતા. દેવેન્દ્રસિંહની મુખ્ય કામગીરી નવી કોર્પોરેટ કંપનીઓને જોડીને બિઝનેસ વધારવાની હતી. તેમણે કંપનીના સિસ્ટમમાં અલાઈટ પ્રોજેક્ટ્સ, ચિકચેમ મેડિકલ, વાઈકિંગ ઈન્ડસ્ટ્રીઝ અને ફાર્મસન ડ્રગ્સ સહિતની 8 કોર્પોરેટ કંપનીઓ એડ કરાવીને તેમના કોડ જનરેટ કરાવ્યા હતા. ઓક્ટોબર 2025થી ફેબ્રુઆરી 2026ના સમયગાળા દરમિયાન દેવેન્દ્રસિંહે આ કંપનીઓના કર્મચારીઓને વિદેશ પ્રવાસ અર્થે ડોલરની જરૂર હોવાનું જણાવી આશુતોષ પાંડે, નરેશ વાધવાની, અમર બોંડે અને અંકુર શાહ જેવા વ્યક્તિઓના પાસપોર્ટ તથા KYC ઈમેઈલ મારફતે મોકલ્યા હતા. આ બનાવટી દસ્તાવેજોના આધારે તેમણે 9,79,190, 6,68,670, 12,02,290 અને 11,58,791ના કુલ 16 ઈન્વોઈસ પ્રોસેસ કરાવી 40 લાખની ફોરેન કરન્સી મેળવી લીધી હતી.

ઈસ્યુ કરાયેલી વિદેશી કરન્સીનું પેમેન્ટ લાંબા સમય સુધી કંપનીના ખાતામાં જમા ન થતા કંપનીના અધિકારીઓ જોબી આઈઝેક, વિસાલકુમાર, પ્રહલાદ પરમાર અને સુરેશ રાવલે રૂબરૂ જઈને સંબંધિત કોર્પોરેટ કંપનીઓના ડિરેક્ટર્સ અને એકાઉન્ટ હેડનો સંપર્ક કર્યો હતો. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે, આ કોર્પોરેટ કંપનીના કર્મચારી વિદેશ ગયા નથી અને કોઈ ઈન્વોઈસ કે કરન્સી કંપની દ્વારા મંગાવવામાં આવી નથી. મની એક્સચેન્જ કંપનીને દેવેન્દ્રસિંહને પૂછતા કોઈ જવાબ મળ્યો ન હતો. દેવેન્દ્રસિંહે કંપની સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી કુલ 40,08,941 રૂપિયાની વિદેશી કરન્સી મેળવી લઈ અંગત ફાયદા માટે વાપરી નાખવા બદલ નવરંગપુરા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત યુનિવર્સિટી ઈન્ફોર્મેશન સેન્ટરના અધ્યક્ષના ઘરમાંથી ચોરી 83 હજારના સોનાના દાગીના લઈને રફૂચક્કર

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી ઈન્ફોર્મેશન સેન્ટરમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવતા અને શાહીબાગના શ્રી સુદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા ડો. રાકેશ પરમારના ઘરમાંથી ચોરી થઈ હોવા અંગેની ફરિયાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ત્રણ દિવસ પહેલા દંપતી નોકરી પર હાજર હતું અને તેમના બાળકો કોલેજ ગયા હતા. દરમિયાનમાં બપોરે રાકેશ પરમારના પત્નીએ તેમને જણાવ્યું હતું કે ફોન કરીને જણાવ્યું હતું કે, ઘરના દરવાજો ખુલ્લો છે અને અંદર કોઈ હોવાની આશંકા છે. જેથી સીસીટીવી કેમેરા ચેક કરાવતા ઘરમાં ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. પરિવાર ઘરે પહોંચ્યો ત્યારે ઘરનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. તપાસ કરતાં



ઘરમાંથી અંદાજે 83 હજાર રૂપિયાની કિંમતના સોનાના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. ચોરીની જાણ થતાં અડોશ-પડોશમાં પણ તપાસ કરવામાં આવી હતી. સામેના ફ્લેટમાં આવેલા સુરભી એપાર્ટમેન્ટમાંથી પણ ચોરી થઈ હોવા અંગેની જાણ થઈ હતી. ત્યારબાદ રાકેશ પરમારે શાહીબાગ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે ઘરમાં પ્રવેશેલા શખ્સોની ઓળખ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.